THE HIGHEST HONOUR

સર્વોત્તમ માન

કિમ્મત ૨ આના

THE HIGHEST HONOUR

A TALE OF THE PLAGUE IN INDIA

BY

MISS LOUISE MARSTON.

(Gujarati Translation).

સર્વોત્તમ માન

હિંદુસ્તાનમાં મરકી વિષેની વાર્તા

(અંગ્રેજી પરથી ભાષાંતર)

પહેલી આવૃત્તિ ૨૦૦૦ પ્રત.

સુરત

ગુજરાતની પુસ્તકપ્રસારક મંડળીને સારૂ
આઇરિશ મિશન છાપખાનામાં રેવ. એચ. આર.
સ્કોટે છાપી તથા પ્રગટ કરી

૧૯૧૩.

કિમ્મત ૨ આના.

n 1/

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું.

બે ભાઇઓ

હિંદુસ્તાનના એક વિશાળ મેદાન ઉપર સૂર્યે પોતાનો તેજસ્વી પ્રકાશ અને બાળી નાખે એવાં કિરણ આખો દિવસ વરસાવ્યા પછી કેટલાક કલાકથી તે અસ્ત થયો હતો અને તેની જગ્યાએ ચંદ્ર ઉદય પામ્યો હતો, અને તેનો કુમળો પ્રકાશ વધારે શાંતિ અને સુખ આપતો હતો. ચોગરદમ શાંતિ તથા ચુપકી ફેલાયલા હોવાથી એમ લાગતું હતુ કે સઘળી સૃષ્ટિ નિદ્રાવશ થયલી છે; પણ કોઇ ધીરેથી વાત કરનારના સાદ સભળાતા હતા તેથી માલમ પડયુ કે હજી કોઇ કોઇ જાગે છે. એ સાદ એક નાના ઘરની બહારની પરશાળમાંથી આવતો હતો, કેમકે ત્યાં બે માણસો મધ્યરાત્રે બેઠા બેઠા વાતોના તડાકા મારતા હતા ને હુક્કો પીતા હતા

એ બે જણ સગા ભાઇઓ હતા, પણ તેમની ઉમરમાં એટલો બધો તફાવત હતો કે, અજાણ્યા માણસો તો એમ ધારે કે તેઓ બાપ દીકરા હશે. મોટાનુ નામ બિહારીલાલ અને નાનાનું પટ્ટનલાલ હતું. તેમની સ્થિતિમાં પણ ઘણો તફાવત હતો. મોટો પોતાનું ગામડામાંનું ઘર જેમાં તેના બાપે પોતાની આખી જીંદગી ગાળી હતી અને જ્યાં તે મરણ પામ્યો હતો તેમાં રહેતો હતો. અને તેનો નાનો ભાઇ તો જ્યારથી સમજણો થવા લાગ્યો ત્યારથી ભણવા પર તેને એટલું બધુ મન હતું કે, શહેરમાંની એક શાળામાં અભ્યાસ કરીને પ્રવેશક પરીક્ષા પસાર કરીને બી. એ. સુધી તેણે અભ્યાસ કીધો. જો કે બી. એ.ની પરીક્ષામાં તે નાપાસ થયો, તોપણ જે શાળામાં તેણે અભ્યાસ કીધો હતો તેમાંજ તે હાલ શિક્ષકની પદવી ધરાવતો હતો.

જો કે ઘણી બાબતોમાં બન્ને ભાઈઓના મત મળતા આવતા નહોતા તોપણ તેઓને પરસ્પર બહુજ હેત હતું, અને થોડી થોડી મુદતમાં મોટા ભાઈ નાના ભાઈને મળવા શહેરમાં જતો, કે નાનો ભાઈ મોટા ભાઈને મળવાને ગામડે જતો. આમ એક બીજાને મળ્યા વગર તેઓ ઘણાં અઠવાડીઆં જવા દેતા નહિ. આજ સાંજે નાનો ભાઈ પદ્મનલાલ અણુ-ધાર્યો આવી લાગ્યો હતો, અને કહ્યું કે નિશાળ બે દિવસ બંધ રહેવાની હોવાથી એ પ્રસંગનો લાભ લઈને હું મોટા ભાઈને મળવા આવ્યો છું. માટે બન્ને ભાઈઓ આ ચાંદણી રાતે બીજાં બધાંની પેઠે ઘરમાં જઈ ઉંઘી જવાને બદલે મધ્ય-રાત્રી સુધી હુક્કો પીતા પીતા વાતચીતમાં લીન થઈ જાય તેમાં કંઈ નવાઈ જેવું નહોતું.

ઘણી ઘણી બાબતો વિષે વાતો કર્યા પછી પદ્મનલાલે થોડા-વાર સુધી વિચાર કરીને કહ્યું કે, "હું એક વાત તમને જણાવવા માગું છું અને આશા રાખું છું કે તમે તે વિષે વિરૂદ્ધ મત નહિ આપો. તમે જાણો છો કે જ્યારથી મારો બાળ-પુત્ર મરી ગયો ત્યારથી મારી પત્ની બહુજ દુઃખી છે અને ઘણોખરો વખત રડવામાં ગાળે છે, અને કોઈ કોઈ વાર તો તે ખાતી પણ નથી તેથી છેક લેવાઈ ગઈ છે. એક વખતે હું ઘેરથી નીકળીને નિશાળે જતો હતો ત્યારે રસ્તામાં મને એક મડમ સાહેબ મળ્યાં. તેમણે મને ઉભો રાખીને અમુક ઘરના સરનામાની નોંધ બતાવીને પુછ્યું કે, 'તે ઘર ક્યાં છે તે મને દેખાડશો શું?' હું તે ઘર બરાબર જાણતો હોવાથી તે બતાવીને હું મારે માર્ગે ચાલતો થયો. પણ પછી એકાએક મારા મનમાં વિચાર આવ્યો કે, મારી પત્ની વાંચતાં શિખે તો તેમાં શો વાંધો છે? હું જાણતો હતો કે પેલા મડમ સાહેબ મારી પડોસમાંના ઘરમાં એજ કામે ગયાં છે. બીજા આબરૂ-દાર હિંદુ ગૃહસ્થો પોતાની સ્ત્રીઓને તેમની પાસે શિક્ષણ અપાવે છે તો મારે એમાં શો વાંધો હોવો જોઈએ? કદાપિ

એમ બને કે મારી સ્ત્રીને એમાં ગમ્મત પડે અને તેનું મન એમાં લાગ્યાથી તે પોતાનુ દુ:ખ વિસરી જાય. મને તમારા વિષે વિચાર આવ્યો કે આ બાબતમાં તમારો અભિપ્રાય શો હશે, અને પત્રદ્વારાએ તમને એ વિષે પુછી જોવાનું પણ મારા મનમાં આવ્યું; પણ આ વિચાર મારી સ્ત્રીને ગમશે કે નહિ તે વિષે અજાણ્યો હોવાથી મેં પ્રથમ તેને પુછી જોવાનો નિશ્ચય કીધો."

મોટા ભાઇએ, જાણે કે પોતાની લાગણી સમાવવાને સારૂ હુક્કાનો જોરથી દમ માર્યો પણ કંઇ બોલ્યો નહિ, અને પન્નલાલે પોતાની વાત જારી રાખતાં કહ્યું કે, "તે સાંજે મેં મારી પત્નીની સાથે વાત કરીને તેને કહ્યું કે, તને વાંચતાં ન આવડે અને તું હાલના જેવીજ અભણ રહે તે સારૂં નહિ." તેણીએ સાચેસાચો ઉત્તર આપ્યો કે, "જો કોઇએ મને શિખવ્યુ હોત તો હુ શિખત; હું અભણ રહી છું તેમાં મારો વાંક નથી." પછી જે મડમ સાહેબની મને મુલાકાત થઇ હતી તેમના વિષે મેં તેને ખબર આપીને કહ્યું કે, મારો વિચાર એવો છે કે હુ તેમને વિનંતિ કરૂં કે તને આવીને શિખવે. પ્રથમ તો તે પરદેશી બાઇની મુલાકાત કરવા જરા ગભરાઇ, પણ મેં તેને કહ્યું કે તારે ગભરાવાનુ કંઇ પણ કારણ નથી; કેમકે અંગ્રેજ બાઇઓ ઘણી માયાળુ અને ખુશમિજાજ હોય છે, અને જો કદાપિ તને જલદી નહિ આવડે તો પણ તેઓ ગુસ્સે નહિ થાય, તેમ તને ઠપકો પણ નહિ દે. એથી વિશેષ કંઇ કહ્યું નહિ. બીજે અઠવાડીએ હું બાગમાં જઇને મડમ સાહેબની વાટ જોતો ઉભો, અને તેઓ જ્યારે ગલીમાંથી આવતાં દેખાયાં ત્યારે સામો જઇને તેમને મળીને મેં તેમને પુછ્યું કે, "આપ મહેરબાની કરીને મારે ઘેર પધારી મારી પત્નીને શિખવશો?'

અહીં મોટા ભાઇ બોલી ઉઠયો કે, "ભાઇ, તે તો એ બહુ વિચિત્ર કામ કર્યું; કેમકે તું જાણે છે કે, પરમુલકના

(મ્લેચ્છ) લોકોને આપણી સ્ત્રીઓના ઝનાનાઓમાં દાખલ કરવાનો તેમજ આપણી સ્ત્રીઓને ભણાવવાનો પણ રિવાજ નથી. આ કામ કર્યા પહેલાં તારે મારી સલાહ પુછવી જોઇતી હતી."

પદ્મનલાલે જવાબ આપ્યો કે, "ભાઇ, શું તમે નથી જાણતા કે આપણા રિવાજો બદલાતા જાય છે? તમે તો ગામડામાં રહો છો કે જ્યાં બધું જેવું આપણા પિતાના વખતમાં ચાલતું હતું તેવુંજ ચાલ્યાં કરે છે, પણ હું તો શહેરમાં રહું છું કે જ્યાં દરરોજ કંઇ ને કંઇ નવતર બન્યુંજ જાય છે. દુનિયા નિરંતર આગળ વધી જાય છે અને જો આપણે છીએ ત્યાં ને ત્યાં થોભી રહીએ તો જરૂર પાછળ પડી જઇએ."

બિહારીલાલ ગંભીર વિચારમાં પડ્યો કે, "આ મારા નાના ભાઇએ મને સુધારા વધારાની ઘણી બાબતોમાં પાછળ મુકી દીધો છે; હવે હું તેને પાછો હઠાવવાની આશા કેમ કરીને રાખી શકું? તે ઘણાં ખરાં બાળકોના કરતાં વહેલો ચાલવા શિખ્યો હતો, અને ચાલવા શિખ્યો તે દિવસથી હમેશાં આગળ વધવાનો પ્રયત્ન કરતો આવ્યો છે." તેણે પોતાનો હુક્કો મુકી દીધો ને પછી પોતાના ભાઇનો સુંદર તથા હોશિયારી ભરેલો ચહેરો એકી ટસે જોઇને તેણે નિસાસો નાખ્યો, કેમકે તેને ખાતરી થઇ કે પોતાની તથા પોતાના આ અતિ પ્રિય ભાઇની વચ્ચેની અંતરરૂપી ખાઇ વધારે વધારે પહોળી થતી જાય છે.

બિહારીલાલ કાંઇ બોલતો નથી એ જોઇને પદ્મનલાલે પોતાની વાત જારી રાખી કે, "પ્રથમ તો મારી પત્ની એટલી બધી શરમાળ દેખાઇ કે તેણી ભાગ્યેજ મ્હોડામાંથી શબ્દ કાઢે (હું પાસેની કોટડીમાં રહીને શું થાય છે તે સાંભળતો હતો); પણ મડમ સાહેબે એટલા માયાળુપણાથી તથા ધીરજથી કામ લીધું કે થોડી વારમાં તેનું મન હળી ગયું, અને મારે નિશાળે જવાનો વખત થયો તે પહેલાં તે ઘણી આતુરતાથી એ, બી, સી ગોખતી સંભળાઇ."

"ત્યારે તું એમ કહેવા માગે છે, તું પોતાની સ્ત્રીને એ અજાણી અંગ્રેજ બાઇના હાથમાં સોંપીને ચાલ્યો ગયો ? શું તું એમ ધારે છે કે માત્ર મૂળાક્ષર શિખવીને તે બાઇ સંતોષ માનશે ? તે તેને ખ્રીસ્તી બનાવી દેશે, કેમકે એ લોકનો ખરો હેતુ એજ છે."

પદ્મનલાલે હસીને કહ્યું કે, "તમારે બીવાનું કારણ બિલકુલ નથી, મારી સ્ત્રીને પોતાના ધર્મ પર એટલી બધી આસ્થા છે કે તે છોડી દેવાનુ તેના મનમાં કોઇ ઉતારી શકે એમ છેજ નહિ; અને ખ્રીસ્તી ધર્મ વિષે તે થોડું ઘણું શિખશે તો તેને કંઇ નુકસાન થવાનું નથી, કેમકે એ ધર્મમાં પણ ઘણી સારી સારી વાતો છે. ભાઇ, મારા પર ગુસ્સે ન થશો, કેમકે તમારી મરજી વિરૂદ્ધ કંઇ પણ કામ કરવાની મારી ઇચ્છા નથી; તોપણ મજુર વર્ગના જેવી અજાન સ્ત્રીની સાથે ભવ ગાળવો એ બહુ દુખદાયક છે હું ખાતરીથી કહું છું કે હવે પોતાના વખત રડવામાં ગાળવાને બદલે તે હમેશાં પોતાનો પાઠ તૈયાર કરવામાં ગુંથાએલી જોવામાં આવે છે, કે રખેને પોતાને શિખવનાર આવે તે વેળા પોતાને ન આવડે."

બિહારીલાલે કેટલીક વાર સુધી છાનામાના હુક્કો પીધાં કર્યો. પછી તે બોલ્યો કે, "એથી નુકસાન થવાનો સભવ તો કદાપિ નહિ હોય, કેમકે જો તેને ખ્રીસ્તી ધર્મનુ શિક્ષણ આપવામાં આવશે તોપણ તે સ્ત્રી છે માટે તે સમજવાની અક્કલ તેનામાં ન હોય; પણ સાવચેત રહેજે, અને જો તેનું ચિત્ત એ ધર્મની બાબતોમાં અધીક ગુંથાતુ જણાય તો તેનું શિખવાનુ તરત બંધ પાડી દેજે."

આટલું કહેવાથી બિહારીલાલના મનને સંતોષ વળ્યો, કેમકે તેને લાગ્યું કે આ બાબતમાં વધારે નહિ તો મારો મત તો મેં જાહેર કીધો છે.

પટ્ટનલાલે કહ્યું કે, "એ વચન આપવા હું બહુ રાજી છું, કેમકે કિંચિત માત્ર પણ જોખમ હોય એમ હું ધારતો નથી."

પછી મોટો ભાઇ પટ્ટનલાલને એકલો મુકીને હુક્કા લઇને અંદર ગયો.

પ્રકરણ ૨ જું.

શું એ ખરૂં છે?

પોતાના મોટા ભાઇના છેલ્લા વાક્યથી પટ્ટનલાલ વિચારમાં પડ્યો હતો. બિહારીલાલને બીક લાગતી હતી કે રખેને પોતાની ભોજાઇનું મન ખ્રીસ્તી ધર્મ તરફ સારી પેઠે આકર્ષાય, અને કદાપિ પોતાનો ધર્મ પણ છોડી દેવાને લલચાય. પણ તેનો ભાઇ જે તેને બધા કરતાં વહાલો હતો તે પોતે એ નવા ધર્મનું શિક્ષણ એટલે સુધી પામ્યો હતો કે તેના બાપદાદાઓના ધર્મ પર જે કંઇ તેની શ્રદ્ધા હતી તે તમામ ઉઠી ગઇ હતી, એ જો બિહારીલાલ જાણે તો તેના મનમાં કેવો વિચાર આવે?

પટ્ટનલાલ નિશાળમાં ભણતો હતો તે સમયે તે એવા એક માણસના સમાગમમાં આવ્યો કે જે ઇસુ ખ્રીસ્તને દેવનો પુત્ર તથા જગતનો ત્રાતા માનતો હતો. તે પહેલાં ઘણા વખત ઉપર તે ઇસુ ખ્રીસ્તના જીવનચરિત્ર વિષે ઘણું શિક્ષણ પામ્યો હતો, કેમકે એ વિષય નિશાળમાં શિખાડવાને નીમેલા વિષયોમાંનો એક હતો. પણ તેણે જેવી રીતે પ્રાચીન ઇતિહાસની બીજી બિનાઓ યાદ રાખી હતી તેવીજ રીતે ઇસુના ચમત્કારિક જન્મચરિત્રની બિનાઓ પણ યાદ રાખી હતી. અને દેવપુત્ર જેણે પોતા વિષે એવુ કહ્યું છે કે, "હું પુનરૂત્થાન તથા જીવન છું." તેને વિષે તેનો એવો ખ્યાલ હતો કે, જો કે તે સારો માણસ હતો, છતાં તેણે મોટી મોટી ભૂલો કરી હતી, અને ઘણા સૈકાઓ થયાં તે મરી જઇને સદાને માટે લોપ થયો છે. ઇસુ ખ્રીસ્ત જેને વિષે તેના

પોતાના શિષ્યો પણ એવી સાક્ષી પુરે છે કે, તે લગભગ બે હજાર વરસ ઉપર વધસ્તંભપર મરી ગયો, તેની સાથે ઓગણીસમી સદીમાં રહેનાર કેળવણી પામેલા હિંદુ વિદ્યાર્થી પદ્મનલાલને શું લાગે વળગે? બેશક કંઇજ નહિ!

પણ એક દિવસ આસરે તેના જેટલીજ ઉમરનો એક નવો વિદ્યાર્થી તેના વર્ગમાં દાખલ થયો. પહેલે દિવસે તો આ વિદ્યાર્થી તરફ તેનું લક્ષ વિશેષ ખેંચાયું નહિ, પણ બીજે દિવસે જે વખતે માર્કની લખેલી સુવાર્તાનુ શિક્ષણ વર્ગમાં આપવામાં આવતું હતું ત્યારે એણે બીજા ઘણા છોકરાઓની પેઠે બેદરકારી બતાવવાને બદલે એવુ તો એકચિત્ત ધ્યાન આપ્યુ કે પદ્મનલાલનું ધ્યાન તેના તરફ ખેંચાયું. તે શિક્ષકને પ્રશ્નો પણ પુછતો હતો અને તેના ઉત્તરની નોંધ લેતો, તે જોઇને પદ્મનલાલ આશ્ચર્યથી તેની તરફ નિહાળતો હતો. તેને ખાતરી થઇ કે નવા વિદ્યાર્થીને મન બીજા બધા છોકરાઓના કરતાં આ પાઠ વધારે ઉપયોગી અને મહત્વવાળો છે. ઇસુ વિષેનો પાઠ તે દિવસને માટે નિમેલો છે માટે કરવો જોઇએ, એવો વિચાર રાખીને તે ઇસુ વિષે શિખતો હતો એમ નહિ, પણ ઇસુ વિષે જ્ઞાન મેળવવાની પૂર્ણ ઇચ્છાથી તે શિખતો હતો. આ તો પદ્મનલાલને તદન નવાઇ જેવી વાત લાગતી હતી, અને તે વિષે તે પોતાના મનમાં કંઇ ઓછો ગુંચવાતો ન હતો, પણ તે કોઇને એ વિષે કહેતો નહોતો.

આસરે એક પખવાડીઆ પછી એક દિવસે બીજા બધા છોકરાઓ બહાર ક્રિકેટ રમતા હતા તે વખતે તે વર્ગના ઓરડામાં આવ્યો, તો તેણે તે નવા વિદ્યાર્થી સુદર્શનદાસને એક પુસ્તક લક્ષપૂર્વક વાચતો જોઇને કહ્યું કે, "તમને વિદ્યાભ્યાસ બહુ વહાલો હોય એમ દિસે છે, કેમકે બીજા બધા રમે છે ત્યારે પણ તમે વાંચ્યા કરો છો. એવો ખાસ વિષય શો છે કે તમે તેમાં આટલા બધા તલ્લીન થઇ ગયા છો?" અને તેજ પળે પેલાના ખભા ઉપરથી નજર નાખીને

તેને પોતાના પ્રશ્નનો ઉત્તર મળ્યો, એટલે જે પુસ્તક તે આટલું લક્ષપૂર્વક વાંચતો હતો તે બૈબલ છે એવું તેને કહેવાની કંઇ જરૂર રહી નહિ. આ ભેદ સમજવાનો આ વખત હતો, માટે તે પણ એ મેજ આગળ બેસી ગયો, અને સુદર્શનદાસના મ્હો સામે તાકી જોઇને બોલ્યો કે, "મને સાચેસાચું કહો, તમે ખ્રીસ્તી છો કે હિંદુ? તમારા નામ તથા પહેરવેશ પરથી તો જણાય છે કે તમે હિંદુ છો, પણ ખ્રીસ્તી ધર્મ તથા શાસ્ત્ર પર જે ભાવ તથા લક્ષ તમે દેખાડો છો તેથી મને લગભગ એવી ખાતરી થાય છે કે તમે ખ્રીસ્તી છો."

થોડી વાર સુધી તો સુદર્શનદાસે કંઇ ઉત્તર આપ્યો નહિ, પણ ત્યાર પછી જાણે પોતાના શબ્દોની તૂલના કરતા હોય તેમ ધીમેથી વિચારપૂર્વક બોલ્યો કે, "ખ્રીસ્તી એ શબ્દ તમે એ અર્થમાં વાપરતા હો કે જેણે બાપ્તિસ્માનો સત્કાર લીધો હોય, અને ખ્રીસ્ત પર પોતાનો વિશ્વાસ જાહેર રીતે કબુલ કીધો હોય તો તો હું ખ્રીસ્તી નથી; અને જે એકલા પોતાના બાપદાદાઓનાજ ધર્મને ખરો ધર્મ માનતો હોય તેને તમે હિંદુ કહેતા હો તો હું હિંદુ પણ નથી."

પદ્મનલાલે પુછ્યું કે, "એ પરથી મારે શું એમ સમજવુ કે તમે અડધા ખ્રીસ્તી છો, અને અડધા હિંદુ છો, અથવા તો તમે હિંદુ ધર્મનો ત્યાગ કરીને ખ્રીસ્તી થવાનો ઇરાદો રાખો છો?"

સુદર્શને હસતાં હસતાં ઉત્તર આપ્યો કે, "એક લગભગ અજાણ્યા માણુસના મત તથા ઇરાદાઓ વિષે તમે આટલી બધી કાળજી શા માટે ધરાવો છો તે હું બરાબર સમજતો નથી; માત્ર જાણવાની ઇચ્છાથી, કે તમે ખાલી નવાંઇને લીધે એ પ્રશ્નો પુછો છો? જો આ બાબતનો તમે ખુલાસો કરો તો હું તમને કદાપિ વધુ વાત કહું."

"પહેલા કારણથી મેં તમને પુછ્યું કે બીજા કારણથી તે હું પણ બરાબર કહી શકતો નથી. તમે નિશાળમાં આવ્યા

ત્યારથીજ ઇસુ ખ્રીસ્તના જીવનચરિત્રનો અભ્યાસ કરવામાં કાળજીપૂર્વક લક્ષ દેતા હતા તે પર પ્રથમથીજ મારૂં ધ્યાન ખેંચાયું હતું, અને તેનું શું કારણ હશે તે વિષે હું મારા મનમાં બહુ ગુંચવાયાં કરતો હતો."

સદ્દર્શનદાસે તરત તેના ઉત્તરમાં કહ્યું કે, "તમે પણ ઇસુના જીવનચરિત્રનો અભ્યાસ કર્યો છે. જે દેવોને હિંદુઓ પૂજે છે તેઓની વાર્તાઓમાં અને ઇસુના પવિત્ર અને પારકાનું હિત કરવા માટેના જીવનમાં જે મોટો તફાવત છે તેની લાગણી તમને થયા વગર રહી નહિ હોય. આ પૃથ્વી ઉપર થઇ ગએલા સૌથી સંપૂર્ણ માણસનું અનુસરણ અને આજ્ઞાપાલન કરવાને આપણે ઇચ્છતા હોઇએ તો ઇસુનું આજ્ઞાપાલન અને અનુસરણ આપણે કરવુંજ જોઇએ. આ માણસ જેને આપણા લોક એટલો બધો ધિક્કારે છે તેના કરતાં આપણા વિશ્વાસ તથા આજ્ઞાપાલનને માટે વધારે યોગ્ય માણસ કોઇ પણ બીજા ધર્મમાં જો તમે મને બતાવો તો હું તેનો શિષ્ય થયા વગર ન રહું."

પદ્દનલાલે પુછ્યું, "ત્યારે તમે ખ્રીસ્તી કેમ નથી થતા? શું તમે પણ તિરસ્કારથી ગભરાઓ છો?"

તેણે ઉત્તર આપ્યો કે, "હું તમને કહીશ. એ તો હું કહી ગયો છું કે, હું એમ માનું છું કે, જો સુવાર્તાની વાત ખરી હોય તો ઇસુ બીજાં બધાં મનુષ્યો કરતાં સંપૂર્ણ હતો; પણ જે માણસ બે હજાર વર્ષ ઉપર થઇ ગયો અને થોડો સમય જીવી મરણ પામ્યો તે મને શા ખપનો? જો ખ્રીસ્તનું જીવનચરિત્ર મને સર્વોત્તમ લાગે છે, તો તેના જેવું જીવન ગાળવાને પ્રયત્ન કરવાની મારી ફરજ છે; પણ એ હું કેવી રીતે કરી શકું? મારી પ્રકૃતિના દુષ્ટ વિકારો વશ કરવાની અને ઇશ્વરના જેવી જીંદગી ગાળવાની શક્તિ મારે ક્યાંથી પ્રાપ્ત કરવી?"

પદ્દનલાલે ઉત્તર આપ્યો કે, "ખ્રીસ્તીઓ એવું કહે છે કે ઇસુ ખ્રીસ્ત હજી જીવે છે, અને તે મુએલાંમાંથી પાછો સજી-

વન થયો છે. અલબત હું તો એ વાત માનતો નથી, પણ તમે આટલું બધુ શિખ્યા છતાં તેને બનાવટી નથી માનતા એ મને અજાયબ જેવું લાગે છે."

સુદર્શનદાસે આતુરતાથી ઉત્તર આપ્યો કે, "વાંધો તો બધો આમાંજ છે. ઇસુ ખ્રીસ્ત આજે જીવતો છે અને મને પોતાના જેવી થવાની શક્તિ આપવા સમર્થ છે એ વાતની જો મને ખાતરી થાય, તો હું એક પળવાર પણ આનાકાની ન કરૂં. તમે મને પુછ્યુ કે, 'શુ તમને લોકના ધિક્કારનો ડર લાગે છે?' પણ જો ઇસુ ખ્રીસ્તના મોત તથા પુનરૂત્થાન વિષે મને ખાતરી થાય તો એ પ્રશ્નનો ઉત્તર તમને સહજ મળે. ઇશ્વરના પુત્રનો તુચ્છકાર કરનારા લોકોથી તુચ્છકાર પામવો એને હુ માન સમજું છું. મારા મિત્ર તરીકે મારી સાથે તે હોય તો પછી મને કોઇનો ડર રહેતો નથી."

ત્યારે પદ્મનલાલે કહ્યું કે, "પણ મને કહો કે સુવાર્તામાં ઇસુનું જે મરણ વર્ણવેલું છે, તેવા અપમાન તથા શરમ ભરેલા મોતને ઇશ્વરનો પુત્ર આધીન થાય એવું કદી પણ બની શકે, એવુ તમે ધારો છો શું? ખરેખર, જો ઇશ્વરને અવતાર ધારણ કરવાનું યોગ્ય લાગ્યું હોય તો પોતાના ઉત્પન્ન કરેલાઓના તિરસ્કારનું પાત્ર પોતાને થવા દીધાને બદલે તે પોતાની શક્તિ તથા મહત્તાવડે જગતને તાબે કરત. ના, ના, ભાઇ, ખાતરીથી માનજો કે એમ બની શકેજ નહિ; વધસ્તંભે જડાએલો દુષ્કર્મી ઇશ્વરનો પુત્ર હોય શકેજ નહિ. મને તો એવા માણસના શિષ્ય થતાં લાજ લાગે."

સુદર્શનદાસે દિલગીરીથી ઉત્તર આપ્યો કે, "હું કહી ચૂક્યો છું કે, એ વાત ખરી છે કે ખોટી તે હુ પોતે જાણુતો નથી. જો ખરી હોય, તો ઇશ્વર આપણે ધારીએ છીએ તે કરતાં બહુ જુદો હોવો જોઇએ. ઇસુ ખ્રીસ્તે કહ્યું હતું કે, હું તમને ઇશ્વર વિષે જ્ઞાન પમાડવા આવ્યો છું. કદાપિ ઇશ્વર ખરેખર કેવો છે એ તેની પાસેથી આપણે શિખીશું,

ત્યારે આ વાત કેવી રીતે ખરી હોઇ શકે તે આપણે સમજીશું."

"પણ ત્યાં સુધી શું કરવાનો તમારો ઇરાદો છે? શું તમે જેવા છો તેવાજ રહેશો, એટલે ખ્રીસ્તી નહિ તેમ હિંદુએ નહિ? મારી સલાહ તો તમને એવી છે કે જ્યાંથી તમે શરૂઆત કીધી ત્યાં પાછા વળો. જે ધર્મ આપણા બાપદાદાઓને માટે પૂરતો બેઅરકર હતો, તે બેશક આપણે માટે પણ છે; ત્યારે જેમાં તમારે કંઇ લાગતું વળગતું નથી, તે સમજવાને શા માટે ફાંફાં મારો છો?"

સુદર્શનદાસે ઉત્તર આપ્યો કે, "તમારી સલાહ પ્રમાણે વર્તવું અશક્ય છે. મેં એટલું બધું અજવાળું જોયું છે કે, હું અંધકારમાં પાછો આવી શકતો નથી. મેં તો નક્કી ઠરાવ કીધો છે કે, જે ઇશ્વરને પ્રગટ કરવાને ઇસુ ખ્રીસ્ત આવ્યો તેનો પત્તો તથા જ્ઞાન મેળવવા, અને જો એમ ન બને તો કોઇ દેવને માનવો નહિ. હિંદુઓના દેવને હું માની શકતો નથી તેમ માનવા ચહાતો પણ નથી."

આ વખતે બહાર હોકારા થવા લાગ્યાથી માલમ પડ્યું કે ક્રિકેટની રમત સમામ થઇ છે, તેથી કયો પક્ષ જીત્યો તે જોવાને પદ્મનલાલ બહાર ગયો.

પ્રકરણ ૩.

"જો કોઇ માણસ તેની ઇચ્છા પુરી કરવા ચાહે, તો આ બોધ વિષે તે સમજશે."

પદ્મનલાલ સુદર્શનલાલને મુકીને બહાર ચાલ્યો ગયો તેથી સુદર્શનલાલ ખુશી થયો. હમણાં જે વાત થઇ હતી તે તેની જીંદગીમાં ફેરફાર કરનારી હતી. પોતાના મનના વિચાર તેણે આજ વખત પહેલવહેલા બીજા માણસને

જણાવ્યા હતા, અને એમ કરવાથી તેના મનમાં ખાતરી થઇ હતી કે ખ્રીસ્તી ધર્મની સત્ય વાતોએ તેના પર મજબુત કાબુ બેસાડયો હતો; પાછા હઠવું અશક્ય હતું; આગળ વધ્યા વગર છુટકો નહોતો. જે અજવાળાનું ઝાંખુ બિંબ તેની નજરે પડયું હતું, તે કોઇ જગ્યાએ પૂર્ણ રીતે પ્રકાશતું હોવું જોઇએ અને તે તરફ તેણે ધસવુ જોઇએ.

પટ્ટનલાલના શબ્દો તેને યાદ આવ્યા કે, “ શું તમે એમ ધારો છો કે ઇશ્વરનો પુત્ર એવા શરમ તથા અપમાન ભરેલા મોતને આધીન થાય? એવુ કદી બની શકે?” એટલું તો ખરૂં કે કોઇ માણુસ તો બીજાઓને માટે જાણી જોઇને આવુ દુ ખ તથા મરણુ ન વેઠે; ખાસ્તે એવુ દુઃખ તથા મરણુ વેઠયું એ વાત જો ખરી હોય, તો એ ઉપરથીજ શું સાબિત નથી થતું કે તે ખરેખર ઇશ્વરનો પુત્ર છે? જે કામ મનુ'યને અશક્ય છે તે ઇશ્વરને શક્ય હોય એમાં તો શક નહિ. પટ્ટનલાલે કહ્યું હતું કે, ‘વધસ્તભે જડાએલા બદમાશનો હુ શિષ્ય છું એવું કહેતાં મને તો લાજ લાગે.’ સુદર્શને ઘણી વેળા લોકોને એ કરતાં પણુ સખત વાતો બોલતાં સાંભળ્યા હતા, પણુ એવી વાતથી જેટલો સંતાપ તેને આજ થયો તેટલો અગાઉ કદી થયો નહોતો. શું એનું કારણુ એ હશે કે તે ન જાણે એવી રીતે ઇસુ ખ્રીસ્ત દિન પ્રતિ દિન વધારે વહાલો થતો જતો હતો? પોતાની આગળ પડેલા બેબલનાં પાનાં તે ફેરવવા લાગ્યો. દુનિયામાં થઇ ગએલા મનુષ્યોમાં સર્વથી સંપૂર્ણ માણુસના જીવનચરિત્રના આખરના ભાગ તેણે ફરીથી વાંચી જવાનો ઇરાદો કર્યો.

યોહાનની લખેલી સુવાર્તા કાઢીને કેવી રીતે નિષ્પાપી નરનો ન્યાય પાપી અદાલતથી કરવામાં આવ્યો, અને રાજાને તેની પ્રજાએ મરણુદડ ફરમાવ્યો, એ અજાયબ જેવી બિનાઓનો હેવાલ તે વાંચવા લાગ્યો અને જલદી તેમાં તલ્લીન થઇ ગયો.

તે વિચાર કરવા લાગ્યો કે, "આ નરના પ્રતાપની બરાબરી કોણ કરી શકે? જો કે તેનો જીવ કાચે તાંતણે લટકેલો હતો, તોપણ પોતાના બચાવમાં તે એક શબ્દ પણ બોલ્યો નહિ; અને આખા ધાંધળીઆ સમુદાયમાં તે એકલોજ જોખમમાં છતાં તે એકલોજ શાંત તથા સ્વસ્થ રહેલો હતો." વાંચનાર આ ઠેકાણે બોલી ઉઠયો કે, "ખરેખર એને મરવાની ઇચ્છાજ હશે, નહિ તો એ પોતાનો બચાવ કરવા પ્રયત્ન કરત. તે જ્યારે મુએલાંને સજીવન કરી શકતો હતો ત્યારે તે સહેલાઇથી પોતાનો બચાવ કરી શકત; પણ શા વાસ્તે તેણે મરવાની ઇચ્છા કીધી? સાથી અજાયબી ભરેલી તો એ વાત છે."

એ પ્રશ્નનો ઉત્તર આપનાર ત્યાં કોઇ હાજર નહોતું; આ સત્યશોધકને એવું સમજાવનાર ત્યા કોઇ નહોતો, કે મહિમાના પ્રભુએ અત્યંત શરમભરેલું તથા કષ્ટમય મરણ સહેવાનુ એ માટે પસદ કીધુ કે, જેઓ પાપને લીધે નાશ પામ્યા હતા તેઓને તે પોતાની સાથે દેવ સમક્ષ અનંતજીવન ભોગવવા સારૂ સજીવન કરે. "તે પોતાનો બચાવ કરી શક્યો નહિ," કેમકે તેની મહાન ઇશ્વરી પ્રીતિએ તેને એમ કરવા દીધુ નહિ. તે બીજાઓનુ તારણ કરવા સારૂ દુનિયામાં આવ્યો હતો, માટે પોતાને ગમે તેટલું વેઠવુ પડે તોપણ એ કામ પુરૂં કરવાનો તેનો નિશ્ચય હતો.

સુદર્શનદાસે આગળ વાંચ્યુ કે, તેઓએ તેનો તુચ્છકાર કરીને ઠઠ્ઠા કીધી, તો પણ જે હોઠોમાં મુએલાંને સજીવન કરવાનું સામર્થ્ય હતું તે હોઠોએ ઠપકાનું એકે વચન ઉચ્ચાર્યું નહિ; અને જો કે પોતે અનહદ કષ્ટ તથા વેદના સહેતો હતો તોપણ પોતાનું દુઃખ વિસારે મૂકીને બીજાંને દિલાસાનાં વચનો કહેતો હતો. પછી "સંપૂર્ણ થયું છે!" એ જયઘોષ વધસ્તંભે જડાએલા રાજાના મુખમાંથી નિકળ્યા વિષેનું જ્યારે તેણે વાંચ્યું ત્યારે તે વાંચતાં વાંચતાંજ તેના મનમાં ખાતરી થઇ કે,—"એ ખરૂં હોવું જોઇએ, એ સત્ય હોવુંજ જોઇએ."

ત્યાર પછી, જે મોતને આધીન થઇ ગએલો દેખાતો હતો તે મોત પર જય પામીને કબરમાંથી કેવી રીતે ઉઠયો તે વાત વાંચવામાં આવી. જે ઇસુ વધસ્તંભે જડાયો હતો તેજ ઇસુ અગાઉની પેઠે દિલાસાનાં તથા શિખામણનાં વચનો બોલવાને ફરીથી હાજર થયો હતો; કેમકે તેના હાથ પગમાં ખીલાના ઘાની નિશાણીઓ નહોતી શું? અહીં સુધી વાંચતાં ઝાંખ પડવા લાગી તેથી સુદર્શનદાસ આગળ વાંચી શકયો નહિ, કેમકે અંધારૂં થવાથી શબ્દો સુઝવા ન લાગ્યા. ત્યારે પોતાની આગળના પુસ્તક પર પોતાનું માથુ નમાવીને તેણે અંત:કરણપૂર્વક વિનતિ કરી કે, "હે ઇસુ ખ્રીસ્ત, તુ એક વખતે મરી ગયો હતો તેમ છતાં તું હજી જીવતો છે એ વાત જો ખરી હોય, તો એ વાતની સત્યતાની મને ખાતરી થાય માટે તું મારી સાથે બોલ અને મને દર્શન દે."

જીવતો તથા મહિમાવાન થએલો ઇસુ ખ્રીસ્ત, પોતાની આવી રીતે અંત:કરણપૂર્વક વિનતિ કરનારની સાથે હતો; અને તેની વિનંતિ નિરર્થક ન થઇ. આપણો ઇશ્વરી ગુરૂ કે જે થોડી મુદતને માટે મનુષ્યની આંખોથી અદૃશ્ય હતો તે પોતાના શોધક શિષ્યના મનમાં પ્રગટ થયો; અને શિષ્ય તેને જોતાંજ શરણ થઇને બોલ્યો કે, "મારા પ્રભુ અને મારા દેવ."

સુદર્શનદાસ તથા પન્નાલાલની વચ્ચે નિશાળની એક ખાલી ઓરડીમાં જે વાતચિત થઇ હતી તેને એક અઠવાડીઉં થઇ ગયા પછી એક દિવસે સવારમાં પન્નાલાલ પોતાને ઘેર જવાને નિકળ્યો, ત્યારે રસ્તામાં તેણે કોઇને પોતાની પાછળ દોડતો તથા હાંક મારતો સાંભળ્યો. તેણે પોતાના સાથી વિદ્યાર્થીનો સાદ ઓળખ્યો તેથી તે ઉભો રહ્યો. સુદર્શને પાસે આવીને કહ્યું કે, "તમારી સાથે વાત કરવાનો લાગ હું શોધ્યા કરૂં છું માટે જો તમારે વાંધો ન હોય તો તમારી સાથે ચાલતાં ચાલતાં હું વાત કરૂં."

પટ્ટનલાલે ખુશીથી હા પાડી, એટલે સુદર્શનદાસે તરત વાત શરૂ કીધી કે, "આશરે એક અઠવાડીઆ પર આપણી વચ્ચે જે વાતચિત થઇ હતી તે તમને યાદ હશે. તમે તે વખતે મને એવી સલાહ આપી હતી કે, હું જે સ્થળેથી ચાલી નિકળ્યો હતો તે સ્થળે મારે પાછા આવવુ જોઇએ. હું જાણુતો હતો કે એમ બનવું અશક્ય છે, અને હુ તમને એ ખબર આપવા માગું છું કે મારા મનમાં જે શક હતો તે સદાને માટે દૂર થયો છે. હવે હું અતઃકરણપૂર્વક માનું છુ કે, ઇસુ ખ્રીસ્ત ખરેખર ઇશ્વરનો પુત્ર છે, કે તેણે પોતાની રાજી ખુશીથી વધસ્તંભનું મરણ સહ્યું, અને તે મરણુમાંથી પાછો સજીવન થઇને આજે જીવતો છે."

પટ્ટનલાલ લગારેક મશ્કરી ભરેલે સાદે બોલ્યો, "વાહ, વાહ! ત્યારે આ અજાયબ જેવી શોધ તમને ક્યાંથી હાથ લાગી, તે મહેરબાની કરીને કહેશો; વખતે ઇસુ ખ્રીસ્તે પોતે તમને દર્શન દઇને આ બાબત વિષે તમારૂ મન શાંત કર્યું હોય."

સુદર્શનદાસે અત્યંત સન્માનયુક્ત સાદે ઉત્તર આપ્યો કે, "તમે કહો છો તેમજ છે, તે ખરેખર મને એવો સ્પષ્ટ રીતે પ્રગટ થયો છે કે ઓગણીસેં વર્ષ પર તેના જીવનનો અત આવ્યો એવો વિચાર ફરી કદી મારા મનમાં આવે એ અશક્ય છે. ભાઇ, ઇસુ ખ્રીસ્ત જીવે છે એની જો તમારે ખાતરી કરવી હોય તો જેમ મેં કર્યું તેમ તમે તેને વિનતિ કરો કે, તે મારા મનમાં પ્રગટ થાઓ."

પટ્ટનલાલે કંઇ ઉત્તર આપ્યો નહિ, કેમકે જે માણસ એટલી બધી ખાતરીપૂર્વક અને આતુરતાથી બોલતો હતો તેને તિરસ્કારનાં વચન તે બોલી ન શક્યો, તેમજ બોલનારની સાથે સમ્મતિવચન બોલીને કોઇ પણ પ્રકારે જવાબદારી વ્હોરી લેવા પણ તે ઇચ્છતો નહોતો.

થોડી વાર સુધી તો બન્ને જણે અબોલા આગળ ચાલ્યા કીધું, પછી પટ્ટનલાલે પુછયું કે, "હવે તમે આગળ શું કરવા માગો છો?"

સુદર્શનદાસે ઉત્તર આપ્યો કે, "હું બીજું શું કરી શકું? જે મારા વિશ્વાસ તથા પ્રીતિને યોગ્ય છે, એવો સ્વામી મને મળ્યો છે, તો મારી ફરજ છે કે મારે તેને પ્રગટ રીતે મારા સ્વામી તરીકે કબૂલ કરવો જોઇએ, અને મને કાંઇ યોગ્ય પ્રસંગ મળે તો હું એ પ્રમાણે કરવાનો ઇરાદો રાખું છું."

"અને એનાં પરિણામ કેવાં થશે, અને તમારાં માબાપ અને સગાંવાલાં પણ તમને કેવા ધિક્કારશે તેનો વિચાર તમે કીધો છે શું?"

સુદર્શનદાસે ઉત્તર આપ્યો કે, "હા, હું એ બધું જાણું છું, કેમકે જેઓ ઇસુ ખ્રીસ્તના શિષ્ય થવા ચાહે છે તેઓને તે કદી છેતરતો નથી. તેણે શું કહ્યું છે તે હું તમને શબ્દેશબ્દ કહી શકું છું, કેમકે એ શબ્દો મેં ગોખી રાખ્યા છે." પટ્ટનલાલે કહ્યું કે, "તે શબ્દો મને કહો જોઇએ?"

ત્યારે સુદર્શને તે શબ્દો નીચે મુજબ કહી સંભળાવ્યા કે, 'તમારામાંનો જે કોઇ પોતાનુ સર્વસ્વ તજી દેતો નથી તે મારો શિષ્ય થઇ શકતો નથી. જે કોઇ બાપને કે માને મારા કરતાં વધારે ચાહે છે, તે મારે લાયક નથી.' પણ લક્ષપૂર્વક સાંભળો, જે મહાન તથા સદાનાં પરિણામ થવાનાં તે વિષે હું તમને કહી સભળાવીશ. ઇસુ ખ્રીસ્ત એમ પણ કહે છે કે, 'એ માટે જે કોઇ મને માણસની આગળ કબુલ કરશે, તેને હું મારા આકાશવાસી બાપની આગળ કબુલ કરીશ.' શું તમે એમ ધારો છો કે પૃથ્વી પર મારો કેવો ધિક્કાર થતો હતો, એવું મને તે વખતે યાદ પણ આવશે? જે સૌથી પહેલી શિખામણો ખ્રીસ્ત આપણને આપે છે તેઓમાંની એક એ છે કે, "આપણે આ જીવનનાં વાનાંની તથા હાલના સુખની ચિંતા ન રાખવી, પણ આગળ જતાં આપણું શું થશે તે વિષે વિશેષ ચિંતા રાખવી."

આ શબ્દોથી પટ્ટનલાલના મન પર અસર થયા વગર રહી નહિ. તેના અંતઃકરણમાં એવું કંઇક હતું કે જે તેના

સોબતીના શબ્દોને સમ્મતિ આપતું હતું; અને જો તેણે પોતાના મનની લાગણી સાચેસાચી દર્શાવી હોત તો તે એમ કહેત કે, "મને પણ ખ્રીસ્તી થવાને તમે લગભગ સમજાવ્યો છે;" પણ એમ કહેવાને બદલે તેણે એવો ઉત્તર આપ્યો કે, "આ વાતો માનવામાં તમને કંઇ હરકત થવાની નથી; પણ પોતાના મિત્રો પર અપમાન તથા દુ:ખ લાવ્યાને બદલે આ વાતો તમે તમારા પોતાનાજ મનમાં શા માટે રાખી ન શકો, એ મારાથી સમજાતું નથી."

સુદર્શનદાસે દિલગીરીથી ઉત્તર આપ્યો કે, "સૌથી મુશ્કેલ વાત તો એજ છે, અને મારા મિત્રોને અને વિશેષે કરીને મારી મા કે જેને બધા કરતાં વધારે દુ:ખ લાગશે તેને હું ખુશીથી એ દુ:ખથી બચાવત; પણ મારો પ્રભુ કે જે મને બાપ કે મા કરતાં અધિક છે, તેની આજ્ઞા પાળવી એ મારી સર્વોપરી ફરજ છે. જો તેની આજ્ઞાઓ પ્રમાણે હું ન ચાલું તો હું તેને યોગ્ય નથી."

પદ્મનલાલ વધુ બોલ્યો નહિ, કેમકે તેને ખાતરી થઇ કે મારો મિત્ર મારૂં કહેવું માનવાનો નથી. હમણાં તેઓ તેના ઘરની નજીક આવી પહોંચેલા હોવાથી તેઓ અહીંથી જુદા પડ્યા

આસરે એક મહિના પછી સુદર્શનદાસે પદ્મનલાલને કહ્યું કે, "આવતે રવિવારે મારૂં બાપ્તિસ્મા થવાનું છે, માટે તમે પણ તે પ્રસંગે હાજર રહેશો એવી મને આશા છે." પદ્મનલાલે વચન તો આપ્યું નહિ, પણ તે દિવસ આવ્યો ત્યારે જાણે કોઇ અદૃશ્ય શક્તિના આકર્ષણથી તે દેવળ તરફ ખેંચાયો, અને જે ઇસુને તેના ક્રોડો દેશી ભાઇઓ ધિક્કારતા હતા તેના પર પોતાનો વિશ્વાસ બેધડક રીતે કબુલ કરતાં પોતાના સાથી વિદ્યાર્થીને જ્યારે તેણે સાંભળ્યો ત્યારે તેના મનમાં એવો પ્રશ્ન ઉઠયો કે, જો ઇસુ ખ્રીસ્ત જીવતો ન હોય તો સુદર્શનદાસને ઇસુની ખાતર પોતાની વહાલામાં વહાલી વસ્તુઓનો ત્યાગ

કરવા શક્તિ ક્યાંથી મળત? અને જો તે જીવતો હોય તો મનુષ્ય કરતાં અધિક હોવો જોઇએ. તેણે એવો નિશ્ચય કીધો કે મારા મિત્રે પોતે જેને સત્ય માન્યો છે તેને કબુલ કરવાની છાતી ચલાવી તેને માટે મારે તેનાથી વિમુખ થવું નહિ, અને જો કે હું 'ખ્રીસ્તી' નામ કદી ધારણ કરવાનો નથી તોપણ ખ્રીસ્તી ધર્મનો લાભ બની શકે તેટલો લઇશ, અને સુદર્શનદાસને સાબિત કરી આપીશ કે મારી રીત તેની રીતના કરતાં શ્રેઠ છે.

આ કારણથી પટનલાલ ચંદ્રના અજવાળામાં એકલો બેસીને વિચાર કરતો હતો કે, હુ હમેશાં નિયમસર ખ્રીસ્તી ધર્મપુસ્તક વાચુ છું, અને તેમાંથી મળતા બોધ પ્રમાણે વર્તવાને કેટલેક દરજ્જે યત્ન કરૂં છું, એવુ જો મારો ભાઇ જાણે તો તેને કેવુ લાગે'

પ્રકરણ ૪ થું.

સુંદરી.

અમે અમારા વાંચક વર્ગને સુદર્શનદાસનુ ઓળખાણ કરાવીને તેની આગલી જીંદગીનો થોડો ઘણો હેવાલ કહી બતાવ્યો છે; માટે હવે આપણે જઇને તેના ઘરમાં તેની મુલાકાત લઇએ.

પોતાની જીંદગીનુ મહાન કૃત્ય કરતાં તેણે પોતાના બાપદાદાઓના ધર્મનો ત્યાગ કરીને પ્રભુ ઇસુ ખ્રીસ્તને પોતાના પ્રભુ તથા ગુરૂ તરીકે માન્ય કીધો હતો, તે વાતને સાત વર્ષ થઇ ગયાં છે. જો કે એમ કરવાથી તેને પોતાનાં પરમ વહાલાંનો વિયોગ ખમવો પડ્યો, અને જેઓની ફરજ તેને અગત્યના વખતે રક્ષણ તથા સહાય કરવાની હતી તેઓ તેનો ધિક્કાર તથા તુચ્છકાર કરતા હતા, તોપણ તેને પોતાના એ કૃત્યનો ક્ષણવાર પણ પશ્ચાત્તાપ થતો નહોતો.

બે વરસ સુધી તેનાં સગાં તરફથી કંઇ પણ સમાચાર તેને મળ્યા નહોતા, તેઓ તો તેને મરી ગએલા જેવો ગણતાં હતાં. ત્યાર પછી એક દિવસે એક પત્ર આવ્યો; તેના પર ટીકીટ નહોતી અને અક્ષર પણ બહુજ મુશ્કેલીથી વચાય એવા હતા. પરબીડીઆની અંદર કાગળની એક કાપલી હતી, અને તેમાં જાણે કે મહા મુશ્કેલીએ લખેલા હોય એવા શબ્દો હતા; તે એ કે, "હુ પણ ખ્રીસ્તી થવા માગું છું, આવીને મને લઇ જાઓ."

સુદર્શનદાસને ચિટ્ઠી વાંચતાંજ ખાતરી થઇ કે, મારી યુવાન પત્ની જેને વિષે હુ એમ ધારતો હતો કે તે મારાથી સદાને માટે વિજોગી થઇ છે, તેણીએજ એ ચિટ્ઠી લખેલી હાવી જોઇએ. આગલા વખતમા તેણે તેણીને વાંચતાં શિખવવા માડયુ હતુ ખરૂં, પણ તેણીને લખતાં બિલકુલ આવડતુ નહોતુ. પોતાની મેળે થોડું લખતાં શિખવાને જે શ્રમ તેણીએ લીધો હશે તે જાણે તે દેખતો હોય એમ તેને લાગ્યું. અને ચિટ્ઠીમાં લખેલા શબ્દો જોઇને તેની આંખોમાં આંસુનાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં. તેણે વિચાર કર્યો કે, હુ જઇશ તો ખરો, પણ તેને આચકો એટલો પડ્યો કે મારી પત્ની જે કાયદાની તથા ન્યાયની રૂએ મારી છે તેનો હું કબજો કેવી રીતે મેળવી શકીશ? ટપાલની છાપ પરથી જણાતું હતુ કે ત્યાંથી કેટલાક માઇલ દૂર આવેલા એક ગામડામાં તે પોતાના બાપના ઘરમાં છે. પોતાના ઉપરીની રજા લઇને તે ત્યાં જવાને ચાલી નિકળ્યો, અને થોડી વારમાં પોતાના સસરાના ઘરની નજીક આવી પહોંચ્યો. પછી ત્યાં આગળ થોભીને તે વિચાર કરવા લાગ્યો કે, શું હુ ઉઘાડે છોક ઘરમાં જઇને મારી પત્નીને માટે માગણી કરૂં, કે તેને છાની રીતે મળવાનો લાગ શોધુ? એવો વિચાર કરતો કરતો જે એક્કામાં તે બેસીને આવ્યો હતો તેમાંથી ઉતરીને ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યો, અને એક્કા હાંકનારને કહ્યું કે થોડી વાર

પછી એક્કાને મારી પાછજ હાંકી લાવજે. ઘરના ચોકમાં પેસવાનું બારણું હાલું વાસેલું હતું. તે સહેલી રીતે પાધરો અંદર જઇ શકત, પણ એમ કરતાં પહેલાં તેણે પુછી જોયું કે, "ઘરમાં કોઇ છે કે? હું અંદર આવું કે?"

તેની પત્નીએ તેને ઉત્તર આપ્યો કે, "આવો," અને તેણે બારણું ઠેલીને ઉઘાડયું ત્યારે તે તેને મળવા સામી આવી, અને ત્યાં બીજું કોઇ દેખાતું નહોતું.

પતિ પત્નીને જુદાં પડ્યાંને બે વરસ કરતાં વધારે વખત થયો હતો, અને તે વખતે તે સહેજ સ્ત્રીના રૂપમાં આવી હતી. હમણાં તે પુખ્ત ઉમરની બૈરી થઇ ગઇ હતી. પ્રથમ પતિ બોલ્યો કે, "મને તારો પત્ર મળવાથી હું તને તેડવા આવ્યો છું, પણ એ કેવી રીતે બની શકશે? આ લોકો તને આવવા દેશે કે?"

બાઇએ ઉત્તર આપ્યો કે, "મારા પિતાજી એક માસ થયા મરી ગયા છે, અને તે દિવસથી મારી માએ વિલાપ કરવા માંડયો છે કે આ છોકરીનું મારે હમેશાં પાલણ પોષણ કરવું પડશે, અને એ બધા ખરચ હું ક્યાંથી પુરો પાડીશ? એ માટે મને લાગે છે, તે ઘણી ખુશીથી મને આવવા દેશે."

અને એમજ થયું. પોતાની દીકરી ધણી છતાં ધણી વગરની રહે તેના કરતાં ખ્રીસ્તી ધણીની સાથે તે રહે તે વધારે સારૂં એમ તેણી જાણતી હતી. માટે સુદર્શનદાસની પત્ની પોતાની માની સમ્મતિથી પોતાના પતિ સાથે એક્કામાં બેસીને પતિને ઘેર આવી.

એ બનાવને છ વર્ષ થઇ ચુક્યાં છે. સુદર્શનદાસના ઘરમાં બે નાની બાળકીઓનો વધારો થયો છે. તેઓથી તેમના બાપના આનંદમાં બહુ વૃદ્ધિ થઇ છે. આ બે બાળકીઓ તેને બહુજ વહાલી હતી, તેનું એક કારણ એ હશે કે તેણે બીજાં બધાં સગાં વહાલાં ખોયાં હતાં. તેને શોકનું એક જબરૂં કારણ હતું. જેમ જેમ દિવસ જતા ગયા તેમ તેમ તેને ખાતરી

થતી ગઇ કે, મારી પત્નીએ ખ્રીસ્તી ધર્મ કબુલ કીધો છે તે ખ્રીસ્તની ખાતર નહિ પણ ફક્ત મારી ખાતર. તેણીને બાપ્તિસ્મા આપ્યા પહેલાં સારૂં તથા સંભાળથી શિક્ષણ આપવામાં આવ્યું હતું, અને ખ્રીસ્તી ધર્મની સત્યતામાં પોતાનો વિશ્વાસ છે એમ તેણીએ કબુલ કર્યું હતું. એ વાત ખરી, તોપણ વખત જતાં માલમ પડ્યું કે તેણીએ ઇસુ ખ્રીસ્તને પોતાના હૃદયમાં આવકાર આપ્યો નહોતો, અને તેને વિષે જ્ઞાન પામવાની તથા તેની આજ્ઞાઓ પાળવાની તેને ખરી ઇચ્છા નહોતી. તેનો પતિ આતુરતાથી પ્રાર્થના કરતો હતો કે ઇશ્વર કૃપા કરીને તેની આંખો ખોલીને તેણીને તારનારની અગત્ય દેખાડે અને એમ તેણી તારનારની ખરી શિષ્ય થાય.

સુંદરી ખરી ખ્રીસ્તી બાઇ નહોતી, એટલુંજ નહિ પણ બીજી દિલગીરીની વાત એ હતી કે, તે પત્ની તરીકેની તથા મા તરીકેની પોતાની ફરજો બજાવવામાં પણ નકામી જેવી હતી. ઘરમાં બધું મેલું અને અવ્યવસ્થિત રાખતી અને પોતાની બન્ને નાની બાળકીઓને તેઓની મરજી મુજબ વર્તવા દેતી, કેમકે હિંદુ પત્ની તથા માના કરતાં ખ્રીસ્તી પત્ની તથા મા છેક જુદી હોવી જોઇએ તે તેણી સમજી શકતી નહોતી. એ માટે જેવી રીતે તેની માએ તેને ઉછેરી હતી તેવીજ રીતે તેણીએ પોતાની બે નાની છોડીઓને ઉછેરી.

ઉપર કહેલે દિવસે તો તેમના ઘરમાં બધી વાતે હમેશના કરતાં પણ વધુ અવ્યવસ્થા હતી; ઘર હમેશના કરતાં પણ વધારે કચરાવાળું હતું. આગલે દિવસે તોફાની પવન વાયો હતો અને તેથી ઘરમાં બધે ધુળ ધુળ થઇ રહી હતી. તે સાફ કરવાને કંઇ પણ યત્ન કરવામાં આવ્યો નહોતો, અને જ્યારે સુદર્શનદાસ તે દિવસનું પોતાનું કામ શરૂ કરવાની તૈયારી કરવા લાગ્યો ત્યારે જે કોઇ વસ્તુને તે અડકે તેના પર ધુળનું પડ હોય. પોતાની નાની બાળકીઓ જે તેને અતિ વહાલી હતી તેઓ

મેલાંદાટ કપડાં પહેરીને રમતી ફરતી હતી, અને તેઓ એટલી મેલી દેખાતી હતી કે તેઓના બાપને એમ લાગ્યું કે એ મારી બાળકીઓ છે એમ કબુલ કરતાં મને કદાપિ શરમ લાગે. તેની ધણીઆણી પણ છોકરીઓના જેટલી મેલી દેખાતી હતી, અને આળસુ થઇને બેસી રહી હતી, અને ઘરમાં ઠીકઠાક કરવાને પોતે જાતે કંઇ યત્ન કરતી નહોતી તેમ બીજા કોઇને પણ એ કામે લગાડતી નહોતી. સુદર્શનદાસ તો ઘણો સહનશીલ માણુસ હતો અને ગદવાડ તથા મલીનતામાં રહેવાને કેટલેક અંશે તેને મહાવરો પડી ગયો હતો. પણ આજે તો બધુ એટલું મેલું દેખાતુ હતું કે તે પણ સહન કરી શક્યો નહિ. અને તેણે પોતાની પત્નીને ઠપકો આપતાં કહ્યું કે, ઢેડ ભંગીઆનું ઘર પણ આવુ ગદુ ન હોય. ત્યારે તેની પત્નીએ પણ એટલોજ ઝાટકો લાગે એવે અવાજે કહ્યું કે, જો ઘર સાફ કરાવવુ હોય તો ચાકર રાખો, કેમકે વાળવા ઝાડવાનું કામ મારૂ નથી. એમ કેટલીક વાર સુધી બન્ને વચ્ચે બોલચાલ થઇ, પછી સુદર્શનદાસને પોતાની એદી પત્ની પર ઘણો ગુસ્સો ચઢવાથી ઘરમાંથી નિકળી ગયો.

સુંદરીનો ગુસ્સો શમ્યો ત્યારે તે ઘણી પસ્તાવા લાગી. તેનો પતિ તેની સાથે હમેશાં એટલી બધી માયાળુ રીતે તથા પ્રીતિથી વર્તતો હતો કે તેણીનો ગમે તેટલો વાંક હોય તો પણ તેને ગુસ્સો કરતો નહિ, અને પેલી બે બાળકીઓ નાસ્તો કરી રહી ત્યારે તેમની જોડે પોતે પણ જમવાને બદલે રડવા બેઠી. પણ થોડી વારમાં કોઇ અજાણ્યો સાદ સંભળાયો કે, "હું માંહે આવું ?"

બારણું ઉઘાડું હતું માટે ઉપરનો પ્રશ્ન પુછનાર બાઇ માણુસ જવાબની રાહ જોયા વગર અંદર ચાલી આવી. તેની સ્વચ્છ ધોળી સાડી પર એક પણ ડાઘ નહોતો, અને તે પોતે પણ એવી સુઘડ હતી કે ઘરધણીઆણી તથા તેની આસપાસના દેખાવમાં અને તે બાઇના દેખાવમાં આકાશ જમીનનો ફેર

માલમ પડતો હતો! પોતાના ધણીના ઠપકાથી સુંદરીનું મન દુઃખી હતું, અને આ બાઇને જોઇને સુદરી જેવીને પણ પોતાને વિષે તથા પોતાની આસપાસની અસ્વસ્થતાને લીધે શરમ લાગી, અને કઇ કંઇ બહાનાં કાઢવા લાગી. પોતાની આંખોમાંનાં આંસુ લુછી નાખીને અદરની ઓરડીમાં જઇને તે એક ખુરસી લઇ આવી, પણ મળવા આવનાર બાઇએ ડહાપણ વાપરીને ખાટલા પર બેસવાનુ પસંદ કીધુ, કેમકે ખુરસી કરતાં તે ચોક્ખો દેખાતો હતો. પછી તે બાઇ બોલી કે, "હુ કોણ છુ તે મારે તમને જણાવવુ જોઇએ. થોડા દિવસથી મારા ધણીની અહી બદલી થઇ છે. મારા ધણીને અને તમારા ધણીને અગાઉ ઓળખાણ હોવાથી મારા ધણીએ તમારા ધણીને અમારે ઘેર નોતર્યાથી તેઓ અમારે ત્યાં આવ્યા છે અને તેમની માગણીથી હુ તમારી મુલાકાતે આવી છું, કેમકે આજે મને રજા હોવાથી ફુરસદ હતી."

હવે સુંદરીને યાદ આવ્યું કે મારા ધણીએ મને કહ્યું હતું કે આજે અમુક બાઇ સોવસા મારી મુલાકાતે આવશે. પણ આજના તેના ઉચાટથી બીજી બધી વાતોનુ સ્મરણ તેના મનમાંથી જતું રહ્યું હતું.

આ બે બાઇઓની વચ્ચે વાત ચાલતી હતી તેવામાં બન્ને બાળકીઓ ત્યાં દોડી આવી, એટલે મળવા આવનાર બાઇ જેણે સ્વચ્છ કપડાં પહેર્યાં હતાં તેણે તેમને પોતાની પાસે બોલાવ્યાથી જ્યારે તેઓ પોતાનાં મેલાં કપડાં સહિત તે બાઇની પાસે ઉભી રહી ત્યારે પણ સુંદરીને શરમ લાગી. તે બાઇએ બાળકીઓને કહ્યું કે, "મારી બાળકીઓ હવે મોટી થઇ છે, ને રોજ નિશાળે જાય છે, અને જ્યારે તેઓ ઘરમાં નથી હોતી ત્યારે ઘરમાં બધુ સુનું સુનું લાગે છે. માટે તમો કોઇ દિવસે તમારી માની સાથે આવી મારી તથા મારા ઘરની મુલાકાત લો તો બહુ સારૂં."

બાળકીઓએ આતુરતાથી ઉત્તર આપ્યો કે "હા, હા, અમે જરૂર આવીશું." કેમકે એ બાઇના ખુશકારક સાદ

તથા હસમુખા ચહેરાથી બાળાઓનાં હૃદય તરત તેની તરફ લલચાયાં.

વિદાય થતી વખતે તેણીએ સુંદરીને કહ્યું કે, "બહેન, તમે ઉદાસ તથા આકુળવ્યાકુળ જણાઓ છો; જો તમારે કંઇ મદદ જોઇએ તો એટલું યાદ રાખજો કે, મારાથી બની શકે તેટલું તમારે માટે હું બહુ ખુશીથી કરીશ."

આ માયાળુ શબ્દોથી સુંદરીનાં દબાવી રાખેલાં આંસુ પાછાં ટપકવા લાગ્યાં, અને તેથી માલમ પડયું કે તે ખરેખર દુઃખી હતી. નવી બાઇએ તેણીને તાણીને પોતાની પાસે ખાટલા પર બેસાડી અને માયાળુપણે કહ્યું કે, "તમને શું દુઃખ છે તે મને કહેશો? કદાપિ હું તમને મદદ કરી શકું."

સુંદરીએ ડસકાં ખાતાં ખાતાં કહ્યું કે, "મારા ધણી મારા પર ગુસ્સે થયા છે, અને તેમને કેવી રીતે સંતોષ પમાડવો તે હું જાણુતી નથી."

સાંભળનાર બાઇએ મેલા અને અવ્યવસ્થિત ઘરમા ચોતરફ નજર ફેરવી તો આ દુઃખી બાઇને માટે તેને જેટલી દિલસોજી હતી તેટલીજ દિલસોજી નાખુશ થએલા ધણીને માટે પણ ઉત્પન્ન થઇ, કેમકે શો વાંધો છે તે કોઇને તેને કહેવું પડે એમ નહોતું.

માટે તેણીએ નરમાશથી તેણીને કહ્યું કે, "કદાપિ તમારા ધણીને તમારા પર ગુસ્સે થવાનું તમે કારણ આપ્યું હશે. હું ધારૂં છું કે હું તે કારણ કળી શકુ છું."

કાંઇક ગુસ્સાથી જવાબ આપવામાં આવ્યો કે, "મારી માએ કંઇ વાસીદુ વાળવા કે ઝાડઝુડ કરવા માટે મને ઉછેરી નથી. એ મારૂં કામ નથી, અને એ હું કરવાનીજ નથી."

બીજી બાઇએ હસતાં હસતાં કહ્યું કે, "મને લાગે છે કે ઘરમાં આવતી વખતે મારા જોવામાં એક ચાકરડી આવી હતી. તે વાળવા ઝુડવાનું કામ ન કરી શકે શું?"

જવાબ મળ્યો કે, "તેની મરજી હોય ત્યારે તે કરે છે, પણ તે બહુ આળસુ છે, અને ગઇ રાત્રે તે પોતાને ઘેર ગઇ હતી, ને ત્યાંથી હમણાંજ આવી છે."

"ત્યારે તમારો ધણી ગુસ્સે થાય તેની બીક કરતાં તમને વાળવાની બીક અધિક લાગે છે? આપણા વહાલા પ્રભુએ પોતાના શિષ્યોના પગ ધોયા હતા એ વાત તમને યાદ છે કે? તો જ્યારે બીજું કોઇ વાળનાર ન હોય ત્યારે આપણે પોતાનું ઘર વાળતાં શા માટે શરમાવુ જોઇએ?"

જતી રહેલી ચાકરડી આ પળે ત્યાં અંદર આવી, એટલે તેની શેઠાણીએ બધી ખામીઓને માટે તેનો દોષ કાઢીને પોતાના ગુસ્સાનો બધો ઉભરો તેના પર કાઢ્યો.

મુલાકાતે આવેલી બાઇને એવુ મન થતુ હતું કે ધરધણી-આણીને એમ કહું કે, "ચાલો, આપણે બન્ને મળીને બધુ ઝાડીઝુડીને સાફ કરીએ," પણ તેણીએ જોયુ કે હવે મારી મદદ કે ઉત્તેજનની કઇ જરૂર નથી, માટે જે આમંત્રણ તેણીએ બાળકીઓને દીધુ હતુ તેનું ફરીથી સ્મરણ કરાવીને તથા ફલાણે દિવસે આવજો એમ કહીને ત્યાંથી તેણીએ વિદાયગીરી લીધી

પ્રકરણ ૫ મું.

એમેલાઇન.

એમેલાઇન દિલગીર થઇને પોતાને ઘેર પાછી આવી. પોતે જે ગામમાં અગાઉ પોતાના ધણી સાથે રહેતી હતી ત્યાં તેણીએ સુદર્શનદાસની વાત સાંભળી હતી. અને ખ્રીસ્તની ખાતર જેઓએ એટલું બધુ દુઃખ વેઠયું હતુ તેને વિષે એમને ખાતરી હતી કે તેઓ તેને ખરા અંતઃકરણથી માનતા હશે, માટે તેઓની સોબત તથા દિલસોજીથી તેના મનમાં ધણી આશા હતી. સુદર્શનદાસની મુલાકાતથીજ તે કેટલેક દરજ્જે નિરાશ થઇ હતી, પણ તેનું અવ્યવસ્થિત ઘર જ્યાં જઇને તે

હમણાંજ પાછી આવી હતી, તે યાદ આવવાથી તો તે છેક નિરાશ થઇ ગઇ હતી. જે સતધર્મનું જ્ઞાન અમે પામ્યા છીએ તે, અમને સારી ધણીઆણીઓ તથા માઓ બનાવે છે એવું જો અમે અમારી વર્તણુકથી બતાવીએ નહિ તો પોતાને ખ્રીસ્તીઓ કહેવામાં શો ફાયદો? એ વિચારથી તે સુદર્શનદાસ વિષે તથા તેની ધણીઆણી વિષે બહુ દિલગીર થઇ, પણ વિશેષે કરીને તેને ખ્રીસ્તની ખાતર વધારે શોક ઉત્પન્ન થયો. તેને એવો પણ વિચાર આવ્યો કે જો અમે અમારાં હિંદુ પાડપાડોસીઓ કરતાં સારાં નહિ હોઇએ અથવા તેમના કરતાં ભુડાં હોઇએ તો તેથી આપણા પ્રભુનુ કેટલુ બધુ અપમાન થાય!

ત્યાર પછી તેને પોતા વિષે વિચાર આવ્યો કે એક વખત એવો હતો કે જ્યારે હું પણ નહોતી જાણુતી કે ખ્રીસ્તી થવુ એનો અર્થ ખ્રીસ્ત વિષેનું શિક્ષણ પામવુ તથા તેને અનુસરવુ, અને તેવામાં મને પણ કોઇ કોઇ વાર દેવળમાં જવાથી અને કોઇ કોઇ પ્રસગે બાઇબલની થોડી કલમો વાંચવાથી સતોષ મળતો હતો. મેં પણ પ્રભુ ઇસુ ખ્રીસ્ત વિષેનુ કંઇક જાણ્યું હતું, પણ તેને મારો પ્રભુ તથા સ્વામી હું નહોતી ગણુતી, ને તેને પ્રસન્ન કરવો એ મારી જીંદગીનો મુખ્ય હેતુ હોવો જોઇએ તેવો વિચાર તેને વિષે મારા મનમાં નહોતો. પછી તેને યાદ આવ્યું કે, મને પણ જ્યારે ફલાણી સુભક્ત બાઇનો મેળાપ થયો ત્યારેજ મને ખાતરી થઇ કે જે પ્રકારની જીંદગી હું ગાળતી હતી તે તદન સ્વાર્થી તથા નકામી હતી. ખ્રીસ્તી થવું એટલે ખ્રીસ્તના થવું અને બધી વાતે તેને પ્રસન્ન કરવા યત્ન કરવો જોઇએ, એ તે મોનિકા મુકરજીથી શિખી હતી.

પ્રથમ તો તે આ નવી રીતનું જીવન ગાળવા ચહાતી નહોતી, પણ શોક તથા સંકટને સમયે તેણીએ ખ્રીસ્તનો સાદ સાંભળ્યો કે, "ઓ સહુ કષ્ટિતો તથા ભારે બોજા તળે દબાએલાઓ, તમે મારી પાસે આવો અને હું તમને આરામ આપીશ."

તેણીએ એ આજ્ઞા લક્ષપૂર્વક સાંભળી ને માની અને ત્યારથી માંડીને તેની જીંદગી બદલાઇ ગઇ.

આ અવિચારી તથા બેદરકારી બાઇ વિષે તેણીને લાગ્યું કે જેવી હું અસલ હતી તેવીજ આ આબેહુબ છબી છે. અને તેણીએ આતુરતાથી તથા અંત:કરણપૂર્વક પ્રાર્થના કીધી કે, "ઓ પ્રભુ, જો તેને તારી તથા તારી પ્રીતિની જાણ ન હોય તો કૃપા કરીને તેને તારી પાસે દોરી આણવાને મને સાધન-રૂપ કર."

જ્યારે તે પોતાને ઘેર આવી ત્યારે પેલા ઘરની તથા પોતાના ઘરની વચ્ચેનો ભારે તફાવત તેના ધ્યાનમાં આવ્યા વગર રહ્યો નહિ. પોતાના ઘરમાં દ્રવ્ય તથા મોજશોખની કઇ નિશાણીઓ નહોતી પણ સ્વચ્છતાની તથા સુખની નિશાણીઓ હતી; જે જેવાં હતાં તેવાં તેનાં ઘર હતાં. એમેલાઇન લાગલીજ અંદરની ઓરડીમાં ચાલી ગઇ, અને ઘુટણ ટેકવીને ફરીથી તે કુટુંબને માટે ઇશ્વરની પ્રાર્થના કરી કે, "જો તેઓને વધારે ધાર્મિક તથા વિશ્વાસુ જીંદગીમાં દોરી જવા સારૂ મારી નિમણુક કીધી હોય, તો હું મારી એ ફરજ વિશ્વાસુ રીતે બજાવી શકું એવુ બળ તથા બુદ્ધિ તું મને દેજે." ખ્રીસ્તની પાઠશાળામાં દાખલ થયા પછી તેને ઘણા પાઠ શિખવા પડ્યા, પણ એક બહુ ઉપયોગી એ પાઠ શિખી હતી કે, પ્રાર્થના કર્યા વગર કોઇ કામ આદરવુ નહિ. અને જાથુ એ પ્રમાણે કરતી હોવાથી એમ કરવાની તેને ટેવ પડી ગઇ હતી. જેમ સ્વાભાવિક રીતે તેણી પોતાની ઇચ્છાઓ તથા હાજતો પોતાના ધણીને કહેતી તેવીજ સ્વાભાવિક રીતે પોતાની જીંદગીની બધી હાજતો તથા અડચણો પોતાના પ્રભુની આગળ રજુ કરવાને તે શિખતી હતી.

એક દિવસે તે પોતાની એક સખી સાથે એવી વાત કરતી હતી કે, "જ્યારે મને તે પોતાની માંહે રહેવાનું ફરમાવે છે ત્યારે મારે શા માટે કંઇ પણ બાબત તેનાથી અલગ રાખવી

જોઇએ ? જો મારો તેની જોડે એટલો નિકટનો સંબંધ છે જે બધુ મારૂં તે તેનું પણ હોવુ જોઇએ."

બીજાું એક કામ કરવાનું હતું. જે બધાં માણસોને મ આ ખ્રીસ્તની સેવકીના અતઃકરણમાં ખાસ ચિતા હતી, એ જેમને માટે દરરોજ નિયમસર પ્રાર્થના કરવા ને ચહાતી હ તે બધાંના નામની તે હમેશાં ટીપ લખી રાખતી ; માટે કુટુંબનાં માણસોનાં નામ તેણીએ તે ટીપમાં હમણાં ઉમે અને ત્યારથી દરરોજ તે સુદર્શનદાસ, તેની ધણીઆણી ત તેઓની બાળકીઓને માટે પ્રાર્થના કરવા લાગી. એમેલા ઘણા દિવસ સુધી એકલી ન રહી. એક દિવસ કોઇની ગા તેણીના ઘર આગળ આવતી સભળાઇ, અને પછી કોઇ પુછયું કે, "કોઇ ઘરમાં છે કે ?"

એ સાદ તેણીએ ઓળખ્યો અને તેથી પૂછનારને ઝાઝી બહાર થોભવું ન પડયું. મુલાકાતે આવનાર બાઇ તરત અ આવીને બેઠી ને પોતે જે કામે આવી હતી તે કહેવા લાગ તે બોલી કે, "તમે એક વખતે મને કહ્યું હતું કે, જો ઝનાનો નજીકમાં હોય, અને તેમાં મને જવાની પરવાન મળે તો હુ ઘણી ખુશીથી ઝનાનાની મુલાકાત લેવાનું કા થોડુ ઘણું કરૂં, એ તમને યાદ હશે. મારા હાથ નીચે શિક્ષ લેનારી એક બાઇ થોડા વખત પર આટલામાં રહેવા આ છે, માટે તેની મુલાકાતે વખતો વખત આવવાનું મને મુશ્કેલ પડે એમ છે, પણ તમને ઘણું સહેલ પડે. જો તમે તે શિખવવાનું માથે લો, તો તે ઘર હુ તમારા હવાલામાં સોંપું."

એમેલાઇન આથી ઘણી ખુશી થએલી દેખાઇ; કે આ નવા સ્થળે પ્રભુને માટે કાંઇ કામ કરવાની તેને અભિલાષા હતી, અને એ કામ હમણા વગર શોધે તેને હ લાગ્યું. તેણીએ પોતાના મનમાં કહ્યું કે, પ્રભુ, હું ત આભાર માનું છું. અને પેલી બાઇને કહ્યું કે, ' ખુશીથી એ ઘરની મુલાકાત લેવાનું માથે લઇશ, અને

કામ મને તમે સોંપો છો તેને માટે તમારી આભારી થઇશ; આ નવી જગ્યાએ આવ્યાથી મને નવેસરથી જીંદગી શરૂ કરવા જેવું લાગે છે, અને મને આશા છે કે મને દરરોજ કંઇ કામ કરવાનું સોંપવામાં આવશે."

પેલી બાઇએ જવાબ આપ્યો કે, "એ વિષે તો તમારે કંઇ અંદેશો રાખવો નહિ. પરમેશ્વરને આ દેશમાં એટલું બધું કામ કરવાનું છે, અને તે કામ કરનાર એટલાં થોડાં છે કે, જે કોઇ તેની સેવા કરવાને રાજી હશે તેને તે આળસુ બેસી રહેવા દેશે નહિ." પછી તે ઘરનું ઠામ ઠેકાણું લખી આપીને એ બાઇ ચાલી ગઇ. તેણીએ જાણ્યું કે એમેલાઇને પોતાનું હૃદય તથા જીંદગી પોતાના ખરીદનારને અર્પી દીધાં હતાં, અને તેથી તેણી જે લોકો મધ્યે રહેવા આવી હતી તેઓને આશીર્વાદરૂપ થઇ પડશે એ વિચારથી તેણીના મનમાં બહુ હર્ષ ઉત્પન્ન થયો. રસ્તે જતાં જતાં તેણીએ વિચાર કીધો કે, "મને લાગે છે કે, મને એક નવી સખી તથા સહકામદાર મળી છે."

હવે દસ વાગ્યાનો વખત થયો હતો; એમેલાઇનનો ધણી પોતાના કામ પરથી અને છોડીઓ પોતાની નિશાળમાંથી થોડી વારમાં ઘેર આવશે, તેથી તેણીને હમણા પેલા નવા ઘરની મુલાકાતે જવાનો વખત નહોતો, કેમકે આ બાઇ પોતાનો પત્ની તરીકેનો તથા મા તરીકેનો ધર્મ સમજતી હતી, અને જાણતી હતી કે, પોતાના પતિની તથા છોકરાંની સંભાળ લેવી, અને ઘરની બરાબર વ્યવસ્થા રાખવી એ પણ પરમેશ્વરનું સોંપેલું એક ખાસ કામ છે.

પ્રકરણ ૬ ઠું.

શિવરાણી.

હિંદુ તહેવારને લીધે નિશાળમાં રજા હોવાથી આજે મદનલાલ ઘેર હતો. તે એક પુસ્તક વાંચવામાં છેક લીન થઇ

ગયો હતો, એવામાં કોઇના પગલાંનો અવાજ સંભળાવાથી તેણે ઉંચું જોયું તો તેણે ધોળી સાફ સાડી પહેરેલી એક દેશી બાઇને પોતાની સામે ઉભેલી જોઇ.

તેના દેખાવ ઉપરથી તથા તે ચાલતી આવેલી હતી તે ઉપરથી તે ખ્રીસ્તી હશે એમ તેને લાગ્યું; માટે તે પોતાના મનમાં તાજુબ થવા લાગ્યો કે કોઇ દિવસે નહિ ને આજે આવી બાઇ મુલાકાતે શા માટે આવી હશે! પણ તેને ઝાઝીવાર અદેશામાં રહેવા દીધો નહિ. બાઇ બોલી કે, "જે બાઇ તમારી વહુને શિખવતાં હતાં, તેમણે મને તેણીની મુલાકાતે આવવાનું કહ્યું હતું. તમારી રજા હોય તો હું તમારી વહુને મળીને મારે તેને શિખવવા આવવાને કયો વખત અનુકુળ પડશે તે વિષે ગોઠવણ કરૂં."

પદ્નલાલ આ વાતમાં ઘણો ખુશી હતો, માટે તે પોતાની વહુને બોલાવી લાવ્યો. પ્રથમ તો તેણી શરમાતી હતી, અને ભાગ્યેજ કોઇ શબ્દ બોલતી હતી, પણ જ્યારે એમેલાઇનની સુચનાથી તેણીનો ધણી ત્યાંથી ગયો, ત્યારે તેની જીભ છુટી થઇ અને તે સરળતાથી વાત કરવા લાગી. પોતાનું વહાલું બાળક જે માત્ર ટુંક મુદતભર જીવ્યું તેના વિષેની વાત રૂખમણી હરકોઇ વાત કરતાં લાવ્યા વગર રહી શકતી નહોતી. તેણી પોતાના ઠાલા ખોળા વિષે તથા સુનકાર ઘર વિષે વાત કરતી હતી, તે દરમ્યાન એમેલાઇન તેણીનો હાથ પોતાના બન્ને હાથમાં ઝાલી રહી હતી, અને બોલી કે, "પ્રિય બહેન, એ દુઃખ કેવું છે તે હું બરાબર જાણું છું, કેમકે મારો પહેલા ખોળાનો છોકરો એક વરસનો થઇ મને મૂકીને ચાલ્યો ગયો, અને હું પણ કહેતી હતી કે, 'મારો ખોળો ઠાલો પડયો છે;' પણ ત્યાર પછીથી મને એવો અનુભવ તથા ખાતરી થાય છે કે, પરમેશ્વર આપણને એવો આનંદ આપી શકે છે કે તેને કોઇ પણ છીનવી લઇ શકતું નથી."

રૂખમણીએ શોકાતુર રીતે કહ્યું કે, "મને બીજો છોકરો થાય ત્યાં સુધી મારો શોક કદી ટળવાનો નથી." એમેલાબાઇન તરત તો કાંઇ બોલી નહિ, કેમકે તેની આગળ બેઠેલી બાઇને શોકનો તો બરાબર અનુભવ હતો, પણ દિલાસો આપનાર દેવ વિષે તે છેક અજાણ હતી, માટે તેને એટલું બધુ કહેવાનું હતું કે ક્યાંથી શરૂ કરવું તથા પ્રથમ શુ કહેવુ તે વિષે તેને વિચાર કરવાનો હતો.

થોડી વાર છાની રહ્યા પછી તેણીએ પુછ્યું કે, "એક વિધવાનો એકનો એક છોકરો મરી ગયો હતો, પણ તે તેણીને પાછો જીવતો સોંપવામાં આવ્યો, એ વાત હુ તમને કહી સભળાવુ કે?" રૂખમણીએ કહ્યું "એ છોકરો મરી ગયો નહિ હોય, કેમકે જો એમ હોત તો તે તેને પાછો મળી ન શકત. મરી ગએલું કોઇ પાછું આવતું નથી; તેઓ કેમ કરી આવી શકે?"

એમેલાબાઇને ઉત્તર આપ્યો નહિ પણ તે એ વાત વાંચવા મડી. જ્યારે તે વાત વાંચી રહી ત્યારે રૂખમણીએ કાંઇક બેદરકારીથી કહ્યું કે, "હુ ઇસુ ખ્રીસ્ત વિષે જાણું છું; એ તેનું પુસ્તક છે. મારા ધણીની પાસે નવા કરારનુ પુસ્તક છે, ને કોઇ કોઇ વખતે મેં તેમને તે વાચતાં સાંભળ્યા છે. મને એમ લાગે છે કે તે કાળમાં હુ હોત તો કેવું સારૂં થાત! કેમકે ત્યારે તો ઇસુ મારા બાળકને કદાપિ જીવતું કરત, પણ એમ કરી શકે એવું હમણાં કોઇ નથી."

ત્યારે એમેલાબાઇને તેને કહ્યું કે, "મારો બાળક જે દસ વરસ ઉપર મરી ગયો હતો તે દેવના ઘરમાં હાલ જીવતો છે, અને એક દિવસ હું પણ જઇને તેની સાથે રહીશ."

રૂખમણીએ બેદરકારીથી ઉત્તર આપ્યો કે, "તમો ખ્રીસ્તી છો અને એવો તમારો ધર્મ છે, પણ હું હિંદુ છું અને અમારો ધર્મ જુદો છે."

એમેલાઇનને લાગ્યું કે, આ બાઇની સાથે વાત કર્યાથી તો કંઇ ફાયદો થાય એમ નથી, પણ તેને માટે પ્રાર્થના કરવાથી ફાયદો થવાનો વધારે સંભવ છે; માટે તે બાઇએ તેણીને કહ્યું કે તમે તમારૂં વાંચવાનું પુસ્તક લાવો. આ બાબતમાં તો તેણીએ બહુ આતુરતા દર્શાવી, અને પછી તેને દરરોજ નિયમિત શિક્ષણ આપવાને સારૂ વખત નિમીને તે જવાને તૈયાર થઇ.

રૂખમણીએ પુછ્યુ કે, "તમે એકાદ ધર્મગીત નથી ગાવાનાં? મડમ સાહેબ જ્યારે જ્યારે આવે છે ત્યારે ત્યારે ગાય છે."

એમેલાઇન પાછી બેઠી અને તુરતજ જગતના ત્રાતાની સ્તુતિનું ગીત મધૂર સુરે લલકારવા લાગી.

આ બાઇ ઘરમાંથી નિકળતી હતી એટલામાં પદ્નલાલે નિકળી આવીને માફી માગતો હોય એવી રીતે તેને કહ્યુ કે, "મારી પત્ની તમને નાદાન તથા અજ્ઞાન જેવી માલમ પડશે એવુ મને લાગે છે."

એમેલાઇને ઉમળકાથી ઉત્તર આપ્યો કે, "ના ના! જો એમ હશે તો પણ તેનું કારણ એજ છે કે તેને શિક્ષણ મળેલું નથી." પછી તેણીએ આતુરતાથી કહ્યુ કે, "શું આપણ બધાં બહુ નાદાન તથા મૂર્ખ નથી? તેમ છતાં પરમેશ્વર આપણને શિખવવાને બહુ રાજી તથા તત્પર છે, માટે આપણે તેની ઇચ્છા જાણવાને તથા તે પ્રમાણે વર્તવાને પ્રયત્ન કરવો જોઇએ." એમ કહીને તે પોતાને માર્ગે ચાલી ગઇ.

પદ્નલાલ ત્યાંજ ઉભો ઉભો તેણીના બોલેલા શબ્દો વિષે વિચાર કરવા લાગ્યો કે, "આપણે તેની ઇચ્છા જાણવાને તથા તે પ્રમાણે વર્તવાને પ્રયત્ન કરવો જોઇએ." તેને એવું લાગ્યું કે જો હું પરમેશ્વરની ઇચ્છા જાણું તો પણ તે પ્રમાણે વર્તવા હું સૌ વસા ચાહીશ નહિ, માટે ઇશ્વરની ઇચ્છા જાણવાને પ્રયત્ન નજ કરવો એ બહેતર છે. આ પળે

ટપાલવાળો એક પત્ર લઇને આવ્યો એટલે પદ્મનલાલનું મન બીજી બાબતોમાં ગુંથાયું. એ પત્ર તેના વડીલ ભાઇ તરફનો હતો, અને તેમાં એવા સમાચાર લખેલા હતા કે, "મારી પત્ની કેટલાક વખતને માટે પોતાને પીએર જવાની છે, માટે મારો ઇરાદો એવો છે કે આપણી રાંડેલી બેનને તેટલો વખત તમારે ત્યાં રહેવા મોકલવી."

આ સમાચાર વાંચતાં વાંચતાં પદ્મનલાલને એવો વિચાર આવ્યો કે, "મડમ સાહેબ મારે ઘેર મુલાકાતે આવે તે વિષે મારા ભાઇને જે દહેશત હતી તે તેઓ ભુલી ગએલા જણાય છે, નહિ તો શિવરાણીને તેના તેજ જોખમમાં મોકલવાનો ઇરાદો કરે નહિ. ગમે તેમ હોય પણ આ વખત હું કાંઇ જોખમ માથે રાખવાનો નથી, અને મારી બેન આવશે ત્યારે સાફ કહીશ કે, તારે વાંચતાં શિખવું હોય તો બિહારીલાલની પરવાનગી વગર શરૂ કરવું નહિ."

એ માટે જ્યારે બીજે વખતે એમેલાઇન પદ્મનલાલની વહુને શિક્ષણ આપવાને આવી ત્યારે તેણીએ ઘરમા એક નવી બાઇને જોઇ. તેની ધોળી તથા સાદી સાડી ઉપરથી તેણીએ તરત જાણ્યું કે તે વિધવા છે. એ દિલગીર પણ મધુર વદનની સુકુમાર સુંદરીને જોતાજ તેનું હૃદય તેણીના તરફ આકર્ષાયુ, અને તેણીએ પોતાના મનમાં ઉત્સાહથી પ્રાર્થના કીધી કે, "હે પ્રભુ, કૃપા કરી એવુ કર કે, આ બાઇ તને ઓળખવા શિખે અને જે દિલાસો તું આપી શકે છે તે તે પામે."

એમેલાઇને તેને પણ શિખવવાની ઇચ્છા બતાવી; પણ તેણીએ ઉત્તર આપ્યો કે, "મારો ભાઇ કહે છે કે, મારા મોટા ભાઇ બિહારીલાલની પરવાનગી લીધા વગર મારે વાંચતાં શિખવું નહિ, અને મને ખાતરી છે કે તેમની મરજી નથી; પણ હું નજીક બેસીશ, અને મારી ભોજાઇને વાંચતાં સાંભળીને કદાપિ થોડું ઘણું શિખીશ." આથી એમ

બન્યું કે, ઇશ્વરનો પુત્ર જે મનુષ્યોનો ઇશ્વર સાથે મેળાપ કરાવવાને મનુષ્ય થયો તેની વાત જ્યારે શિક્ષક બાઇએ કહેવા માંડી ત્યારે જેને શિક્ષણ આપવામાં આવતું હતું તેણીએ તો તે વાત ધ્યાનમાં લીધી નહિ, પણ તેની પાસે બેઠેલી છોડી જેનું દિલ શોકાતુર હતું, કેમકે આ દુનિયામાં જે જે તેને પરમપ્રિય હતું તે બધુ લોપ થયું હતું; તેણીએ, જે જીવન પર મોતની છાયા પડી શકતી નથી અને જેની ખુબી શોક છીનવી લઇ શકતો નથી, તે વિષેની સુવાર્તા ખુશીથી સાંભળી.

એક દિવસે પદ્મનલાલ એ કોટડીમાં થઇને જતો હતો ત્યારે તેની બેન ખ્રીસ્તી શિક્ષક બાઇની વાત એકાગ્રચિત્તે સાંભળતી હતી, તે જોઇને તેણે પોતાના મનમાં કહ્યું કે, "જો બિહારીલાલના જોવામાં આ આવે તો તે કોણજાણે શું કહે' ગમે તેમ હોય, પણ મેં તો તેની ઇચ્છાનો અમલ કર્યો છે, કેમકે મેં એને વાંચતાં શિખવા દીધી નથી, અને આ કોટડી-માંથી એને કાઢી મુકું તો સારૂં ન દેખાય. વળી મને ખાતરી છે કે એને કંઇ નુકશાન થવાનુ નથી, અને દુઃખિત અંતઃકરણને દિલાસો આપે એવો જો કોઇ પણ ધર્મ હોય તો તે ખ્રીસ્તી ધર્મ છે." આવી રીતે એના ક્ષુધાતુર આત્માને જીવનરૂપી રોટલી જમાડવામાં આવી, અને કોઇએ તે તેની પાસેથી છીનવી લેવાને પ્રયત્ન કીધો નહિ.

પ્રકરણ ૭ મું.

શિવરાણીનું વચન.

આ રાતે ધામ બહુ થતો હોવાથી શિવરાણી અગાસી પર જતી રહી હતી, કેમકે ત્યાંજ જરી શીતળ હવા મળે એમ હતું. ત્યાંની શાંતતા પણ તેને બહુ સારી લાગતી હતી, કેમકે ઘરની અંદર તો તેની ભોજાઇ જાથુ ટકટકારો કર્યા કરતી હતી. તે અગાઉ પણ છોડી શાંત તથા વિચારશીલ સ્વભાવની હતી. જો કે તે તેના કરતાં નાની હતી તોપણ

ગત વર્ષોમાં પોતાના ભાઇ પટ્ટનલાલનો મુખ્ય મિત્ર તે તેજ હતી, અને તેનેજ તે પોતાની ખાનગી બધી વાત કહેતો; અને જ્યારે તે તેણીને કહેતો કે 'હુ આટલું આટલું ભણીશ અને ફલાણું ફલાણું કામ કરીશ,' ત્યારે તેણીના મનમાં એવા વિચાર આવતા હતા કે, 'જો હુ પુરૂષ હોત તો કેવું સારૂં થાત! જો એમ હોત તો હું પણ વિદ્યા સપાદન કરત; પણ કમનસીબે હું તો છોકરી છું.' ધીમે ધીમે તેઓની વચમાં અતર પડતું ગયુ; કેમકે એક તો નદન અભણ અને બીજો વિદ્વાન. પછી એ છોડીને પોતાને સાસરે જવાનો વખત આવ્યાથી તે ત્યાં ગઇ, અને પટ્ટનલાલ શહેરમાં રહેવા ગયો; માટે તે વખતથી તેઓ ઘણીવાર એક બીજાને મળતાં નહોતાં.

આ બેન પાંચ વર્ષ પછી પોતાના ભાઇને ઘેર પાછી આવી, કેમકે તે રંડાઇ હતી. તેના ધણીના સ્મરણ શિવાય બીજુ કંઇ તેનું રહ્યું નહોતું. વળી તેનાં બે બાળકો, એક છોકરો અને એક છોડી, જે તેને હૈયાના હાર હતાં, તેઓ થોડો વખત જીવીને મરી ગયાં હતાં; તેમના સ્મરણનું પણ તેને અથાગ દુઃખ હતું, અને તેને બધુ સુનુંસુનુ લાગતુ હતું.

એ વિધવાઓની બાબત તો હિંદુસ્તાનમાં સાધારણ થઇ પડી છે, માટે કોઇના મનમાં એવો વિચાર નહોતો આવ્યો કે શિવરાણીને બમણી પ્રીતિ તથા દિલસોજી બતાવવી ઘટે છે; અને તે પોતાની ગતસ્થિતિ જે કદી પાછી આવવાની નહોતી તેનોજ રાત દિવસ વિચાર કરી કરીને મુઝાયા કરતી હતી; પણ તે પોતાના આ ભાઇને ત્યાં આવી તે વખતથી ફેર પડયો હતો. બન્ને ભાઇબેન જેઓને એક વખત એક બીજા વગર ચાલતું નહોતું, તેઓ ફરીથી નિકટના સંબંધમાં આવવા લાગ્યાં, અને જે બેને લગભગ બધાં દુનિયાઇ સુખસાધનો ખોયાં હતાં તેને હવે દુનિયા ઠાલી જણાવા ન લાગી.

વળી તેને એક નવી સખી મળી હતી, એટલે તેની ભોજાઇની શિક્ષક. આ સખી તેનાં બધાં દુખો જાણે પોતાનાંજ હોય એવી રીતે તેઓ વિષે કાળજી તથા દિલસોજી દર્શાવતી હતી, અને તે દુઃખિત હોવાને લીધે તે તેના પર અધિક પ્રીતિ દેખાડતી હતી. જે ઇશ્વર છતાં મનુષ્ય થયો, અને જેણે મોટાં મોટા યુદ્ધો કરીને તથા પોતા કરતાં નબળાઓને કચડી નાખીને નહિ, પણ દબાએલાઓનો ભાર ઉપાડી લઇને તથા દુઃખિત રોગીઓનાં દુઃખ મટાડીને, તથા મોતના પંજામાં સપડાએલાઓને છુટા કરીને પોતાનો ઇશ્વરી સ્વભાવ જાહેર કર્યો, તેની વાત તેણીએ એ બાઇના મુખથી સાંભળી હતી. વળી તેણે પોતાનું પરાક્રમ પોતાના લાભમાં વાપર્યું નહિ, પણ જેવો દુઃખનો બોજો કદી કોઇએ ઉઠાવ્યો નહોતો તેવો તેણે પોતાને શીર લીધો; પૃથ્વી પર થઇ ગએલાં બધાં મનુષ્યોમાં એકલો તેજ પાપ રહિત છતાં આખી દુનિયાનાં પાપ તેણે પોતા પર લીધાં, અને તેમને ટાળવા સારૂ તેણે મોત, વધસ્તંભ પરનું શાપિત મોત સહ્યું; દુખ એટલે શું એવુ જાણવાની પણ જેને જરૂર નહોતી તેણે અત્યંત વેદના સહી; જેણે કદી પાપ કર્યું નહોતું તેણે પાપની ભારેમાં ભારે સજા વેઠી; એ બધુ તેણીએ તે બાઇના મુખથી સાંભળ્યું હતું.

એ માટે તે અતિ અચંબો પામે અને આ વાતો વિષે મનન કરવાને તે એકાંતમાં નિકળી જવાને અભિલાષી હોય, એમાં શી નવાઇ!

પણ તે એકાંતમાં વધારે વાર રહી શકી નહિ. થોડી વારમાં પટનલાલ અગાશી પર આવ્યો. પોતાની બેનને પોતાની અગાઉ ત્યાં આવેલી જોઇને તે અજાયબ થયો, પણ તેણીની પાસે બેસીને બોલ્યો કે, "એટલો બધો ઘામ થાય છે કે તોબા; અહિં જરી શીતળતા હશે એવી આશાથી હું અહીં આવ્યો."

ઉંડા વિચારમાં પડી હોય એવી રીતે શિવરાણીએ કહ્યું કે, "હા, હું પણ એજ મતલબથી અને બીજા કેટલાક હેતુઓથી અહીં આવી હતી." પછી તેણીએ અચકાતાં અચકાતાં કહ્યું કે, "મારા મનમાં ઘણી વાતો ઘોળાયાં કરે છે, અને નીચેના કરતાં અહીં વિચાર કરવાનુ વધારે સુગમ પડે છે."

તેના ભાઇએ કાંઇક અચંબા સહિત કહ્યું કે, "ખરે? તારે તે વળી શાના વિચાર કરવાના હોય? હવે પછીનું ખાણું પકવવામાં કેટલું ઘી અને લોટ જોઇએ તેનો પણ તારે તો વિચાર કરવાનો નથી."

"એ તો ખરી વાત; પણ દુનિયામાં ઘી તથા આટા સિવાય બીજી બાબતો પણ છે. એવી વસ્તુઓ તો આપણી ભૂખ મટાડે, પણ તેઓથી આપણાં અંતઃકરણ તૃપ્ત થઇ શકતાં નથી."

પદ્મનલાલ આ સાંભળીને ચમક્યો, અને તેણીએ પોતાનું સુંદર મુખ પોતાના ભાઇ સામુ ઉંચુ કીધેલું જોઇને તેને વિચાર આવ્યો કે બીજી સ્ત્રીઓ કે જેઓનાં મન ઘરકારભારની થોડીક નજીવી બાબતોમાં તલ્લીન રહે છે તેઓના જેવી આ મારી ફુટડી બેન નથી. તેણીની મોટી કાળી આંખોમાં કાંઇ આતુરતા ભરેલી ઇચ્છા હોય એમ લાગતું હતું, જેથી તે કાંઇ ઉંચા પ્રકારની વસ્તુઓની શોધ પોતાના મન સાથે કરતી હોય એવી દેખાતી હતી.

તેણે ગંભીરતાથી કહ્યું, "બેન, જે વસ્તુઓમાં તારૂં મન ઘોળાયાં કરતું હોય તેમાંની થોડીક તો મને જણાવ?"

જવાબ આપતાં તે ક્ષણવાર થોભી ને બોલી, "તમે તો કહો કે એ તો ન બની શકે ત્યારે તમને કહેવામાં શો માલ? વરસોનાં વરસો થયાં મને વાંચતાં શિખવાનો ઉમળકો થઇ આવ્યો છે, અને હાલ મારી ભોજાઇ શિખે છે તો મારે કેમ ન શિખવું જોઇએ? હવે તો મને એમ થાય છે કે હું ખૂબજ

અભ્યાસ કરૂં, કારણ કે એક એવું પુસ્તક છે કે જે મારે પોતાને માટે વાંચવાની મને ઉત્કંઠા થઇ આવી છે."

પદ્મનલાલે આ વાતનો પ્રત્યુત્તર આપ્યો નહિ પણ એટલું પુછ્યું કે, "એવું તે કયું પુસ્તક છે?"

તેની બેને જવાબ આપ્યો કે, "તે વિષે તમને શી માહિતી હોય? આપણા ધર્મ સાથે તેને કંઇ લેવા દેવા નથી, પણ તે ઇસુ ખ્રીસ્ત વિષે કહે છે, અને તેને વિષે જાણવાની મારી ઇચ્છા છે."

એ બાબત પોતાની બેનને કેટલું જ્ઞાન છે તે માપી જોવાની આતુરતાથી પદ્મનલાલે પુછ્યું કે, "ઇસુ ખ્રીસ્ત કોણ હતો?"

તેણીએ જવાબ આપ્યો કે, "ઇસુ ખ્રીસ્તે કહ્યું કે હું પ્રભુનો દીકરો છું. હુ ધારૂં છું કે તે હોવો જોઇએ, કારણ કે તેણે ઘણાં મોટાં મોટાં કાર્યો કીધાં અને વળી તે ઘણો ભલો હતો."

જવાબ આપતાં આપતાં પદ્મનલાલના મનમાં પોતાના ભાઇ વિષે વિચાર આવ્યો અને બોલ્યો, "ઇસુ ખ્રીસ્તને આપણી સાથે કાંઇ લેવા દેવા નથી. આપણે માટે તો આપણો ધર્મ છે; ઇસુ તો ખ્રીસ્તીઓનો છે, તેથી બહેતર છે કે તેને વિષે હવે તારે કાંઇ પણ વધુ શિખવું નહિ. જો બિહારીલાલ જાણશે કે તું ખ્રીસ્તીઓના પુસ્તકમાંથી શિખે છે તો તે ઘણો રોષે ભરાશે." શિવરાણીએ પોતાના ભાઇનું નામ દેવાયું તેની કાંઇ દરકાર કીધી નહિ, પણ વાક્યના પહેલા ભાગના જવાબમાં કહ્યું કે, "મારી ભોજાઇને શિક્ષણ આપનારી બાઇ તો કહે છે કે ઇસુ ખ્રીસ્ત તો આખી દુનિઆનો છે, જેથી જેટલો તે ખ્રીસ્તીઓનો છે તેટલો આપણો છે. તેણીએ કેટલાક શબ્દો મને ગોખાવ્યા છે, કહો તો બોલી જાઉં. 'દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે

પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે.' "

પટ્ટનલાલ ઉપલી વાત સાંભળતાં જરા ગભરાયો. પોતાની બેન આ વચન શિખી હતી તે સાચી વાત હતી એટલુંજ નહિ, પણ તે એટલી આતુરતાથી મ્હોડે બોલી ગઇ કે જેથી તેને ધાસ્તી લાગી. એ બધો વખત તે પોતાના ભાઇ વિષે વિચાર કર્યા કરતો હતો કે તે આ જાણશે તો શું કહેશે? આ બાબત વિષે મારા મનમાં ગમે તેવા વિચાર હોય પણ મારી બેનના મનમાં તો મારે ઠસાવવુ જોઇએ, કે તે સાચુ નથી; તેથી તે ફરીથી બોલ્યો કે, "જે પુસ્તક વાંચવાનુ તને મન થઇ આવ્યુ છે તે મેં વાંચ્યુ છે, અને એ બાબત તું સમજે તેના કરતાં હુ ઘણી સારી રીતે સમજું છું, પણ તારે એવું કદી ધારવું નહિ કે તે પુસ્તકમાં લખેલું છે તે બધુ સાચુ છે. ઘણા કાળ ઉપર ઇસુ ખ્રીસ્ત નામનો કોઇ મહાન પુરૂષ થઇ ગયો હશે, પણ તે તો મરણ પામ્યો છે અને તેને ભૂમિદાહ કીધો છે, અને આપણે તેની સાથે કંઇ લેવા દેવા નથી."

ત્યારે શિવરાણીએ જવાબ આપ્યો કે, "ભાઇ, મારા કરતાં તમારામાં વિશેષ ડહાપણ છે, કારણ કે હુ તો એક બાળક છોકરી છું અને અજ્ઞાન છું; પણ મારા અતઃકરણમાં એક મોટી ભૂખ છે, અને જ્યારે હું ઇસુ ખ્રીસ્ત વિષે સાંભળું છું ત્યારે મારા મનને ખોરાક મળ્યો હોય એમ મને થઇ આવે છે, તેથી મને લાગે છે કે જે લખેલું છે તે સાચું હોવુંજ જોઇએ. તમને તો એ બાબત દરકાર નહિ હોય પણ મારા જીવને સુખ થાય તેવું મારી પાસે કાંઇ નથી, અને જ્યારે હું ઇસુ ખ્રીસ્ત સાથે વાત કરૂં છું ત્યારે મારૂં કહેવું કોઇ સાંભળતુ હોય એવું મને લાગે છે."

પટ્ટનલાલ આ સાંભળીને ચમકી ઉઠયો. ઘણા વખત ઉપર સુદર્શનદાસે જે તેને કહ્યું હતુ તે આ પોતાની બેનના

શબ્દોથી તેને યાદ આવ્યું, "ઇસુ ખ્રીસ્ત જીવે છે, તે જો તમારે જાણવુ હોય તો તમારી આગળ તે જાતે પ્રગટ થાય એવી તેને વિનંતી કરો." બીજું પગલું જે તેના જુના નિશાળના સાથીએ ભર્યું હતું તે એ હતું કે તેણે ખુલ્લી રીતે ખ્રીસ્તી ધર્મ સ્વીકાર્યો હતો. પોતાની બેનની બાબતમાં પણ તેવું પરિણામ કેમ ન આવે? અને આખરે જો શિવરાણી જાતે ખ્રીસ્તી ધર્મ સ્વીકારે તો બિહારીલાલ મને કદી માફ કરે નહિ, કારણ તેણે મને ચેતાવ્યો હતો. સૌથી સારી વાત તો એ છે કે જેમ બને તેમ જલદી એ છોકરીને હુ મારા મોટા ભાઇને ઘેર પાછી મોકલાવી દઉં, અને ત્યાં એ પાછી ઠેકાણે આવશે. પોતાના અંતઃકરણમાં જે વાત પોતે માનતો હતો તેજ તેણીનું માનવુ છે એમ હોવાને લીધે પોતાની બેનને ઠપકો દેવો એ કામ મુશ્કેલ હતુ. કદાચ હુ એને એમ કહુ કે એ વિચારો તારે તારા મનમાંજ રાખવા એવુ તું મને વચન આપ, તો તે વધારે સલામતી ભરેલુ હતું. તેથી તેણે પોતાની બેનને કહ્યું કે, "બેન, ઇસુ ખ્રીસ્તને વિષે તુ શિખીશ તો તેમાં કાંઇ તને નુકશાન નથી; અને એથી જો તારા જીવને સુખ થતું હોય તો હુ તને અટકાવીશ નહિ, પણ તારે એક બાબતનું મને વચન આપવું પડશે, કે તારા અંત કરણમાં જે છે તે મારા શિવાય બીજા કોઇને તારે જણાવવુ નહિ. આવી આવી વાતો જો તું બિહારીલાલ આગળ કરશે તો તે ઘણો ગુસ્સે થશે અને ફરીથી આ ઘરમાં પગ મુકવા દેશે નહિ. તારે જોઇએ એટલી વાત તું મારી સાથે ભલે કરજે. પણ મને વચન આપ કે તું એ વાત બીજા કોઇની આગળ નહિ કરે."

લાગલોજ તે છોકરીએ જવાબ આપ્યો કે "કોઇ બીજાને કહેવાની મને શી જરૂર છે? હું કાંઇ મારી ભોજાઇના જેવી નથી કે જેને રાત ને દહાડો બસ ટકટક કરવીજ ગમે છે."

પદ્દનલાલે આતુરતાથી કહ્યું, "ત્યારે તું મને વચન આપે છે?" તેણીએ બીજો સવાલ એ કીધો કે, "શું તમે એમ

કહેવા માગો છો કે મને શિક્ષણ આપનારની આગળ પણ એ બાબત મારે વાત ન કરવી ?"

પટ્ટનલાલે જવાબ દીધો કે, "બહુ બોલવામાં માલ નથી, નહિ તો તે તને ખ્રીસ્તી બનાવી દેવાની કોશિશ કરશે, અને એમ થયું તો તુ તારા આખા કુટુંબને નામોશી લગાડશે ને બિહારીલાલનું હૃદય વિધાઇ જશે. ખ્રીસ્ત વિષે તું ફક્ત વિચારજ કરશે ત્યાં સુધી તો કોઇ પણ પ્રકારની હાનિ થવાની નથી."

તે છોકરીએ કહ્યું, "એથી વધુ મારી કંઇ પણ માગણી નથી."

પટ્ટનલાલે આતુરતાથી ફરીથી કહ્યું, "ત્યારે તું મને વચન આપે છે ?"

શિવરાણીએ જવાબ આપ્યો કે "હા, હુ વચન આપુ છું."

પ્રકરણ ૮ મું.

ખ્રીસ્તના અનુયાયીઓ.

સુદર્શનદાસ ઘણી દલગીરીમા અને કંઇક ગુસ્સામાં પોતાનુ ઘર છોડી ચાલ્યો ગયો હતો, તે જ્યારે પાછો આવ્યો ત્યારે દેખાવ તમામ બદલાઇ ગએલો તેના જોવામાં આવ્યો. જે ઘર તેણે કેવળ અસ્વચ્છ છોડયુ હતું તે તેને ઘણુંજ સ્વચ્છ માલમ પડયું. આ બિના અગાઉ તેનો ક્રોધ ક્યારનોએ ઉતરી ગયો હતો, અને પોતાની સ્ત્રી ઉપર હવે પોતે નારાજ નથી એવુ તેણીને બતાવવા તે રાજી હતો. પણ આ કામ કંઇ ઘણું સ્હેલું નહોતું, કારણ સુંદરીને પોતાના ધણી સાથે ઝાઝુ બોલવાનું મન નહોતું; અને જ્યારે તે બોલ્યો ત્યારે તેના ઉત્તરમાં કંઇ પણ જવાબ તેણીએ આપ્યો નહિ. જ્યારે તેની બે બાળકીઓ દોડતી દોડતી અંદર આવી અને તેની ગેરહાજરીમાં જે બન્યું હતુ તેની હકીકત કહેવા લાગી ત્યારે

તેના મનની મુઝવણ કંઇક કમી થઇ. મોતી તેના ઘુંટણ ઉપર ચઢી ને બોલી, "બાપા, આજ તો એક બાઇ અમને મળવા આવી હતી, તે અજાણી બાઇ હતી."

શાંતિએ વિશેષ કહ્યું કે, "તેણીએ કહ્યું છે કે તમે મારે ઘેર મળવા આવજો, કારણ કે તેણીને છેક નાની બાળકીઓ નથી, અને તેણીને નાની છોકરીઓ ઘણી વહાલી લાગે છે."

મોતી બોલી, "તેની નાની છોકરીઓ તો મોટી થઇ ગઇ છે. અમે પણ કોઇ દહાડો મોટી થઇશું; કેમ બાપા, નહિ વારૂ?"

સુદર્શનદાસે પુછ્યું, "પણ તે નવી બાઇ કોણ છે અને તે ક્યાંથી આવી?"

તેઓ બોલી, "બાપા, તે તો કંઇ અમને માલમ નથી, પણ તે માત્ર એટલું બોલી કે મારૂં ઘર કાંઇ ઘણું દૂર નથી, કદાચ માતાજીને તેણીએ કહ્યું હોય તો હોય."

મોતીએ પોતાના મેલા કોકા ઉપર નજર કરીને કહ્યું, "તે બાઇ ઊંચી હતી ને તેણીએ બગલાની પાંખ જેવી સફેત સાડી પહેરેલી હતી."

એ બાબત વિષે શાંતિએ પ્રશ્ન કીધો ત્યારે તેની માએ આડો જવાબ આપ્યો હતો તે યાદ લાવીને તેણીએ આજીજી કરીને કહ્યું, બાપા, તમે માતાજીને કહેશો કેની કે તે જાય ત્યારે અમને સાથે તેડતાં જાય, અથવા માતાજીને ન જવું હોય તો તમે અમને ત્યાં તેડી જશો? કેમ બાપા તેડી જશો કેની?"

જે વાત ચાલતી હતી તેમાંના એક પણ શબ્દ ઉપર પોતાની સ્ત્રીનું લક્ષ હોય એમ લાગતું નહોતું તેથી સુદર્શનદાસે કહ્યું, "વખત આવશે ત્યારે જોઇશું." તે રાતે તેણીની પાસેથી કંઇ વિશેષ જાણવામાં આવે એમ નહોતું, પણ બીજે દિવસે સવારમાં તેણીનો ગુસ્સો નરમ પડી ગયો, અને આગલે

દિવસે પેલી કંઈ બાઈ મળવા આવી હતી તે તેણીથી જાણી લીધું, અને આશ્ચર્ય પામ્યો કે પહેલાં તેની જાણ મને કેમ નહિ પડી!

જે આમંત્રણ કરવામાં આવ્યું હતું તે કબૂલ રાખવા સુંદરીને સમજાવવાની કંઈ જરૂર નહોતી, અને તેથી બીજે દહાડે સવારે મા અને બે નાની છોકરીઓ, જેઓને તે પ્રસંગને માટે ન્હવાડી ધોવાડી સ્વચ્છ કીધી હતી, તેઓ પહેલી બાઈની મુલાકાત લેવા ગયાં.

જેવી સુંદરીએ પેલીના ઘરમાં આમતેમ નજર ફેરવી અને તેની સ્વચ્છતા તથા સગવડ જોઈ કે તેણીના મન આગળ પોતાના વગર સોઈના મકાનની આબેહૂબ છબી પડી રહી, પણ એ બાબત કંઈ પણ કહેવામાં આવ્યુ નહિ. એમેલાઈનની બે છોકરીઓ તે દિવસે નિશાળે ગઈ નહોતી, તેથી તે બન્ને પેલી બે નાની બાળકીઓ સાથે ગમતમાં પડી, અને માઓ વાતચિત કરવા લાગી. આમતેમ વાત કીધા પછી એમેલાઈને કહ્યું, "તમે ક્યારે ખ્રીસ્તી થયાં તે પ્રસગ વિષે કંઈ મને જણાવશો? આપણો વહાલો ખ્રીસ્ત આકાશમાંથી શી રીતે આવ્યો અને વધસ્તંભ ઉપર પોતે કેવી રીતે પ્રાણત્યાગ કીધો તે પહેલી વાર સાંભળીને તમને ઘણુ આશ્ચર્ય લાગ્યું હશે. હુ ખ્રીસ્તી હોવાથી ઘણી વખતે મારા સાભળવામાં એ વાત આવતી, તેથી એ વાત સાધારણ હોવાથી મને આશ્ચર્ય લાગતું નહોતું, તેથી કોઈ કોઈ વાર મને એવી ઇચ્છા થતી કે જો હું હિન્દુ જન્મી હોત ને એ વાત પહેલી વખત મારા સાંભળવામાં આવી હોત તો મને બહુ અજાયબી લાગત. પ્રભુ ઇસુ વિષે તમે પહેલવહેલું કેવી રીતે સાંભળ્યુ તે કૃપા કરીને મને કહો."

તે બોલનાર બાઈના મ્હોડાનો આતુરતા ભરેલો દેખાવ અને તે સાંભળનાર બાઈના મ્હોડાની દેખીતી બેદરકારી વચ્ચે આસમાન જમીન જેટલો તફાવત હતો, અને તેણીએ બેપર-

વાઇથી જવાબ આપ્યો કે, "મારો ધણી ખ્રીસ્તી થયો, અને મારા બાપના મરણ પછી મારી મા ઘણી ગરીબ અવસ્થામાં આવી પડી, તેથી હુ પણ ખ્રીસ્તી થાઉં તેની તેણીએ દરકાર કીધી નહિ; પછી મારો પતિ આવ્યો ને મને તેડી ગયો."

બીજો પ્રશ્ન તેણીએ આતુરતાથી એ કીધો કે, "તમને તેણે જાતે શિક્ષણ આપ્યુ?"

"હા, કેટલીક વાતો તેણે મને કહી, અને બીજાઓએ પણ મને શિખવ્યુ; અને પછી થોડે દહાડે મને બાપ્તિસ્મા આપવામાં આવ્યુ."

જે બાબતમાં મારૂં પોતાનું અતઃકરણ આટલું બધુ લીન થઇ જાય છે તેમાં સુંદરીને કાંઇ મઝા પડતી હોય એવુ દેખાતું નથી, એનું કારણ શું તે એમેલાઇન સમજવા લાગી. પોતાના બાપદાદાનો ધર્મ તેણીએ છોડ્યો તેનું કારણ તેણીના બોલવા ઉપરથી માલમ પડયુ કે, તારણ પામવાનો માર્ગ શોધવા કરતાં પોતાના પતિને શોધવા તરફ તેણીનું મન વિશેષ હોતુ જોઇએ. આ બાઇ ખ્રીસ્તીનું નામ ધરાવી ખ્રીસ્તી થવામાં કેટલો આનંદ અને કેટલું માન છે તે બાબતની જેને કાંઇજ માહિતી નથી, એવીને ખ્રીસ્તની સુવાર્તાના પૂરેપૂરા પ્રકાશમાં દોરી લઇ જવા તે કેટલી બધી આતુર હતી.

તેણીનો બીજો સવાલ કેવળ જુદોજ હતો. "બેન, તને વાચતાં આવડે છે? તને જનાનામાં ઉછેરી હતી તેથી કદાચ તને નહિ શિખવ્યું હોય."

સુંદરીએ જવાબ દીધો, "ના, મને ઝાઝુ વાંચતાં આવડતું નથી; મારા પતિએ મને શિખવવા માંડયું અને એક વખત એક અંગ્રેજ સ્ત્રી આવતી અને મને શિક્ષણ આપતી, પણ મને છોકરાં થયાં ને તેની સંભાળ લેવામાં હું પડી, એટલે કામનો બોજો એટલો બધો આવી પડ્યો કે વાંચવાને માટે મને વખત મળતો નહિ; અને હવે તો મને જે આવડતું હતું તે બધા ઉપર મેં પાણી ફેરવ્યું છે."

અસ્વચ્છ ઘર અને છોકરાં તરફ બેદરકારી જે તેણીના દીઠામાં આવ્યાં હતાં તે ઉપર ધ્યાન પહોંચાડી એમેલાઇને સુંદરીને પુછ્યું, "તમે ફરીથી શરૂ કરશો? હું અહી આવીને તમને શિખવું?" વાંચન કે કામકાજમાં વિશેષ લક્ષ હોય એમ માલમ પડયુ નહિ. સુંદરીને વાંચન બાબત ઝાઝી દરકાર નહોતી, પણ આવી માયાળુ બાઇ જે તેને આટલી બધી ચહાતી હતી તેની મુલાકાતથી દિવસો વધારે જલદીથી પસાર થશે એમ વિચાર લાવી ખુશીથી કહ્યું, "ઠીક." આ ઉપરથી ગોઠવણ થઇ, અને વખત મુકરર કરવામાં આવ્યો, અને જે પ્રભુએ મને પોતાની કરવાને પોતાનો પ્રાણ આપ્યો, તેની પ્રીતિ અને મહિમા વિષે આ જુવાન બાઇને ઉપદેશ કરવાનો મને પ્રસગ મળશે, એમ સમજીને તે પ્રભુની સેવકા મનમાં આનંદ પામી આ નવી ગોઠવણ વિષે સુદર્શનદાસે સાંભળ્યું ત્યારે તેના મનમાં પણ આનંદ ઉભરાઇ આવ્યો. લાંબો વખત થયાં તેને અનુભવ થયો હતો કે જેટલી મદદ તથા સુખ તેની પત્ની તરફથી મળવાં જોઇએ તે તેને મળતાં ન હતાં, તેમ તેની બાળકીઓને સારી રીતે ઉછેરવાને પણ તેની પત્ની બિનવાકેફ હતી. સુદર્શનદાસ એક દહાડો એમેલાઇનને મળ્યો તે વખતે વાત કરતાં તેણે જરાક આનાકાનીથી કહ્યું, "તમે કાંઇ એને તમારા જેવી બનાવવા પ્રયત્ન કરશો? જેમ આપણે આપણા વહાલા મિત્રોને પીછાનીએ છીએ તેમ તમે પ્રભુ ઇસુને પીછાનો છો, અને મને લાગે છે કે સુંદરી તેને બીલકુલ ઓળખતી નથી, તમે તેને શિખવશો?"

આતુરતા ભરેલો જવાબ મળ્યો કે, "આપણે બન્ને પ્રાર્થના કરીએ કે પ્રભુ જાતે તેણીને શિખવે અને પોતા વિષે તેણીને ખાતરી આપે કે તે સર્વ માનવી મિત્રો કરતાં સારો મિત્ર છે. હા, આપણે પ્રાર્થના કરીએ, અને પ્રભુ જરૂર સાંભળશે અને જવાબ દેશે."

એવી રીતે સુંદરીના બે ઉત્તમ મિત્રોએ તેણીને માટે પ્રાર્થના કરવાનું નક્કી કીધુ, અને તેમ કીધાથી તેઓને ખાતરી હતી કે તેણીને માટે તેઓ ઉત્તમ આશિષ પ્રાપ્ત કરશે, પણ આ વાતથી સુંદરી તદ્દન અજાણી હતી.

પણ એમેલાઇનની હસ્તક પ્રભુ તરફથી સંદેશો એકલી સુંદરીને નહિ પણ તેના પતિને પણ મળ્યો. સુદર્શનદાસને અગરજો એક વખત અનુભવ થયો હતો કે બાજી સઘળી વસ્તુ કરતાં આત્મિક વસ્તુઓ અતિ મૂલ્યવાન છે, અને પ્રભુના રાજ્યમાં તેડું પામવુ તે પૃથ્વી ઉપરના બીજા બધા લાભ કરતાં શ્રેષ્ઠ છે, છતાં હાલ થોડો વખત થયાં જે તેને અગાઉ ઘણું કિમતી લાગતુ હતું તે વિષે તેનો ભાવ મદ થવા લાગ્યો હતો. જે વસ્તુઓ અદૃશ્ય અને અવિનાશી છે તે ઉપરથી તેનું મન ઉઠી જવા લાગ્યુ, અને આ સંસારનાં વાનાં પર તે વધારે ધ્યાન લગાડતો હતો. પણ પ્રભુ જે પોતાનાં તમામ બાળકોની હાજતો અને ફિકરો જાણે છે તેણે પોતાની દાસીને મોકલી હતી, કે જેના ઉપદેશથી અને નમુનાથી, જે પ્રકાશ ઝાંખો પડવા લાગ્યો હતો તે પાછો સતેજ થયો, અને વળી તેની મારફતે જે પ્રભુ એકલોજ જીવનદાતા છે તેની સાથેનો નિકટનો સબંધ પાછો થયો.

એક દિવસ સુદર્શનદાસ નિશાળેથી ઘેર આવ્યો ત્યારે તેની પત્નીએ તેને કહ્યું કે, મિસિસ સિંહ તરફથી સંદેશો આવ્યો છે કે જો આજે સાંજના તમો અમારે ત્યાં પધારો તો હું અને મારો પતિ ઘણાં ખુશી થઇશું, કારણ કે એક બાબત વિષે અમારે તમારી સાથે વાત કરવાની ઇચ્છા છે. આ વાત સુદર્શનદાસને બહુ સારી લાગી, કારણ કે આ મિત્રોની મુલાકાતથી તેને હમેશ આનંદ થતો હતો, તેમ તેઓના સહવાસથી તેને આત્મિક જીવનમાં ફાયદો થતો હતો.

સહેજસાજ આમતેમ બીજી બાબતો ઉપર વાત કીધા બાદ એમેલાઇનના પતિએ કહ્યું, "જે શેહેરમાં અમે આગળ

રહેતાં હતાં ત્યાં અમે અમારા ઘરમાં દર અઠવાડિયે એક સભા ભરતાં અને તેમાં અમારા મિત્રો તથા પડોસીઓ આવતા; તેની અમને એટલી ખોટ લાગે છે કે, તેવી એક સભા અહીં થાય તો સારૂં, એવો અમારો વિચાર થાય છે. એ કામમાં તમો અમને મદદ આપશો? તમો અત્રે અમારા કરતાં વધુ લાંબો વખત થયાં રહો છો અને લોકોનું અમારા કરતાં વિશેષ પિછાનો છો."

સુદર્શનદાસે હોંસથી જવાબ આપ્યો કે, "હું તો આવીશ અને અગરજો મારી પત્ની સાધારણ રીતે સભામાં જવા ઘણી આતુરતા ધરાવતી નથી, છતાં કદાચ તમો તેને સમજાવી શકશો."

એમેલાઇને જરા મ્હોડું મલકાવીને કહ્યું કે, "હું તો ધારૂં છું કે તે આવશે. વારૂ, બીજા કોઇ એવા છે કે જેઓ આવવા ખુશી હોય?"

સુદર્શનદાસે એ ત્રણ નામો દીધાં, અને પછી દિલગીરીથી વધુ એમ કહ્યું કે, "એ શિવાય બીજા કોઇ આવે તે મારાથી નક્કી કહી શકાય નહિ. વાત એમ છે કે, ઘણાં એવાં છે કે જેઓ આવી શકે, પણ સભા ભરાતી હોય તે વખતે હમેશાં કાંઇ બીજું કરવાનું હોય છે. તાજુબીની વાત એ છે કે, નકામા બેસવાને અથવા બેસીને ગપ્પા મારવાને હમેશાં પુષ્કળ વખત મળે છે, પણ પ્રભુને વિષે સાંભળવાને કે તેનું કામ બજાવવાને વખત મળતો નથી."

એમેલાઇને ઉમંગથી કહ્યું, "પણ જુઓ, શરૂઆતમાં આપણે આઠ તો થયાં; આ કાંઇ છેક ઓછી સંખ્યા ન કહેવાય, અને બીજાઓને આપણે પ્રાર્થનાદ્વારે આણીશું. એટલું યાદ રાખવું કે આ સભા કંઇ આપણે આપણી મોજ-મઝાને ખાતર ઉભી કરતાં નથી, પણ આપણા પ્રભુના મહિમાને માટે; અને જે કામ આપણાથી પાર નહિ પડે તે તેને સોંપીશું."

મિ. સિંહે કહ્યું "હા, એમજ, ફક્ત જો આપણે ત્રણુજ હોઇશું તોપણુ એકઠા મળવામાં લાભજ છે, કારણુ કે તેમાં ચોથો પ્રભુ ઇસુ થશે; અને ખરેખર તે આપણામાં ભેળો થયો એટલે નાનામાં નાની મડળી એક મોટા ટોળાની બરાબર છે."

સહેજ વધુ વાત થયા પછી તે કુટુમ્બનો છોકરો અને છોકરીઓ જેઓ બીજા દિવસને માટે પોતાના પાઠ તૈયાર કરતાં હતાં તેઓ અદર આવ્યાં. એક છોકરી બાઇબલ લઇ આવી ને પોતાના બાપના હાથમાં મૂક્યું, જેણે સુદર્શનદાસને કહ્યું કે, "અમે બધાં ભેગાં મળીને આ વખતે હમેશાં પ્રાર્થના કરીએ છીએ; તમો અમારી સાથે સામેલ થશો ?"

લગભગ અડધા કલાક સુધી પ્રાર્થના ચાલી ને તે દરમિયાન સુદર્શનદાસ ત્યાં રોકાયો હતો તેને લીધે તેણે ઇશ્વરનો ઉપકાર માન્યો હતો. પ્રાર્થના કરવામાં આવતી હતી તેટલામાં તેને ખાતરી થઇ કે જે પ્રભુની સાથે તેઓ બોલતાં હતાં તે ખરેખર હાજર હતો, અને કુટુમ્બના દરેક માણુસની હકિકત તેની આગળ મુકવામાં આવી અને દરેક હાજત જણુાવવામાં આવી; ત્યારે પ્રાર્થના કરવાથી કેટલો લાભ છે અને ન કરવાથી કેટલો ગેરલાભ છે તેની સુદર્શનદાસને અગાઉ કોઇ પણુ વખત ન પડેલી એવી સમજ પડવા લાગી. વળી જે સભા ભરવાનો તેઓ ઇરાદો રાખતા હતા, તેને પ્રાર્થનામાં તેઓ ભૂલી ગયા નહિ, પણુ મદદ અને દોરવણીની માગણી કરવામાં આવી કે સઘળું બનતી ઉત્તમ રીને પાર પડે.

ઘેર જતાં જતાં રસ્તામાં સુદર્શનદાસના મનમાં ઘણા ઘણા વિચારો ઉભરાઇ આવ્યા. ખરેખરા ખ્રીસ્તીનાં કેવાં લક્ષણુ હોવાં જોઇએ તેના બે પ્રત્યક્ષ દાખલા તેણે દીઠા હતા; એક તો એવો કે જેને જીવતા ખ્રીસ્ત સાથે રોજનો સમાગમ હતો અને જે સઘળી વસ્તુઓ એક બાજુએ રાખી પોતાના પ્રભુનું માન શોધતો હતો, અને જે આતુરતાથી પોતાની આસપાસનાં

માણસોનું આત્મિક કલ્યાણ શોધનો હતો; તે બધાં ઉપરાંત એક એવો કે જે પ્રાર્થનાને પોતાની જીંદગીનું મુખ્ય કામ સમજતો હતો. તેના પોતાના અંતઃકરણમાં તે સમજ્યો કે, તેના જેવો ખ્રીસ્તી હું પોતે નથી, અને તેણે આતુરતાથી પ્રાર્થના કરી કે "ઓ પ્રભુ, તું મને પ્રાર્થના કરતાં શિખવ. પ્રભુ, તું મારા અંતરમાં પ્રગટ થા." વળી તેને યાદ આવ્યું કે જેઓને હમણાંજ પોતે મળી આવ્યો હતો તેઓનો રિવાજ પોતે પાળતો નહોતો, તેથી તેને કંઇક હીણું લાગ્યું. કેટલીક મુદત પર તેણે પોતાની બાયડીને વાંચતાં શિખવવાનો પ્રયાસ કીધો હતો, અને બાઇબલમાંથી નિયમિત રીતે તેને વાંચી સંભળાવતો, પણ તેમ કરવાનું તેણે ક્યારનું છોડી દીધુ હતું, અને સુંદરી તરફ પોતે કેવો બેદરકાર રહ્યા હતો એ વાત તેના ધ્યાનમાં ઉતરી ત્યારે પોતાની બાયડીમાં ખરા ખ્રીસ્તીનાં લક્ષણ નથી તેમાં તેને કાંઇ આશ્ચર્ય જેવું લાગ્યું નહિ. બીજે દિવસે સવારે તેણે પોતાની નાની બાળકીઓને બોલાવી અને પોતે પ્રભુનું વચન વાંચે ને પ્રાર્થના કરે તે વખતે સામેલ રહેવાને પોતાની બાયડીને વિનંતિ કીધી.

આ નવો રસ્તો પકડવાનું મૂળ કારણું કોણ છે તે સુંદરી પામી ગઇ, કારણ કે એમેલાઇને તેણીને એક વખત પુછેલું કે તમારે ઘેર નિત્ય પ્રાર્થના કરવાનો રિવાજ છે? આને લીધે તે નવો રિવાજ તેણીએ ખુશીથી સ્વીકારી લીધો, કારણ કે જે સઘળું તેણીને આશ્રય આપનારી બાઇએ કીધુ ને તે વિદ્યાર્થી બાઇની નજરમાં યોગ્ય લાગ્યું. એ ઉપરથી સવાર અને સાંજ બંને વખતે પ્રભુની પ્રાર્થનાનું કામ જારી કરવામાં આવ્યું, અને કુટુમ્બના પ્રત્યેક માણસને માટે પ્રભુનો આશીર્વાદ માગવામાં આવ્યો.

પ્રકરણ ૯ મું.

તરેહવાર બપારાઓ.

એક હ્હાડો શિવસાણી અને તેણીની બોનાઇ બે એકલાંજ હતાં, એટલામાં એક બાઇ શાકતરકારી વેચવા આવી.

ટોપલો પોતાની આગળ નીચે ઉતાર્યો, અને જે જોઇતું હતું તે વેચ્યા બાદ તેણી વાતચિત કરવા લાગી.

તેણીએ પુછ્યું, "આ તરેહવાર નવી જાતનો રોગ જે ફેલાયો છે તે બાબતના સમાચાર કંઇ તમારા જાણ્યામાં છે?"

રૂખમણીએ જવાબ આપ્યો, "નારે, કોગળિયું, શીતળા અને તાવ લોકોના મરણ માટે ક્યાં ઓછા છે? આપણે માટે કોઇ નવા રોગની જરૂર નથી."

તે તરકારી વેચનારી બાઇએ જરા હસીને કહ્યું, "સરકારનો વિચાર એવો નથી. લોકો કહે છે કે, સાહેબ લોકોના મનમાં એમ છે કે આપણી વસ્તી ઘણી વધી ગઇ છે; તમે જુઓ છો કે આપણે ઘણાં છીએ ને તેઓ ઘણા થોડા છે, તેથી તેઓએ આ નવો રોગ શોધી કાઢયો છે, અને તે ફેલાવવાને ઘણી મહેનત લે છે કે જેથી આપણે વધારે જલદીથી મરી જઇએ."

રૂખમણીએ જરા ગભરાટથી પુછ્યુ, "પણ મને કહે તો ખરી, તેઓ એ પ્રમાણે કેમ કરી શકે, ને તે રોગ કયા રોગને મળતો છે?"

તે બાઇએ જવાબ દીધો, "અરે, એ તો બહુ જાણીતી વાત છે. લોકો કહે છે કે નળમાંથી જે પાણી આપણે લઇએ છીએ તેમાં દવા નાખવામાં આવે છે, અને દવાના સીસા અને ભૂકા લઇને દાક્તરો ફરતા રહે છે અને તેઓને પગાર મળે છે, અને જ્યારે તેઓ આમ તેમ છાંટે છે ત્યારે જેના સુંઘવામાં તે દવા આવે કે લાગલોજ તે માંદા પડે છે ને મરી જાય છે."

રૂખમણી થથરી ગઇ ને બોલી, "શો જુલમ! હું નહોતી ધારતી કે સાહેબ લોકો આવા ક્રૂર હશે; મારા મનમાં તો એમ હતું કે સરકારનું કામ છે કે પોતાની રૈયતની સંભાળ લેવી, નહિ કે તેને મારી નાખવી."

તે બાઈએ ફરીથી જાણે કંઈ ભેદની વાત કહેતી હોય તેમ ધીમેથી કહ્યું, "વળી લોકો એમ પણ કહે છે કે રાણી ગુજરી ગયાં (તે તો ઘણાં ભલાં ને માયાળુ હતાં અને આપણને કોઈ પણ દિવસ મારી નખાવેજ નહિ), તેથી ઘણા લોકોના જાનનો ભોગ આપવો પડશે, અને તે આ રીતે આપવામાં આવે છે."

રૂખમણીએ ફરીથી પુછ્યુ, "પણ એ રોગ કયા રોગના જેવો છે તે તો કહે; અને જેઓ એમાં સપડાય છે તેઓ સારા થવા પામતા નથી?"

તે બાઈએ જવાબ આપ્યો, "ઘણું થોડા બચી જાય છે; સાહેબ લોકો તે વાતનો ઉપાય લે છે. કોઈ કોઈ વાર જેઓ એ રોગમાં સપડાય તેઓને જીવતા બાળી નાખે છે, અથવા જો દાક્તર આવે તો તેઓને ઇસ્પિતાલમાં લઈ જાય, ને કાંઈ દવા પાય કે લાગલાજ પાર થઈ જાય."

રૂખમણીએ ધાસ્તીમાં કહ્યું, "જીવતા બાળી મુકે! સરકાર એવી ક્રૂર કેમ હોઈ શકે!"

"હા, હા, કોના મનમાં એ વાત ઉતરે? પણ મને તો ખબર છે કે એ વાત સાચી છે, કારણ કે જે લત્તામાં હું રહું છું ત્યાં એક માણસ કેટલાક મહિના થયાં માંદો ને માંદો ચાલ્યાં કરતો હતો. જ્યારે પોલીસને એ વાતની ખબર પડી ત્યારે તે તેને જોવા આવી, અને જ્યારે તેઓએ જોયું કે એને ગળા ઉપર સોજો છે (જે કેટલાંક વરસો થયાં તેને હતો) ત્યારે તેઓએ કહ્યું કે હમે એને લઈ જઈએ છીએ. તેઓ લઈ ગયા અને શું કહું, તે બિચારો ફરીથી પાછો આવવા પામ્યો નહિ. તેને જીવતો બાળી મુક્યો એટલે પછી ક્યાંથી આવવા પામે?"

જેમ જેમ તે સાંભળનારી બાઈના ચહેરા ઉપર ત્રાસનો દેખાવ થતો ગયો તેમ તેમ તે સમાચાર કહેનારી બાઈને પોતાની વાત જારી રાખવાનું ઉત્તેજન મળતું ગયું, અને તેણીએ પોતાની વાત આગળ ચલાવી. "પણ એટલેથી

બસ નથી; બે બેગમો (હું તેઓને સારી રીતે ઓળખું છું, કારણ હું તેઓને વારંવાર શાક વેચું છું),' બિચારી ગરીબ બાઇઓનાં એક દિવસ શરીર બગડી આવ્યાં. એકને જરા શરીરમાં તાવ હતો ને બીજીના પગમાં કંઇ દરદ હતું. તે ઉપરથી તેઓના મનમાં આવ્યું કે, આપણે જનાના ઇસ્પિ-તાલમાં જઇએ, કારણ કે લોકો કહે છે કે ત્યાંની સ્ત્રી દાક્તરો ઘણી માયાળુ છે. પણ અફ્સોસ! તેઓ પાછી આવવા પામી નહિ; જે ડોળીમાં તેઓ બેઠેલી હતી તેમાંજ તેઓને જીવતી બાળી મુકી."

રૂખમણીએ કહ્યું, "સારૂં થયુ કે એ વાત તે મને કહી, કારણ, આવુ કોઇ દિવસ મને ન થાય તેની હું સંભાળ રાખીશ. જેમ અગાઉ અમે કુવાનાં પાણી પીતાં તેમ કુવાનાંજ પાણી હમેશાં પીશું, અને મને ગમે તેટલો મદવાડ આવશે તો પણ હું કદી ઇસ્પિતાલમાં જનાર નથી અને દાક્તરને પણ તેડાવનાર નથી."

તે બાઇએ જવાબ આપ્યો, "હા, એજ સૌથી સારી વાત છે, અને જો તમારૂં કાંઇ શરીર બગડી આવે તો તે વાત કોઇ આગળ કહેવી નહિ; નહિ તો તે પોલીસને કાને ગયા વગર રહેશેજ નહિ; કેમકે તે દરેક ઠેકાણે ફરતી રહે છે અને મને આશ્ચર્ય એ લાગે છે કે તેને ઝટ લઇ ખબર કેમ પડી જાય છે! પણ હવે તો હું જાઉં છું, નહિ તો તાજી ને તાજી મારી તરકારી હુ વેચવા પામીશ નહિ." આટલું કહીને તે બાઇએ ટોપલો પોતાને માથે ચઢાવ્યો અને ચાલતી થઇ.

આ વાતચિત દરમિયાન શિવરાણીએ તો મુગે મ્હોડે રાંધ્યાંજ કીધું અને જે વાત ચાલતી હતી તેમાં કશો ભાગ લીધો નહિ. પછી રૂખમણી તેની પાસે ગઇ અને પુછ્યું, "આ ભયંકર સમાચાર તમે સાંભળ્યા નહિ કે? જાણે કંઇ બનતું ન હોય તેમ તમે તો મુગાં મુગાં રાંધવામાંજ રોકાયાં છો."

શિવરાણીએ જવાબ આપ્યો, "હા, મેં સાંભળ્યું, પણ ગભરાયા પહેલાં હું તો પટ્ટનલાલને પુછીશ કે એ બધામાં સાચું કેટલું? તે બાઈએ કહ્યું કે, સાહેબ લોકોની દાનત તો આપણને મારી નાખવાની છે; પણ તમને યાદ હશે કે ત્રણ વરસ ઉપર જ્યારે દુકાળ પડ્યો ત્યારે ભૂખ્યાને ખોરાક આપવાને સરકારે લાખો રૂપિયા ખરચ્યા, એવા હેતુથી કે તેઓ મરી ન જાય. ત્યારે સરકાર એક તરફથી મારે ને બીજી તરફથી જીવતાં રાખે એ વાતમાં તમને કાંઈ આશ્ચર્ય સરખું લાગતું નથી?"

આ વાતોથી રૂખમણીના મનને કંઈ ખાતરી થાય એમ નહોતું. જેઓ પોતાનાં ઘરનાં બારણાં બહાર કદી પણ નિકળ્યાં ન હોય તેઓને શું ખબર પડે? દુનિયામાં શું બને છે તે તો પેલી બાઈ સરખાં જે આમ તેમ ફરતાં હોય ને જે કંઈ વાત થતી હોય તે સાંભળે, તે આપણને કહી શકે માટે તે બાઈ કહી ગઈ તે મારી નજરમાં તો ઉતરે છે.

તે સાંજે જ્યારે પટ્ટનલાલ ઘેર આવ્યા ત્યારે તેને પણ તેની ગેરહાજરીમાં જે તરેહવાર વાતો કહેવામાં આવી હતી તે સાંભળવાનો પ્રસંગ મળ્યો. તેણે ઠંડે કલેજે સાંભળ્યું અને પછી કહ્યું, મેં પણ આવી આવી ને એથી વધારે વાતો સાંભળી છે, પણ તેમાંની એકે પણ સાચી માની નથી. અને તમે તો કોઈ અજ્ઞાન બાઈ આવે ને કાંઈ કહે તે સાંભળો છો, એમાં તમારી મોટી મૂર્ખાઈ છે. હવે ફરીથી જો તે આવે ને આવી આવી મૂર્ખાઈ ભરેલી વાત કહે તો તેને ચોકખેચોકખુ કહેજો કે જો તું પકડાઈ ગઈ કેની તો મારી જશે."

રૂખમણી કાંઈક આશ્ચર્યથી બોલી ઉઠી, "માત્ર વાત કરે તેમાં શિક્ષા!" તેણીના પતિએ જવાબ દીધો, "હા, હા, તમે જાણતાં નથી કે ખૂન એ સૌથી મોટામાં મોટો ગુન્હો છે! અને જો સરકાર રોગ ઉત્પન્ન કરવાને અને લોકોને જીવતા

બાળી મુકવાને દવા આપે તો તેઓ ખુની ગણાય? આવા ગુન્હાનું તહોમત કોઇના ઉપર મુકવું એમાં મોટું પાપ છે."

"પણ જો સરકાર તે લાવતી નથી, તો લાવે છે કોણ? તે આવે છે કેવી રીતે? આ ગામમાં તો તે રોગ અગાઉ કદી માલમ પડ્યો નહોતો."

પદ્નલાલે જવાબ આપ્યો કે, "કોઇને પણ કોઇ રોગ આણવાની જરૂર નથી, કારણ કે દુનિયા અનેક રોગોથી ભરપૂર છે. શીતળા, કોગળિયું અને તાવ જેને લીધે આટલા બધા મરે છે તે કોણ લાવે છે? જો આ રોગ તમારી જીંદગાનીના વખતમાં હિંદુસ્તાનમાં નથી ફાટી નિકળ્યો તો અગાઉ તો તે હતો. જ્યારે તમને વાંચતાં આવડશે ત્યારે તમે જાણશો કે આ દેશમાં અને બીજા દેશોમાં તેણે કેટલો કેર વર્તાવ્યો છે. જો સરકારની મરજી આપણને મારી નાખવાની છે તો આપણને જીવતા રાખવાને, દુકાળના વખતમાં ભૂખ્યાઓને ભોજન આપવામાં, ઇસ્પિતાલો કે જેમાં આપણી જોઇએ તેવી સારવાર થાય તે અને દવાખાનાં જેમાંથી આપણને દવા મળી શકે તે બાંધવામાં પૈસા શા સારૂ ખરચે છે? મરણ પામવાનાં અસંખ્ય કારણો છે, પણ મને તો લાગે છે કે તે અટકાવવાને સરકાર પોતાથી બનતું કરે છે."

આ વાત ચાલતી હતી એટલામાં શિવરાણી આવી પહોંચી અને પેલી બેવકુફી ભરેલી વાતોની જેવી અસર પોતાની ભોજાઇના મન ઉપર થઇ હતી તેવી પોતાના મન ઉપર થઇ નથી એમ બતાવવાને તે બોલી, "જ્યાં સુધી તમે તે વાતો સાચી છે એમ કહો નહિ ત્યાં સુધી તે માનવી નહિ એમ મેં રૂખમણીને કહ્યું હતું"

પદ્નલાલે તપી જઇને જવાબ દીધો, "સાચી! અલબત, સાચી નથી; પણ સાચું શું છે તે તમને કહું છું. તમારા પોતાનાજ લોકો ગમે તે પ્રકારે પૈસા કમાવવા સારૂ એવા ઉતાવળા છે કે તેઓ સીસાઓ અને દવાના ભૂકા લઇને

ઠેકાણે ઠેકાણે ફરે છે અને કહે છે કે સરકારે અમને મોકલ્યા છે; પણ ખરૂં જોતાં તે માત્ર પોતાનું કામ સાધવાને કરે છે."

રૂખમણી બોલી, "પણ એમ કરવાથી તેઓને લાભ શો?"

પદ્નલાલે કહ્યું, "તેઓ પુષ્કળ કમાય છે, કારણ કે તમારા જેવા મૂર્ખ લોકો તેઓ જે કાંઇ કહે તે સાંભળવાને તૈયાર હોય છે; તેઓ તેઓને પૈસા આપે છે ને કહે છે કે તમારા સીસામાંથી દવા રેડતા નહિ ને ભૂકો છાંટતા નહિ. આ પ્રમાણે તેઓ સરકારનુ નામ બદનામ કરે, પોતાનાં ખીસાં તર કરે, અને તમારી પાસે પૈસા ઓકાવે."

રૂખમણીએ કહ્યું, "હુ તો એક પૈ ફરકાવુ નહિ"

તેના ધણીએ જવાબ દીધો, તમને આટલું મેં કહ્યુ તે ઉપરથી કદાચ નહિ આપો, પણ મારી તો નવ્વાણુ ટકા ખાતરી છે કે જો તે બાઇએ તમને કહ્યુ હોત કે તમારા ઘરમાં મરકી દાખલ કરવા આ ભૂકો છાંટવાનું મને કહેવામાં આવ્યુ છે, તો તે દવા કોઇ બીજે ઠેકાણે લઇ જવા તમે તેને ખુશીથી પૈસા આપતે."

રૂખમણીએ જવાબ આપ્યો, "પણ મારે કાંઇ મરકીથી મરવું નથી, તો સાચું શું ને જુઠું શું તે આપણે કેમ કહી શકીએ?"

હવે પદ્નલાલના ધીરજનો છેકજ અત આવ્યો હતો, તેથી તે બહાર ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૦મું.

શિવરાણીને વિસામો મળે છે.

જેમ ટાઢું પાણી તરસ્યા માણસને સુખ આપે છે તેમ શિવરાણીના નિરાધાર તથા શોકથી વ્યાકુળ થયલા અતઃકરણને ખ્રીસ્તના તારણના સમાચારથી તૃપ્તિ વળી; એટલે જે પ્રભુ ઇસુ ખ્રીસ્ત આ શોકે તથા દુઃખે ભરેલી પૃથ્વી પર બધા

માગનારાને સાજાપણું અને દિલાસો આપતો ફરતો હતો, અને જેણે આમંત્રણ આપ્યું હતું કે "ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ," એ આમંત્રણ પહેલીજ વાર તેણીએ સાંભળ્યું ત્યારે ઉભરાએલા અંત કરણથી તે બોલી ઉઠી કે, "જો તે વખતે હું જીવતી હોત અને તેનું આમંત્રણ સાંભળ્યું હોત, તો હું જરૂર તેની પાસે જાત અને વિસામાને માટે માગણી કરત. પણ તે તો કેમ બની શકત, કારણ કે હું તો ફક્ત છોકરી છું, અને મને આજ્ઞા મળે ત્યાંજ મારાથી જઇ શકાય."

તેને શિક્ષણ આપનારી બાઇ આ સાંભળીને ખુશ થઇ, તે બોલી, "ત્યારે આજ તમે જીવતાં છો, તેને લીધે આનંદ કરો કારણ કે આપણા પ્રભુ ઇસુ પાસે આવતાં તમને કોઇ રોકી શકે તેમ નથી, કારણ કે તેને શોધી કાઢવા તમારે કોઇ બીજે સ્થળે જવાનું નથી."

આતુરતાથી તે છોકરીએ પૂછ્યું, "એની મતલબ શી? અને મારે શું કરવુ જોઇએ તે મને બતાવો."

તે બાઇએ જવાબ આપ્યો કે, "એનો અર્થ એવો છે કે આપણા પ્રભુ ઇસુએ જ્યારે કહ્યું કે, "ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો ને હું તમને વિસામો આપીશ," તે વખતે સેંકડો વરસ ઉપર જે તે હતો તેજ તે આજે છે. જેવો તે વખતે તે પ્રીતિ અને કૃપાનો ભરેલો હતો તેવોજ તે આજે છે. આ શબ્દો જે તે બોલ્યો તે તે વખતે તેની આસપાસ ઉભેલા તેટલાનેજ માટે નહોતા. તે જાણતો હતો કે જ્યાં સુધી દુનિયા રહેશે ત્યાં સુધી દરેક દેશમાં, દરેક વખતે, વિસામાને માટે આતુર, થાકેલા અને ભારથી લદાયલા લોકો હશેજ, અને તેથી તેણે કહ્યું, "મારી પાસે આવો અને હું તે તેમને આપીશ."

શિવરાણીએ નરમાશથી પૂછ્યું, "તમને લાગે છે કે મારે વિષે તે જાણતો હતો?"

"હા, હું ધારૂં છું, બલકે મને પૂરી ખાતરી છે, કે તે તમારે વિષે જાણતો હતો. અને તે કરતાં વિશેષ, હું જાણું છું કે, એનું કારણ એ હતું કે તમારૂં અતઃકરણ કેવુ દિલગીરી ભરેલું છે, અને તમને દિલાસો આપવા કંઇ પણ સાધન કે કોઇ પણ માણસ નથી એ વાત તે જાણતો હતો તેજ કારણથી તેણે મને તમને કહેવાને મોકલી, કે તે તમને આરામ આપી શકશે અને તમારા અતઃકરણની ઉમેદ બર આવશે. પેલો ઘેટાંપાળક પોતાના ખોવાઇ ગએલા ઘેટાને શોધવા નિકળ્યો તે વિષે જે વાત મેં તમને કહી હતી તે તમને યાદ છે? કેટલા લાંબા વખત સુધી તેને શોધ્યાં કરવું પડયું, અને ઉજાડ ઠેકાણે તથા ખાડા ટેકરા ઉપરથી જવુ પડયું, કે જ્યાં તેના પગ ચીરાઇ જતા અને લોહીલોહાણ થઇ જતા; પણ તેણે તેની દરકાર રાખી નહિ, કારણ કે તેને પોતાના ઘેટાં ઉપર અતિશય પ્રીતિ હતી અને તેને ખોળી કાઢવાથી જે આનંદ મળવાનો હતો તેનો વિચાર તેના મનમાં રમી રહ્યો હતો."

શિવરાણીએ એકીટસે જોઇ આ શબ્દો સાંભળ્યા, અને શરમાળપણે પુછયું કે, "શું તમે એમ કહેવા માગો છો કે હું ઘેટું છું, અને પ્રભુ ઇસુ મને શોધનારો ઘેટાંપાળક છે?"

જવાબ મળ્યો કે, "હા, મારૂં કહેવુ એમજ છે; વળી ભરવાડને પોતાનું ઘેટું જડયું ત્યારે તેણે તેને પોતાના ખભા ઉપર ઉંચકી લીધુ અને તેને ઘેર લઇ ગયો. પ્રભુ ઇસુની ઇચ્છા પણ તમને એમજ કરવાની છે, તે એ કે, પોતાના મહિમાવાળું ઘર, જ્યાં નથી મોત કે નથી દિલગીરી, કે નથી રડવાનું, તેમાં તમને તેડી જવાં. તે તમને તેડી જાય તેને માટે તમે તેને વિનંતિ કરશો?"

આજ ક્ષણે રૂખમણી જે રસોઇમાં રોકાઇ હતી તેણી પોતાનું કામ પૂરૂં કરીને પોતાની ચોપડી લઇ આવી પહોંચી, તેથી એમેલાઇનને ઘણી નાસીપાસી થઇ. રૂખમણીના આવવાથી વાતચિતનો અંત આવ્યો, ને પ્રભુ તરફનો સંદેશો

પૂરો કહેવામાં આવ્યો નહિ: પણ આત્માનો મહાન શોધક કે જેને નામે ને બાઇ બોલતી હતી તેણે પોતાનું કામ અધુરૂં રહેવા દીધુ નહિ.

તે રાત્રે અસાધારણ ઘામ અને ઉકળાટ હતો, કારણ કે વરસાદ તુટી પડવાની તૈયારીમાં હતો. ઘામને લીધે શિવરાણીને ઉંઘ આવી નહિ, અને પોતાના બિછાનામાં આમ તેમ તરફડિયાં માર્યા પછી અગાસોની જે બાજુએ વધારે પવન વાતો હતો ત્યાં બેસવા ગઇ. તેણીની આસપાસનાં બધાં ઉંઘતાં હતાં, તેથી પોતે જાણે એકલી હોવની તેમ હતુ. રાતની શાંતતામાં જે વાત સવારમાં થઇ હતી તે તરફ તેણીનુ ધ્યાન પાછું ખેંચાયું, અને જે શબ્દો તેણીએ મોઢે કીધા હતા તે તેણીને યાદ આવ્યા; "મારી પાસે આવો, અને હુ તમને વિસામો આપીશ."

તેણીના મનમાં વિચાર આવ્યો કે, "તે બાઇએ કહ્યું કે પ્રભુ ઇસુ મારા વિષે બધુ જાણે છે, તો હુ અહી એકલીજ બેઠેલી છું તે પણ તે જાણતો હોવો જોઇએ. મારા હૃદયમાં કેવી વેદના થાય છે અને તે કેવું આતુર બની રહ્યું છે, તેની પણ તેને ખબર હોવી જોઇએ. "મારી પાસે આવો" એ શબ્દો જ્યારે તે બોલ્યો ત્યારે તે મને ઓળખતો હોવો જોઇએ. જેને હુ જોઇ શકતી નથી તેની આગળ કેવી રીતે જવાય તે હુ જાણું તો કેવુ સારૂં! મારે જવાનું કાંઇ સ્થળ નથી ત્યારે કેવી રીતે જવું તે જાણવાની મને અભિલાષા છે; એ ઘણું વિચિત્ર લાગે છે. જો હુ પ્રભુ ઇસુના કાનમાં ઘણે ધીમે સાદે બોલું, એવી રીતે કે કોઇ બીજું સાંભળે નહિ, તો તેનાથી સંભળાશે કે કેમ એ જાણવા ચાહું છું. મને લાગે છે કે તે સાંભળશે, કારણ કે જો તે સર્વજ્ઞ છે તો હું શું બોલું છું તે તેણે જાણવું જોઇએ. વળી શિક્ષક બાઇએ મને કહ્યું કે તે સર્વવ્યાપક છે, તેથી અગર જો હું તેને દેખી શકતી નથી; છતાં તે આ અગાસીમાં હોવો જોઇએ."

પછી ઘણે ધીમે સાદે શિવરાણી બોલી, "ઇસુ ખ્રીસ્ત, તું મારે વિષે સઘળું જાણે છે તારી સેવકીએ કહ્યું હતું કે તું જાણે છે, તો હું કેવી ગમગીનીમાં છું તે તને માલમ હોવું જોઇએ, અને તેથી કરીને જે વિસામો તું આપે છે તે લેવાની મારી મરજી છે. કૃપા કરી તે મને આપ, અને જો મારી માગણી યોગ્ય ન લાગે તો કૃપા કરી મને માફી આપજે, કારણ કે મારામાં થોડી સમજ છે."

પછી શિવરાણીને ખાતરી થઇ કે તે મહાન વિસામો આપનાર જે મરણ પામ્યો છે પણ સર્વ કાળ જીવતો છે, તે ખરેખર અગાસી પર હાજર હતો, અને તેણે તેણીની છાની વાત બીજા કોઇને કાને ન પડતા સાંભળી હતી, કારણ કે તેણીના અંતઃકરણમાં એક એવી તરેહનો વિસામો આવ્યો કે જેનો અનુભવ અગાઉ તેણીને કદી થયો નહોતો—એવો વિસામો કે જેને લીધે જે દુઃખથી તે આટલી બધી કંટાળી ગઇ હતી તે દુઃખ શમી ગયુ. જાણે ઘા ઉપર શાતા વળી જાય એવોજ હાથ મુકાયો હોય અને એકાએક લહાય બળતી શમાઇ જાય તેમ થયું. જે વિસામો આપવામાં આવ્યો હતો તેથી વિસામો આપનારની હાજરી તથા તેના પરાક્રમની સાબિતી મળી.

વળી શિવરાણીના મનમાં વિચાર આવ્યો કે "પેલી બાઇએ જે વાત કહી તે સાચી છે. ઇસુ અહીં હોવો જોઇએ, અને તેણે મારૂં કહેવુ સાંભળેલું હોવું જોઇએ, કારણ કે મારા અંતઃકરણમાં જે ભૂખ હતી તે જતી રહેલી માલમ પડે છે. હવે મને સમજ પડી કે તે સઘળું સત્ય છે, અને ઇસુ ખ્રીસ્ત ખરેખરો જીવતો છે, અને સર્વવ્યાપક છે. હું સમજતી નથી, પણ તે સાચું હોવુંજ જોઇએ." પછી પદ્નલાલને જે તેણીએ વચન આપ્યું હતું તે યાદ આવ્યું. તે બાઇની સાથે તે ઘણી વાત કરે તેમાં તે રાજી નહોતો, તેથી પોતાના અંતઃકરણમાં જે હતું તે છુપુ રાખવાને તેણીએ કોશિશ કીધી, પણ તે

દિવસે તેઓ એકલાં હતાં તેથી તેણીએ આપેલું વચન તે ભુલી ગઇ અને છુટથી વાત કીધી. તેણીના મનમાં વિચાર આવ્યો કે જેથી મારા મનને સુખ ઉપજે તે વિષે હું વાત ન કરૂં એ વિચિત્ર છે, પણ પટ્ટનલાલે કહ્યું કે મરજી હોય તો તેની સાથે વાત કરવાની હરકત નથી, તેથી હું તેને કહીશ કે, ઇસુ ખ્રીસ્તે મને વિસામો આપ્યો છે અને કદાચ તેને ખબર પડશે કે તેને વિષે જ્ઞાન મેળવવુ એ ખોટું નથી.

એક અઠવાડીઆ પછી જ્યારે એમેલાઇન તેણીને પાઠ આપવા આવી ત્યારે અગાસીમાં પેલા કૃપાળુ ઘેટાપાળક અને તેના ખોવાઇ ગયલા ઘેટાના શોધી કાઢવા વિષે કંઇ વાતચિત થઇ નહિ; ખરેખર તેને લાગ્યું કે શિવરાણી તે દિવસે અતિશય શરમાળ અને શાંત હતી, અને તેનું શું કારણ હશે તે વિષે આશ્ચર્ય પામી, કે રખેને કોઇએ તેઓની છેલ્લી વાતચિત છાની રીતે સાંભળી હોય અને તે વિષે પટ્ટનલાલને કહ્યું હોય. બીજે અઠવાડીએ જ્યારે તે આવી ત્યારે તેને ખબર પડી કે પોતાની પ્રિય વિદ્યાર્થી તેને ગામ પાછી ગઇ છે, ત્યારે તેને કેટલી દિલગીરી અને નાસીપાસી લાગ્યાં! પ્રભુએ આ વિદ્યાર્થીને પોતાની પાસે લાવવા સારૂ ખાસ કરીને મને મોકલી હતી, એવી પુરેપુરી ખાતરી થઇ હતી અને હવે જ્યારે હું ધારતી હતી કે તેના તારનારનો અંગીકાર કરવાને તે લગભગ તૈયાર થઇ હતી, એટલામાં તે મારાથી વિખૂટી પડી, ને તે જ્યાં ગઇ છે ત્યાં તેને શિખવનાર કે મદદ કરનાર કોઇ નથી. છતાં એક વિચારથી દિલાસો મળ્યો હતો; ને તે એ હતો કે જે પ્રભુએ આકાશમાંનો વૈભવ છોડીને પાપીઓ પર પ્રીતિને લીધે વધસ્તંભ પર અપમાન ભરેલું મરણ સહ્યું તેની પ્રીતિની હદથી દૂર તે ગઇ નહિ હોય.

પ્રકરણ ૧૧ મું.

ભાઈ બેન.

બીજે દિવસે શિવરાણીને પટ્ટનલાલ સાથે વાત કરવાનો પ્રસંગ મળ્યો. એમેલાઇને પોતાના વિદ્યાર્થીઓને બૈબલનાં વાક્યોનું એકેકુ પાનું આપ્યું હતું, અને તે આવતી ત્યારે તેમાંનાં વાક્યો તેઓને શિખવતી. જે વાક્ય શિવરાણીના અતઃકરણમાં એવી રીતે કોતરાયલું હતું કે તે કદી ભુલેજ નહિ તે આવી રીતે તે શિખી હતી. પોતાના હાથમાં તે પાનું લઇ તે એકલી બેઠેલી હતી, એટલામાં પટ્ટનલાલ તેની પાસે આવ્યો.

તે પાના તરફ નજર કરી તેણે પુછ્યુ, "આ શું છે?"

તેણીએ જવાબ આપ્યો કે, "અમને શિખવનાર બાઇએ આપેલા બૈબલમાંનાં કેટલાંક વાક્યો છે."

પટ્ટનલાલે તેને હાથમાં લઇને નજર કરતાંને વાર તે શું હતું તે તુરત જાણી લીધુ. તણે પુછ્યુ કે "તમને વાંચતાં આવડતું નથી ત્યારે એ તમને શા ખપનું?" તેણીએ જવાબ દીધો, "હું વાંચી શકતી નથી, એ વાત ખરી, પણ એ પાનું મારા હાથમાં ઝાલી રાખવાને મને બહુ ગમે છે; વળી અગર જો હું તે વાંચી શકતી નથી, છતાં એમાં લખેલા કેટલાક શબ્દો મને આવડે છે; સાંભળો જોઇએ." પછી જે શબ્દો ઓગણીસસેં વરસ ઉપર ઉચ્ચારાવલા અને જે ત્યારથી અત્યાર સુધી આખી દુનિયામાં ગાજી રહ્યા હતા તે તેણી મોઢે બોલી ગઇ. "ઓ વૈતરૂં કરનારાઓ, તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ."

પટ્ટનલાલે એ શબ્દો અગાઉ વાંચ્યા હતા, પણ જેવા તેણે પોતાની બેનના સ્પષ્ટ, મધુર અવાજે, માત્ર મ્હોડામાંથી નહિ પણ તેણીના અંતઃકરણના ઉંડાણમાંથી નિકળતા

સાંભળ્યા ત્યારે તેઓમાં નવું સામર્થ્ય માલમ પડયું, અને તેમાં એવી ખુબી લાગી કે જેવી અગાઉ કોઇ પણ વખત તેને લાગી નહોતી. "આ શબ્દો તું બોલી જાય છે તો ખરી, પણ તેઓનો અર્થ સમજવાની તારામાં શક્તિ નથી," એમ બોલતો તે તેની પાસે બેસી ગયો.

તે છોકરીએ આતુરતથી કહ્યું, "મારાથી તેનો અર્થ કેમ ન સમજાય? 'થાકી જવુ' અને 'વિસામો લેવો' એ શબ્દોના અર્થ હુ સમજું છું. એમાં એવું શું છે કે જે મારાથી ન સમજાય?"

તેણીના ભાઇએ જવાબ આપ્યો "શરીરે થાકી જવું તે શું, અને વિસામો મેળવવો તે શુ, તે તું જાણે છે. પણ ઇસુ ખ્રીસ્તના કહેવાની મતલબ એ નથી. તેના બોલવામાં જુદોજ અર્થ રહ્યો હતો, અને તે અર્થ તું એમ ધારતી હોય કે હું તે સમજું છું, પણ તારામાં તે સમજવાની શક્તિ નથી."

શિવરાણીએ પોતાની મોટી, કાળી આંખ ફાડીને પોતાના ભાઇના મ્હોડા સામુ જોયું. તેમાં થોડા દિવસ ઉપર જે મુજવણ ભરેલો અને ઉંડા વિચારમાં ડુબેલો દેખાવ હતો તે હાલ નહોતો, પણ જેવો તેણીએ જવાબ આપ્યો કે 'મને જેમ દેહ છે તેમ અંતઃકરણ નથી' અને ઘણા મહિના થયા તે થાકી ગયલું અને શોકાતુર હતુ કે નહિ? પણ હવડે પ્રભુ ઇસુએ પોતાનો વિસામો મને આપ્યો છે. કદાચ તમે પોતે સમજતા નહિ હો, પણ મને તો લાગે છે કે હું સમજું છું." આમ કહેતાંની સાથે તેની આંખો આનંદ ભરેલા પ્રકાશથી ચળકવા લાગી.

પદ્નલાલ ચોંક્યો. પોતાની બેન સાથે વાત કરતાં ઘડીઘડીમાં તેને કાંઇક નવુંજ આશ્ચર્ય લાગતું. પોતાની સ્ત્રી જેના શિવાય બીજી કોઇ પણ બાયડી સાથે તેને કશી લેવાદેવા નહોતી તેનાથી તે બહુ જુદીજ રીતે બોલતી હતી. તેણીની સમજ શક્તિથી તે ચોંકી ઉઠયો એટલુંજ નહિ, પણ ઇસુ

ખ્રીસ્તના બોધ ઉપર તે પોતાનું ધ્યાન એટલું બધુ લગાડતી માલમ પડી કે પટ્ટનલાલને લાગ્યુ કે ખરેખર મારે એને બિહારીલાલને ત્યાં પાછી વિદાય કરી દેવામાં જરા વિલંબ કરવો જોઇતો નથી.

તેણે પોતાના ઇરાદા વિષે કાંઇ જણાવ્યું નહિ, અને જય સુધી પોતે એકલોજ સાંભળનાર હતો ત્યાં સુધી વાતચિત કાયમ રાખવામાં કઇ હરકત જેવુ નહોતું, તેથી તેણે ફરીથી કહ્યું, "બેન, એ વાતમાં તું ભૂલ ખાવ છે, ઇસુ ખ્રીસ્ત વિષે જેટલું જ્ઞાન તું મેળવી શકે તેના કરતાં હું ઘણું વધારે શિખ્યો છું, કારણ કે તેના તમામ ઇતિહાસનું પુસ્તક મારી પાસે છે, અને તે મેં ઘણી વાર વાંચ્યુ છે."

શિવરાણીએ આતુરતાથી કહ્યું, "જો મારાથી તે વચાય તો કેવુ સારૂં! ને પુસ્તક ખરીદવાને અને તે વાંચવાને શક્તિમાન થાઉં તો હુ ઘણી ખુશી થાઉ. કોઇ કોઇ વાર તમો તે મને વાંચી નહિ સંભળાવશો?"

પટ્ટનલાલે જવાબ આપતાં પોતાનું ડોકું હલાવ્યું અને કહ્યું, "આ વાત જો બિહારીલાલના જાણ્યામાં આવશે તો તે શું કહેશે? મારી સાથે એવી રીતે વાત કરતી જો તે તને સાભળશે તો તેને અતિશય ક્રોધ ચઢશે; પણ તેં તો વચન આપ્યું છે કે હું કોઇ બીજા આગળ વાત કરીશ નહિ, કેમ ખરી વાત કેની?"

શિવરાણીએ ધીમે અવાજે કહ્યું, "હા, મેં વચન આપ્યું છે." અને પછી દિલગીરી સાથે વધુ એ કહ્યું કે, "હુ શું કરી શકું? મારાથી મારૂં ધાર્યું થઇ શકતું નથી; જે મારે શિખવું છે તે મારાથી શિખી શકાતું નથી, જે મારે કહેવુ છે તે મારાથી કહી શકાતું નથી, પણ હું તો મનમાં વિચાર કરી શકું છું, અને મારા અંતઃકરણમાં શું છે તે કોઇ જાણશે નહિ. મારી ભોજાઇ જ્યારે ઘી અને લોટ વિષે, પૈસા અને કપડાં વિષે વાત કરતી હશે ત્યારે હું ઇસુ ખ્રીસ્તનાં વચનો વિષે

વિચાર કરીશ, કારણ કે તે વચનો મારા હૃદયમાં કોતરેલાં છે અને તેમાંથી કોઇ કાઢી શકતું નથી."

પટ્ટનલાલ ગમ ખાઇ ગયો, કારણ, તે પોતાના મનમાં વિચાર કરતો હતો કે, "જો હું શિવરાણીને કહું, કે હું પણ ઇસુ ખ્રીસ્તનાં વચનો ઉપર મનન કરૂં છું, ને મારી તેના ઉપર શ્રદ્ધા છે, અને તેના બોધ પ્રમાણે વર્તવાની કોશિશ કરૂં છું તો કેમ? એથી કદાચ એને દિલાસો મળે અને તેથી કશી હરકત થશે નહિ." વળી પાછો તેને વિચાર આવ્યો કે "સ્ત્રીનો કોણ વિશ્વાસ કરે? એ તો ખુલ્લેખુલ્લી વાત છે કે શિવરાણી બીજી બધી સ્ત્રીઓ કરતાં જુદા પ્રકારની છે, પણ કોઇ દિવસ તેને વાતનો ચડસ થઇ આવે અને મેં જે કહ્યું છે તે બોલી બેસે" તેથી તે કાંઇજ બોલ્યો નહિ, અને તે બન્ને જેઓ અંતઃકરણમાં લગભગ ઘણે દરજ્જે એક હતાં તેઓ જુદાં રહ્યાં.

તે દિવસે સાંજે પટ્ટનલાલે પોતાના ભાઇપર લખ્યું કે, "શહેરમાં ઠામ ઠામ મરકીના ઘુમાટા ચાલી રહ્યા છે, અને હું ધારૂં છું કે શિવરાણીને જેમ જલદી તેડાવી લો તેમ વધારે સારૂં, પછી હું મારી બાયડીને તેને પીએર મોકલી દઇશ, એટલે તે બેથી તો નિરાંત."

એમેલાઇન ત્યાર પછી મળવા આવી તેને બીજે દિવસે બિહારીલાલ એકાએક પોતાના ભાઇને ઘેર આવ્યો. તે પોતાના કામથી પરવાર્યો હતો અને પોતાના ભાઇના કાગળમાં લખ્યા મુજબ બનતી તાકીદથી ઘેર આવી પહોંચ્યો હતો, અને હવે તે મરકીની જે ધૂમ ચાલી રહી હતી તેના ભયથી પોતાની બેનને મુક્ત કરવાના હેતુથી તેણીને તેડવા આવ્યો હતો. પટ્ટનલાલને ખરેખરૂં ભય શું હતું તેનો તેને ખ્યાલ પણ નહોતો, અને જ્યાં સુધી શિવરાણીને મરકી લાગુ પડી નહોતી ત્યાં સુધી તો તેણીને સહિસલામત ધારતો હતો. જો તેણે ભીતરની વાત જાણી હોત તો તેને ખબર પડત કે આ

તો બકરૂં કાઢતાં ઉંટ પેઠું. શિવરાણીને પોતાને અતિશય દિલગીરી તથા નાસીપાસી થઇ રહી હતી. પ્રભુ ઇસુ જેના જ્ઞાન વડે તે આવો વિસામો પામી હતી તેને વિષે વધુ જ્ઞાન શી રીતે મેળવવુ? જેમ જેમ વખત જતો જાય તેમ તેમ જે તે શિખી હતી તેના ઉપર પાણી ફરે તેમ થાય, એટલે અગાઉની માફક પાછી તે દિલગીરી ભરેલા અંતઃકરણવાળી થાય.

પોતાને શિક્ષણ આપનારી બાઇને ફરીથી મળી શકાશે નહિ એ વિચારથી તેના મનમાં વધુ સંતાપ થયો. કોઇ ન જાણે એમ તેણીએ પદ્નલાલને વિનતિ કીધી કે ગમેતેમ કરીને પણ મને ઓછામાં ઓછું એક અઠવાડીયું વધુ રાખો, અને તેણીની ખાતર તે ખુશીથી એમ કરત; પણ બિહારીલાલ જે તેના લખવા ઉપરથી તેણીને તેડવા આવ્યો હતો તેને શું કારણ બતાવવુ?

તેથી તે પાછી ગઇ, પણ જેવી આવી હતી તેવી નહિ. તેણીની પેટીને છેક તળીએ બાઇબલનાં વચનોનું એક પાનું સતાડેલું હતું, અને તેના અંતઃકરણમાં આ શબ્દો કોતરેલા હતા, "ઓ વતરૂં કરનારાઓ, તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ." એ શબ્દો તે સાચા માનતી હતી, કારણ કે તેને તેનો અનુભવ મળી ચુક્યો હતો.

આગગાડી સ્ટેશન ઉપરથી ઉપડતી હતી તે વખતે તેણીએ લાગ જોઇ પદ્નલાલના કાનમાં કહ્યું કે "જેમ બને તેમ જલદી મને પાછી તેડાવી લેજો," કારણ કે પોતે જતી હતી તે પદ્નલાલના લખવા ઉપરથીજ જતી હતી તેનો તેણીને જરા પણ ખ્યાલ નહોતો. પોતાની બેન પોતાથી વિખુટી પડતી હતી તે જોઇને તેના ભાઇના અંતઃકરણમાં ખરેખરી દિલગીરી હતી. તેના ખુબસુરત ચહેરાએ અને તેની પ્રેમી અને માયાળુ રીતભાતે જેટલું આકર્ષણ આ વખતે

કીધું તેવું અગાઉ કોઇ વખત કીધું નહોતું; એ ઉપરાંત, તેની બેનને આટલી બધી દિલગીરી ઉપજાવી તેને માટે, અને જે ધર્મ પોતાને સાચો લાગતો હતો તેનું વધુ જ્ઞાન તેણીને મળે તે બાબતમાં અટકાવ કીધો તેને માટે તેના અંતઃકરણે તેને દોષિત ઠરાવ્યો.

બિહારીલાલની ખાતરજ તે પોતાના મનમાં બોલ્યો "એ મારો વડો ભાઇ, એટલે શિવરાણીને ખુશ કરવાને પણ તેની મરજી વિરૂદ્ધ મારે વર્તવું જોઇએ નહિ."

પ્રકરણ ૧૨ મું.

"જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિજ મુકીશ."

મિ. સિંહ અને તેની પત્નીના ઘરમાં પહેલી સભા ભરવાનો આજનો દિવસ હતો. નિમેલે વખતે ઘરમાંનો સૌથી સારો ઓરડો તૈયાર કરવામાં આવ્યો હતો, અને નહોતરેલા માણસોને બેસાડવાને બધે ઠેકાણેથી ખુરસીઓ આણવામાં આવી હતી.

ઓરડામાં મુકેલી ખુરસીઓ તરફ જોઇને ધરધણીએ કાંઇક આશ્ચર્યથી પુછ્યું, "આટલા બધા લોકો આવશે એવી તમને આશા છે?"

તેની પત્નીએ મ્હો મલકાવીને જવાબ દીધો કે, "તમારા વિશ્વાસ પ્રમાણે તમને થાઓ," વળી આપણી પ્રાર્થના પ્રમાણે થશે એ પણ ખરૂં કે નહિ? આપણી માગણી મુજબ પ્રભુ કરવાનો નથી એમ આપણે શા માટે માની લેવું જોઇએ? તે એથી પણ ઘણું વધારે કરશે એમ તમને વધારે સંભવિત લાગતું નથી?"

આટલું બોલી રહી એટલે સુદર્શનદાસ અને તેની પત્ની આવી પહોંચ્યાં. સુદર્શનદાસની બૈરીને તેણીના પોતાના

ઘરમાં આપણે પહેલી જોઇ તે દિવસે જે તેનો દેખાવ હતો, તે કરતાં હવડે તેણીનો દેખાવ ઘણો જૂદો હતો. તેણીને થોડા વખત ઉપર માલમ પડયુ હતું કે, સ્વચ્છ ને સાફસુફ રહેવુ એ ઘણે દરજ્જે સોહલુ છે; ચણીઆ ને જાકીટને બદલે તે એક સ્વચ્છ સાડી પહેરતી. તેના મનમાં હતુ કે હું મારી સખીના જેવી દેખાઉ તો સારૂ, તેથી આજે તેણીએ દેશી પોષાક પહેર્યો હતો કે જે તેને ઘણો સારો શોભતો હતો, અને તે ફેરફાર જોઇને એમેલાઇનની આંખમાં તેજ ઝળકી રહ્યું. સુદરીના દેખાવમાં ફેરફાર હતો તેવોજ તેના ધણીના ચહેરામાં પણ તાજુબી પમાડે એવો ફેરફાર થયો હતો. તેના અતઃકરણમા જે પ્રકાશ ફરીથી પ્રદિપ્ત થયો હતો તે આપોઆપ દેખાઇ આવતો હતો; અને થોડા વખત ઉપર તેના ચહેરામાં ઝાંખ અને ઉદાસીનાં ચિન્હો માલમ પડતા હતાં તે બધાં લોપ થઇ ગયાં હતાં.

એક પછી એક એમ બીજાઓ આવવા લાગ્યા, અને અગરજો શરૂઆતનું ગીત ગવાતુ હતું તે વખતે કેટલીક ખુરસી ખાલી હતી, તોપણ બીજું ગીત ગાવાનો વખત થયો ત્યાર પહેલાં તમામ ખુરસીઓ ભરાઇ ગઇ હતી. મિ. સિંહે ટુંકમાં એક ભાષણ કીધુ, અને તેમાં તેણે એક અસરકારક દાખલો દીધો કે, કેવી રીતે પોતાને અને પોતાની બાયડીને તારણનો ખરેખરો અર્થ અનુભવવાનું શિક્ષણ એક માણસ પાસેથી મળ્યુ હતું. તેણે કહ્યું કે તે માણસે અમને બતાવી આપ્યું કે, "મને તો જીવવુ એજ ખ્રીસ્ત છે" એ વાત હરકોઇ ખ્રીસ્તીની બાબતમાં હજી પણ સાચી પડે એમ છે.

ભાષણ પુરૂં કરતાં તેણે કહ્યું કે, "વહાલા મિત્રો, શું, આપણે જે આજ અત્રે હાજર છીએ તેઓ એક સમાજ સ્થાપીને એવુ ન ઠરાવીએ, કે ભલે, બીજા ગમે તે કરો, પણ આપણે તો દરેક, ખ્રીસ્તને માટે આવી જીંદગી ગુજારવાનો યત્ન કરીશું? આપણી આસપાસ એવા ઘણા માણસો છે કે

જેઓ આપણા મહિમાવાન પ્રભુનું અપમાન કરે છે, અને તેને ધિક્કારે છે. વળી તેમાંના કેટલાકો તેનું નામ ધારણ કરે છે અને કેટલાકો નથી ધારણ કરતા; તો આપણે હવે પછી તેને માન આપીશું એવો ઠરાવ ન કરીએ શું? આપણા અંતઃકરણમાં સૌથી વધારે તેના ઉપર પ્રીતિ રાખીએ; આપણાં ઘરમાં તેની મરજી પ્રમાણે વર્તવા પ્રયત્ન કરીએ; આપણાં કૃત્યોમાં પ્રભુ ઇસુને માટે ને તેને નામે સઘળું કરીએ; જેઓના સહવાસમાં આપણે રહીએ છીએ તેઓમાં એવી રીતે વર્તીએ કે જ્યાં હાલ માત્ર અંધકાર છે ત્યાં આપણું અજવાળું પ્રકાશ પાડે." આ પ્રમાણે પહેલા સમાજનો અંત આવ્યો.

બીજે અઠવાડીએ એજ મુજબની તૈયારી કરવામાં આવી, તેટલીજ ખુરસી હારબંધ ગોઠવી દીધી, પણ જેઓને માટે તે ગોઠવી હતી તેઓ બધા તેના ઉપર બેસવા આવ્યા નહિ. સુદર્શનદાસ અને સુંદરી આવ્યાં અને બીજા એક બે આવ્યા, પણ બીજું ગીત ગવાઇ રહ્યું ત્યાં સુધી ઘણીખરી ખુરસીએ ખાલી રહી હતી.

તે સાંજે ભાષણ કરવાને સુદર્શનદાસને વિનંતિ કરવામાં આવી, અને પોતાના મિત્રે જેમ કહ્યું હતું તેમ તેણે પણ પોતાના અનુભવ વિષે કહ્યું, પોતાના પ્રભુને પૂર્ણ રીતે અનુસરવાની કોશિશ તે પહેલા કરતો હતો પણ પછીથી ધીમે ધીમે, ખબર નહિ પડે તેમ, તે ઘણો મંદ પડતો ગયો, અને તેથી જે આનંદમય શાન્તિ તેણે પ્રથમ ખ્રીસ્તને સ્વીકાર્યો ત્યારે પોતામાં હતી, તે જતી રહી, તે વિષેની હકીકત તેણે સભાસદો આગળ કહી.

પછી પોતાના પ્રભુ પ્રત્યે પૂર્ણ પ્રીતિ અને ભક્તિભાવ રાખતા હતા એવાની સાથે વાત કરતાં તેને કેવી રીતે માલમ પડયું કે હું મંદ પડી ગયો છું; વળી ખરી અને નવું જીવન મેળવવાને ખ્રીસ્તની પાસે તેઓએ કેવી રીતે તેને પાછો આણ્યો તે બાબત વિષે વિવેચન કીધું. તેણે કહ્યું કે,

"જે સ્થિતિમાં હું હતો તેજ સ્થિતિમાં જેઓ હોય તેઓ બધાને એજ ઉપાય વાપરવાની મારી સલાહ છે. ખ્રીસ્તની પાસે ગયા વગર જેવા આપણે થવા ચાહીએ છીએ તેવા કદી થઇ શકીશું નહિ. જે જે વસ્તુની આપણામાં ખોટ છે તે તેનાથી પુરી પડે છે, માટે અગરજો આપણી હાલત દિલગીરી ભરેલી હોય તો પણ તે વિષે પ્રભુને કહેવુ અને ઉત્તમ ચાહનાઓ તથા વળણો તે આપણા અંત:કરણમાં મુકે એવી તેની વિનંતિ કરીએ. આપણે નવેસરથી તેને આધીન થઇએ અને ખાતરીથી જાણવુ કે જે તેણે પોતાના લોહીથી ખરીદ કીધેલું છે તે સ્વીકારવાને તે ના પાડશે નહિ."

કેટલીક આગ્રહી પ્રાર્થનાઓ એક પછી એક ચાલુ થઇ, અને હાજર થયલાની સંખ્યા બહુ થોડી હતી તે જોઇને તેઓ દિલગીર થયા હતા, પણ તેમને એટલી તો ખાતરી થઇ કે આટલી સંખ્યા પણ આપણી પ્રાર્થનાને લીધે છે, અને આ નાનો સમાજ જે અંત:કરણમાં અને આત્મામાં એક છે તેને પ્રભુએ બીજાઓને પોતાની પાસે લાવવાને પસંદ કીધો છે. એમેલાઇને કહ્યું, આપણે તેઓને અને બીજાઓને પણ ખચિત પ્રાર્થના વડે પાછા લાવીશું અને જ્યાં સુધી આપણો પ્રભુ જાતે અહીં છે, બેશક તે આજે અહીં છેજ, ત્યાં સુધી આપણે નાઉમેદ થઇશું નહિ."

તે ઉમંગી નાના સમાજમાં એક જણના અંત:કરણમાં દિલગીરી હતી. જે વખતે સુંદરીને વાંચનમાંજ શિક્ષણ મળતું હતું એટલુંજ નહિ, પણ આત્મિક બાબતોમાં પણ મળતું હતું તે દરમિયાન તે ઘણું શિખતી હતી, અને આટલા વખતમાં તેને પુરતી રીતે સમજ પડે એટલી માહિતી મળી, કે પોતાની અને તે નાના સમાજનાં બાકીનાં માણસોની વચ્ચે કાંઇક મોટો ફેર છે-તેઓમાં કાંઇ એવુ છે કે જે મારામાં નથી. તાજુબીની વાત એ હતી કે તેથી તેને પોતાના ઉપર તથા તેમના ઉપર ગુસ્સો આવ્યો.

સુદર્શનદાસને આશ્ચર્ય લાગ્યું કે મારી સ્ત્રી મારા ઉપર કેમ ગુસ્સે દેખાય છે, અને જ્યારે તે સમાજ વિષે બોલ્યો ત્યારે તેણીએ કહ્યું કે હુ કાઇ ફરીથી આવનાર નથી.

સુદર્શનદાસે કાંઇક આશ્ચર્ય પામી પુછ્યુ, "શા માટે નહિ?"

તેણીએ જવાબ દીધો, "મારે શું કરવા આવવું જોઇએ? હું કાંઇ બોધ આપનારી કે ઉપદેશક નથી કે રોજ ને રોજ સમાજમાં આવ્યા કરૂં, હુ મારી મરજી માફક કરીશ."

તેનો ધણી જરા નાખુશ બનીને બોલ્યો, "કોણે તને આ પ્રમાણે વાત કરતાં શિખવ્યું? હુ તો જાણતો હતો કે તારામાં કઇ વિશેષ સમજ હશે. માત્ર જેઓ મિશનમાં કામ કરે છે તેઓજ આકાશમાં જાય એમ શું તારા મનમાં છે? એમ નહિ સમજતી કે તેથી આપણને ત્યાં જવાનો હક મળે છે, પણ ખરેખર જેઓ એમ ધારતા નથી કે આપણને પૃથ્વી ઉપર ખ્રીસ્તને અનુસરવાને અને તેની સેવા કરવાને બોલાવેલા છે, તેઓએ પરલોકે તેની પાસે રહેવાની આશા રાખવી નહિ." તેણીએ ઉદ્ધતાઇ ભરેલે અવાજે જવાબ આપ્યો કે, "હુ કાંઇ પ્રભુ પાસે જવાની આશા રાખતી નથી. તે જગાને માટે અને આ સમાજે માટે મને યોગ્યતા મળે તેની મને જરાપણ આશા નથી."

સુદર્શનદાસના મનમાં આથી ઘણોજ ગુંચવાડો થયો; તેણીને મદદ આપવાને આટલી બધી લાયક બાઇના સહવાસથી તેણે પોતાની બાયડી તરફથી ઘણી આશા રાખી હતી, પણ એવુ માલમ પડયું કે એ તો આગળ વધવાને બદલે પાછળ પડતી જાય છે. પરંતુ જેના શબ્દોથી તેના જીવને ક્લેશ થયો તેનું અંત:કરણ જો તે જોઇ શક્યો હોત તો તેને દિલાસો મળત.

બીજે આખો દિવસ સુંદરીનો ચ્હેરો ઉદાસી ભરેલો હતો ને તેણીનું અંત:કરણ દુઃખી રહ્યું. બીજી સવારે જ્યારે એમે-

બાઇન રીવાજ મુજબ પાઠ આપવા આવી ત્યારે તેની ચપળ આંખે તરતજ પારખી લીધું કે આજ કાંઇ કારણથી મારી વિદ્યાર્થીનો જીવ સ્વસ્થ નથી. વાંચન પાઠ ચાલતો હતો તેમાં વચ્ચે એકાએક તે અટકી પડી અને ચોપડી બંધ કરીને કહ્યું, "બેન, મને કહે તો ખરી, કે આજ તારો જીવ કેમ દિલગીરીમાં છે? તું વાંચવાની કોશિશ કરે છે, પણ મને માલમ પડે છે કે આજ કાંઇ તારૂં ચિત્ત બીજે ઠેકાણે ભમે છે."

સુંદરીનો દબાઇ રહેલો ખેદ એકદમ બહાર નિકળી આવ્યો, ને પોતાનું મ્હોડું સાડીમાં સંતાડીને તે રડી પડી. એમેલાઇને ધીરજથી થોડી વાર રાહ જોઇ અને ફરીથી પુછ્યું, "મારી નાની બેન, મને કહે, તારા મનમાં શું દુઃખ છે, કે જેથી હું તને મદદ કરૂં?" ત્યારે સુંદરીએ જવાબ આપ્યો, "મારા દુઃખનું કારણ એ છે કે તમે પ્રભુ વિષે ગાઓ છો, પ્રાર્થના કરો છો અને ધર્મ સબંધી વાતચિત કરો છો, ત્યારે તમે બધાં ઘણાં આનંદમાં દેખાઓ છો, પણ એમાં મને કશો આનંદ થતો નથી. વળી આકાશમાં જવાનું મારૂં મન નથી."

આ શબ્દો સાંભળીને એમેલાઇનના હૃદયમાં હર્ષ થઇ રહ્યો. સુંદરીને વાસ્તે જે પ્રાર્થનાઓ કરવામાં આવી હતી તેમના જવાબની આ શરૂઆત હતી, અને તેના હૃદયમાં સત્યનું કીરણ પડયું હતું તેની આ પહેલી નિશાણી હતી.

તેણીએ તેને કોમળતાએ કહ્યું, "સુંદરી, જો અમે સુખી છીએ તો તે સુખ અમારામાં કરનાર પ્રભુ ઇસુ છે; અને જો અમને આકાશમાં જવાનો વિચાર ગમે છે તો તેનું કારણ એજ છે કે પ્રભુ પોતે ત્યાં છે. જ્યારે તને તેની સાથે ઓળખાણ થશે ત્યારે જ્યાં તે છે ત્યાં જવાનું તને પણ મન થશે."

નમ્રતા ભરેલે અવાજે સુંદરીએ જવાબ દીધો, "પણ હું તેને ઓળખતી નથી, અને તેની સાથે મને કેવી રીતે ઓળખાણ થાય એ હું સમજતી નથી. તે મારાથી બહુ દૂર લાગે છે."

એમેલાઇને જવાબ દીધો, "હું ધારૂં છું કે જેમ આપણે એક બીજાને ઓળખતાં શિખીએ છીએ, તેજ રીતે મોટે ભાગે પ્રભુ ઇસુને ઓળખતાં શિખીએ છીએ. પહેલે દિવસે જ્યારે હું અહીં આવી ત્યારે તુ મને ઓળખતી નહોતી, અને તેથી તું શરમાઇ ગઇ અને ઘણું બોલી નહિ, પણ જ્યારથી મેં નિયમસર આવવા માંડયું ત્યારથી આપણે એક બીજાને સારી પેઠે પીછાનતાં થયાં. શાથી તને આનંદ થાય છે અને શાથી દિલગીરી થાય છે તે મને કહ્યાથી તારૂં તમામ શરમાળ-પણું ગયું સમજજે. જ્યાં સુધી આપણે પ્રભુ ઇસુને મળીએ નહિ, તેની સાથે વાત કરીએ નહિ, અને તે આપણી સાથે વાત ન કરે, ત્યાં સુધી આપણે તેને ઓળખીએ નહિ. તે કહે છે કે, હુ મારાં ઘેટાંને ઓળખુ છું, અને મારાં ઘેટાં મને ઓળખે છે, પણ ઘેટાંઓ ભરવાડની નજદીકમાં રહે એ જરૂરનું છે."

સુંદરીએ જરા મ્હો ચઢાવીને જવાબ આપ્યો, "તમે તો બધાં ઘણાં સારાં છો અને હું ઘણી પાપી છું."

આ સાંભળીને એમેલાઇને મ્હોડું મલકાવ્યું ને કહ્યું, "એજ કારણને માટે પ્રભુ ઇસુની તને વિશેષ જરૂર છે. જો આપણે બધાં પાપી ન હોત તો તે આવે અને આપણને બચાવે એવી તેની ગરજ આપણને રહેત નહિ. દેવદૂતે કહ્યું, "તું તેનું નામ ઇસુ પાડજે, કારણ કે તે લોકોને તેઓનાં પાપમાંથી બચાવશે." તમારી આડાઇમાંથી અને તમારા અતઃકરણનાં બીજાં બધાં દુર્ગુણોથી તે તમને બચાવી શકે છે. એજ કારણ માટે તે આકાશમાંથી આવ્યો અને વધસ્તંભે ઉપર મરણ પામ્યો. જો દુનિયામાં પાપીઓ હોત નહિ તો તારનારની જરૂર પડતે નહિ. તે કહે છે કે, "જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિજ મુકીશ." ચાલો, આપણે એની પાસે જઇને વિનંતિ કરીએ કે તારા અંતઃકરણ-માંથી પાપ લઇ લે, અને પોતે જાતે તેમાં આવીને વસે."

પછી તેઓ ઘુંટણીએ પડ્યાં, અને વધસ્તંભે જડાયલો તારનાર, જે પસ્તાવો કરનાર પાપીથી કદી પણ દૂર હોતો નથી, તેણે એ વાત સાંભળી, અને સુંદરીએ જાણ્યું કે જે પ્રભુ અગાઉ ઘણો દૂર માલમ પડતો હતો તે પોતાની છેક નજદીકમાં આવી પહોંચ્યો, અને તેથી તેણીના મન પરનો બોજ ખસી ગયો.

તે ઉત્તમ ઘેટાંપાળકના હવાલામાં પોતાનું ઘેટું પાછું આવ્યું અને એક પાપીએ પસ્તાવો કીધો હતો તેને માટે પ્રભુના દૂતોની સમક્ષ હરખ થયો.

પ્રકરણ ૧૩ મું.

લગભગ ખ્રીસ્તી થવાના નિશ્ચય પર આવ્યો.

શિવરાણી પોતાને ગાંમ પાછી આવી તેને કેટલાંક અઠવાડીઆં વીતી ગયાં હતાં. પદ્મનલાલ ઘણા કામમાં રોકાયાને લીધે પોતાના ભાઇની મુલાકાત લેવાનું તેનાથી બની શક્યું નહોતું. જો મેળાપ થયો હોત તો કેવુ સારૂં થાત! કારણ કે પોતાની બેનના શા સમાચાર છે તે જાણવાને તેને ચટપટી થઇ રહી હતી. તેણીએ એને આપેલું વચન પાળ્યું હશે કે નહિ, અને પોતાના નવા વિચારો છાના રાખ્યા હશે કે નહિ એ જાણવાને તે ઘણો ઈંતેજાર હતો. એને લાગ્યું કે તેણીએ વાત છાની રાખી હશે, કારણ કે જો એમ ન હોત તો એને કાને આવ્યા વગર રહેત નહિ.

વળી તેને શક પણ હતો કે કદાચને શિક્ષક વગર, વાંચવાને પુસ્તક વગર, અને વાંચતાં આવડ્યા વગર, જે શબ્દોની તેણીના મન ઉપર આવી અસર થઇ હતી તે રફતે રફતે ભૂલી જવાય, થયલી અસર જતી રહે, અને શિવરાણી અગાઉની માફક પોતાનો મૂળ ધર્મ પાળનારી બની જાય. તેમ થાય તો તેમાં પોતે રાજી હતો કે કેમ તેની પોતાને

ભાગ્યેજ ખબર હતી. પોતાના મનમાં જેવા વિચાર આવે છે અને જેવી લાગણી પોતાને થાય છે તેવી તેના કુટુમ્બ-માંના કોઇ બીજાને થાય છે એ તેને યાદ આવતું ત્યારે કોઇ કોઇ વખત તેના મનને દિલાસો મળતો; અને પોતાની અને પોતાની આ વહાલી બેન વચ્ચેની મમતાની ગાંઠ તુટી જાય એવી તેની મરજી નહોતી. તેણીની સાથે જે જે વાતચિતો થયલી અને તારનાર પર જે દૃઢ વિશ્વાસ તેણીએ બતાવ્યો હતો તે વિષે વિચાર કરતાં ખ્રીસ્તી ધર્મ વિષે વધુ જાણુવાની તેની જીજ્ઞાસા જે કેટલોક વખત થયા મંદ પડવા માંડી હતી તે જાગૃત થઇ હતી. ફરીથી એકવાર તેને સ્પષ્ટ સાબિતી મળી કે, એ ધર્મમાં કાંઇક એવું છે જે બીજા કોઇ પણુ ધર્મમાં નથી; એ ધર્મનું મહત્વ કેટલીક ચોક્કસ બાબતો માનવામાં અને સ્વીકારમાંજ નથી, પણુ તેમાં એવી કંઇ અલૌકિક શક્તિ છે કે જે વડે જે કોઇ તેને ખગ દીલથી સ્વી-કારે તેના અતઃકરણુ અને વર્તન ઉપર અસર કરનારી થઇ પડે છે, અને તેથી તે–પછી સ્ત્રી હોય કે પુરૂષ હોય–એક નવુંજ માણુસ બની જાય છે. આ વાતની ખાતરી તેને પોતાના જુના સહાધ્યાયીની બાબતમાં થઇ હતી અને હવે બીજી વાર પોતાની બેનની બાબતમાં થઇ. આ બેઉની પ્રકૃતિ એક બીજાથી ઘણી જૂદી હતી તો પણુ બંનેમાં એક મોટો ફેરફાર થઇ ગયો હતો, તે ફેરફાર માત્ર ખ્રીસ્ત વિષેની વાતો શિખવાથીજ થયો એમ નહિ (અગર જો તેની શરૂઆત પ્રથમ તેનાથીજ થઇ હતી), પણુ કોઇએક જીવતા, દિવ્ય, અદૃશ્ય પુરૂષની સાથે સમાગમમાં આવ્યાથી થયો હતો. વળી તે દિવ્ય પુરૂષે, તેને જાણુવાની આતુરતાથી અભિલાષા રાખ-નારાના અંતઃકરણુમાં જાતે પ્રગટ થવાને શક્તિમાન હતો.

તેનો મિત્ર અને તેની બેન બંને માનતાં હતાં કે, આ પુરૂષ તે બીજો કોઇ નહિ પણુ પ્રભુ ઇસુ પોતે છે, કે જે વધસ્તંભ ઉપર મારી નાખવામાં આવ્યો હતો, પણુ હાલ

જીવતો છે અને ઇશ્વરને જમણે હાથે બેઠેલો છે. પદ્‌નલાલને કબુલ કરવું પડયું કે, અગરજો શિવરાણી કરતાં પોતામાં વધારે જ્ઞાન હતું (કારણ કે, કેટલાંક વરસો થયાં નવા કરારનો તે ધ્યાનથી અભ્યાસ કરતો હતો) છતાં શિવરાણીને હૃદયનો એવો અનુભવ થયો હતો કે જે વિષે પોતે કેવળ અજ્ઞાન હતો. આવું વિશેષ ઉંડું જ્ઞાન મેળવવાને તે ખરેખર ઇચ્છતો હતો કે નહિ તેના વિષે તેને સંદેહ હતો, કારણ કે, એને ધારતી હતી કે કોણ જાણે તેનાથી શું પરિણામ થાય. જે પ્રભુ ઇસુને તેના મિત્ર તથા તેની બેને સ્વીકાર્યા હતા તેની અદ્‌ભૂત શક્તિ અને સત્તાનો તેને એવો અનુભવ થાય કે સઘળી બાબતોમાં તે તેનેજ આધીન થાય એવું તે માગતો નહોતો. તે જેમ હતો તેમનો તેમ, એટલે નામનો હિંદુ પણ ખ્રીસ્તી ધર્મની સત્યતા છાની રીતે સ્વીકારનાર રહે એવુ તે વધુ પસંદ કરતો હતો. શિવરાણીને માટે કંઇ મોટી હરકત ન હતી; તે માત્ર સ્ત્રી હતી, એટલે બીજાઓની મરજીને આધીન રહેવાનું હતું. શું તેણીએ ખુશીથી વચન આપ્યું નહોતું કે આ બધી વાતો હું છાની રાખીશ ને કોઇની આગળ જણાવીશ નહિ! એથી ઉલટી રીતે વર્તવાની તેને કંઇ પણ જરૂર પડશે, એવું તેના મનમાં કદી પણ આવ્યું નહોતું; ને આવેજ કેમ! કારણ કે તેની આખી જીંદગીમાં તેને એવો બોધ મળ્યો હતો કે સ્ત્રીનો ધર્મ તાબે રહેવાનો છે, અને પોતાની મરજી કે મત પ્રમાણે વર્તવાનું છેજ નહિ. એટલું છતાં પદ્‌નલાલને નિર્ણય ઉપર આવવું સહેલું લાગ્યું નહિ, અને નિરંતર તેનું મન ચકડોળે ચઢયાં કરતું હતું.

તેના મનમાં આવાજ વિચારો ઘોળાયા કરતા હતા, તેવામાં એક દહાડો સાંજના સુદર્શનદાસ તેને ઓચિંતો મળવા આવ્યો. કેટલાક મહિના થયા તેઓ એકબીજાને મળ્યા નહોતા, અને કેટલાંક વરસ થયાં તેઓ વચ્ચે ગાઢો પરિચય નહોતો. સુદર્શનદાસ એક પુસ્તક જે એ જાણતો હતો કે

પદ્મનલાલ પાસે છે તે લેવા આવ્યો હતો, પણ ખરૂં જોતાં તેનો હેતુ બીજો હતો, અને તે ગમે તેટલાં પુસ્તકો કરતાં તેને વધારે અગત્યનો હતો. ખ્રીસ્ત સાથે પોતે વધારે ગાઢા સંબધમાં આવ્યો હતો, તેથી બીજાઓને પણ પ્રકાશમાં આણવાની તેની ઇચ્છા જાગૃત થઇ હતી. અને મિ. સિહના ઘરમાં જે સમાજ મળ્યો હતો તેમાં એવી સૂચના કરવામા આવી હતી કે, ચાલુ વર્ષ દરમિયાન દરેકે એકાદ માણસને ખ્રીસ્તી ધર્મમાં આણવા માટે સાધનરૂપ થવા કોશિશ કરવી જોઇએ; તેથી સુદર્શનદાસને એકદમ પોતાના જુના સહાધ્યાયી જે એક વખત દેવના રાજ્યની નજદીકમાં આવેલો માલમ પડ્યો હતો, તેને વિષે વિચાર આવ્યો. પોતાના મિત્ર વિષે તે એક દહાડે એમેલાઇન સાથે વાત કરતો હતો તેવામાંજ તે એકદમ બોલી ઉઠી, "બેશક, એનીજ બાયડી હશે કે જેને હું શિખવતી હતી અને એનીજ બેન આ પ્રમાણે એકાએક ચાલી ગઇ."

થોડી વાતચિત થયા પછી ખાતરી થઇ કે તે તેજ હોવો જોઇએ, જે ઉપરથી બન્ને મિત્રો એક વિચાર ઉપર આવ્યા, કે ખાસ કરીને આ કુટુંબ કે જેનાં બે માણસોનાં અંતઃકરણમાં દેવ કામ કરતો હોય એમ માલમ પડે છે, તેને માટે પ્રાર્થના કરવામાં આપણે એકત્ર થઇએ. શિવરાણી અને તેની ભોજાઇ ગયા ત્યાર પછી એમેલાઇન ત્યાં ગઇ ન હતી, જેથી તેઓએ ઠરાવ કીધો કે હવે સુદર્શનદાસે જવું અને તેના જુના મિત્રને મળવું. એ કારણને લીધે સુદર્શનદાસ તે સાંજે મુલાકાત લેવાને આવ્યો હતો.

વાતચિત કરતાં કરતાં ધર્મના વિષયોમાં ઉતરી પડવું કંઇ અઘરૂં નહોતું, કારણ કે એજ વિષય બન્નેના મનમાં સર્વોપરી થઇ બેઠો હતો. સુદર્શનદાસે પોતાના મિત્રનાં પુસ્તકો ઉથલાવતાં ઉથલાવતાં ખ્રીસ્તના જીવનચરિત્ર વિષેનું એક પુસ્તક ઉપાડી લીધું. થોડાંએક પાનાં આમ તેમ ફેરવ્યા

પછી તેણે પદ્‌નલાલ તરફ જોઇને પુછ્યું, "તમે અગાઉ કબુલ કરતા હતા કે ખ્રીસ્તના જેવો સંપૂર્ણ માણસ બીજો કોઇ થયો નથી; હજી તમારૂં તેજ માનવું કાયમ છે કે તેનામાં મનુષ્યત્વ કરતાં કાંઇ વિશેષતા છે એમ તમે સમજ્યા છો?"

એકાએક આ પ્રશ્ન કરવામાં આવ્યો તેથી પદ્‌નલાલ આભો બની ગયો, અને થોડી વાર સુધી શો જવાબ આપવો તે તેને સુઝયો નહિ. આખરે તેણે તેનો કાંઇજ જવાબ આપ્યો નહિ, પણ કહ્યું કે, પહેલો એક પ્રશ્ન હું તમને પુછું છું કે, આઠ વરસ ઉપર તમારો દઢ વિશ્વાસ હતો કે ઇસુ ખ્રીસ્ત જીવતો છે, તે પ્રમાણે તે આજ જીવતો છે એવો તમને હાલ દઢ વિશ્વાસ છે? જેવી તમને આશા હતી તે પ્રમાણે તે છે તેની કંઇ તમને સાબિતી મળી છે?"

"ભાઇ, મારા ખરા અંતઃકરણથી હું કહું છું કે, જ્યારે મેં ઇસુ ખ્રીસ્તનું નામ સ્વીકાર્યું ત્યારે જેટલો મને વિશ્વાસ હતો તેના કરતાં જીવતા ખ્રીસ્તમાં મને આજ દસગણો વધારે વિશ્વાસ બેઠો છે. જો આખી દુનિયા મારી હોય તો ખ્રીસ્તને પ્રાપ્ત કરવા માટે તે ખુશીથી આપી દઉં. લાખો દુનિયા કરતાં તે વિશેષ મૂલ્યવાન છે." એ પ્રમાણે લેશ પણ આંચકો ખાધા વગર સુદર્શનદાસે જવાબ આપ્યો ત્યારે તેનું અંત કરણ આભારથી છલકાઇ ગયું.

સુદર્શનદાસના ચહેરા પરના પ્રકાશ પરથી તેનું બોલવું સાચું છે એવું પદ્‌નલાલને ખાતરીપૂર્વક લાગ્યું. સુદર્શનદાસના બોલવામાં જે ઉત્સાહ રહ્યો હતો તેથી પદ્‌નલાલ છક થઇ ગયો, અને જ્યારે સુદર્શનદાસે ફરીથી પુછ્યું કે, "ખ્રીસ્ત વિષે તમારો શો અભિપ્રાય છે તે મને કહો," ત્યારે તેણે પાછો આંચકો ખાધો.

તેના અંતઃકરણમાં જે હતું તે જો તે બોલ્યો હોત તો તે કબુલ કરત કે, પોતાના મિત્રની અને પોતાની બેનની સાક્ષી એટલી બધી સબળ હતી કે તેથી નિઃસંદેહ સાબિત થયું કે

સારામાં સારો માણસ, જે માત્ર માણસ હોય, તેના કરતાં ખ્રીસ્ત વધારે ઉંચા દરજ્જાનો હોવો જોઇએ, એ વાત માન્ય કીધા વગર ચાલે નહિ. તેણે આ જવાબ આપ્યો કે, "તમે કહો છો કે ઇસુ ખ્રીસ્ત તમારી આગળ જાતે પ્રગટ થયો છે. મને કંઇ એવું પ્રકટીકરણ થયું નથી, નહિ તો કદાચિત જેવા તમે છો તેવા મારે થવું જોઇએ."

સુદર્શનદાસે આતુરતાથી જવાબ દીધો, "જો કોઇ પણ મનુષ્ય ખ્રીસ્તની મરજી પ્રમાણે ચાલશે તો તેને ખ્રીસ્તી ધર્મ વિષે જ્ઞાન થશે. ભાઇ, ગમે તે હરકત થાય તોપણ ખ્રીસ્તની મરજી પ્રમાણે ચાલવાને તમે તૈયાર છો? જો તમે એમ કરો તો જરૂર તે તમારી આગળ પ્રગટ થશે, નહિ તો મને શક છે કે તમારા અંતઃકરણમાં કાંઇ અવરોધ હશે, જેને લીધે ઇશ્વરના દીકરાની ખુબી તમે જાણી શકતા નથી."

પદ્મનલાલે ઉત્તર આપ્યો કે, "ઘણાં વરસ ઉપર મેં તમને કહ્યું હતું કે, ખ્રીસ્ત વિષે જ્ઞાન મેળવવાને અને તેના બોધ પ્રમાણે વર્તવાને હું રાજી છું, પણ તેથી વધારે કરવાને હું તૈયાર નથી. જગતમાં જો હુ એકાકી હોત તો હું જુદી રીતે વર્તત, પણ મારે લીધે હું બીજાઓને દિલગીર અને ફજેત કરીશ નહિ." આ પ્રમાણે બોલી તેણે પોતાના અંતઃકરણની ઉંડી લાગણીઓ દબાવી રાખી.

સુદર્શનદાસે ઘણી ગંભીરાઇથી પ્રત્યુત્તર આપ્યો કે, "ફજેત કરીશ! જેઓ ઇશ્વરના દીકરાના મરણથી તારણ પામેલા છે, અને તેના સનાતન મહિમામાં ભાગીદાર થવા બોલાવી લેવામાં આવ્યા છે, તેમાં ગણાવું એને તમે ફજેતી કહો છો? તમે આ વચન નથી સાંભળ્યું કે 'જુઓ, બાપે આપણા ઉપર કેવી પ્રીતિ કીધી છે કે આપણે દેવના છોકરા કહેવાઇએ!' એવી પદવી પામવી એ તમે ફજેતી કહો છો?"

આ વાતો સાંભળીને પદ્મનલાલને એટલી બધી તીવ્ર લાગણી થઇ આવી કે તે મુશ્કેલીથી દબાવી શક્યો. આ તેનો

મિત્ર કે જે તેની લાગણીઓ બરાબર સમજી શકે તથા તેને મદદ કરી શકે એવો હતો તેની આગળ પોતાના ખરા જીગરના વિચારો અને લાગણીઓ પ્રગટ કરવાને તેના અંતઃકરણમાં ઉર્મી થઇ આવી. તે બોલવાની તૈયારીમાં હતો, પણ તેનો ભાઇ જે તેને માતપિતા તુલ્ય હતો તેની મૂર્તિ તેની સમક્ષ આવીને ઉભી રહી હોય એમ તેને લાગ્યું. સુદર્શનદાસ ગમે તેટલું કહો, પણ મારા ભાઇને તો તે ફજેતીજ લાગે, અને એ વિચારજ તેનાથી સાંખી શકાય એમ નહોતું, તેથી તેણે નાસીપાસીથી જવાબ આપ્યો કે, "ભાઇ, બસ કરો, એ સવાલનું નિવારણ હું મારી મેળે કરી લઇશ. તમો જે માનો છો અને કરો છો તેમાં આડે આવવાની મેં કદી કોશિશ કીધી નથી, અને તેથી હુ જે માનું અને કરૂં તેમાં તમારે આડે આવવાની બિલકુલ જરૂર નથી."

આ શબ્દો સાંભળી સુદર્શનદાસ નાસીપાસ બની ગયો. આ શખસ જે વિષે તે પોતાને જવાબદાર સમજતો હતો અને જેને વિષે તેને લાગણી હતી તેની બાબત તેનું મન ઘણું દુભાયું. તેના બોલવાથી પદ્મનલાલ ગુસ્સે થયો હોય એમ તેને લાગ્યું, ને તેથી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે શું મેં મારી ફરજ બજાવવામાં કાંઇ કસુર કરી છે?

જ્યારે તે ફરીથી બોલ્યો ત્યારે તે તદન જુદાજ રૂપમાં બોલ્યો. "ભાઇ, જે બાબત ખાસ કરીને તારે લગતી છે તે બાબતમાં હું આડે આવું છું એમ જો તને લાગતું હોય તો મને માફ કર. જો મેં ભૂલ કીધી હોય તો તેનું કારણ માત્ર એટલુંજ છે કે, હું એવું ચાહું છું કે, મને જેવો ઉત્તમ લાભ મળ્યો છે તેવો તમને મળે."

આ નરમાશ ભરેલા શબ્દોથી પદ્મનલાલનું અંતઃકરણ પિગળ્યા વિના રહ્યું નહિ. વળી પાછી તેના મનમાં ઉર્મી થઇ આવી કે હું મારા અંતઃકરણની વાત પ્રગટ કરી દઉં; પણ તે જુસ્સો તેણે પાછો દબાવી દીધો, અને માત્ર આટલુંજ

જવાબ આપ્યો કે, "એક વાત હું કહી શકું છું, તે એ કે ખ્રીસ્તી ધર્મની સત્યતા અને તેના પ્રતાપ વિષે મારી ખાતરી કરવાને જેટલું તેં મથન કીધું છે તેટલું કોઇ બીજાએ કીધું નથી. જો સઘળા ખ્રીસ્તીઓ તારા સરખા હોય, તો ઘણા લોકો એ ધર્મમાં દાખલ થાય, એમાં કંઇ શક નથી."

સુદર્શનદાસ વધુ કહેવાને આતુર હતો, પણ પદ્મનલાલ વિશેષ સાંભળવા ચાહતો હોય અથવા માગતો હોય એમ તેને લાગ્યું નહિ, તેથી જે પુસ્તક લેવા તે આવ્યો હતો તે લઇ ત્યાંથી વિદાય થયો.

પ્રકરણ ૧૪ મું.

શિવરાણીને શાસ્ત્રનું નવું વચન મળ્યું.

શિવરાણી સવારનો નાસ્તો તૈયાર કરવામાં રોકાયલી હતી, એટલામાં પદ્મનલાલ બારણું ઉઘાડી ઘરમાં આવ્યો. સાનંદાશ્ચર્યથી તેણીએ તેનો આવકાર કીધો, કારણ કે આ બાઇ તેણીને ઘણોજ વહાલો હતો. બધાં આડોસીપાડોસીઓની ખબરઅંતર તેણીએ આતુરતાથી પુછી; સાથે સાથે પોતાને શિક્ષણ આપનારી બાઇના પણ સમાચાર પુછ્યા. તેણીએ પુછ્યું કે "તે બાઇ ફરીથી આવ્યાં હતાં? અને તેણીને કહ્યા વગર હું તાબડતોબ કેમ ચાલી આવી તે વિષે કંઇ તેણીને આશ્ચર્ય લાગ્યું? એથી તેણીને ઘણી નવાઇ લાગી હશે!"

પદ્મનલાલે જવાબ દીધો, તે બાઇનું ફરીથી એકવાર આવવું થયું હતું, પણ શિક્ષણ લેનાર કોઇ ન મળે એટલે તેણીએ આવવાનું બંધ કીધું.

શિવરાણીએ નિસાસો મુકી કહ્યું, "અરેરે! તેઓ અહીં હોત તો કેવું સારૂં થાત! જે જે તેણીએ મને શિખવ્યું તે બધું યાદ રાખવું ઘણું કઠણ છે, અને મને ફિકર એટલીજ લાગે છે કે રખેને તેના સારા બોધમાંની કોઇ પણ વાત હું ભુલી જાઉં."

પટ્ટનલાલે ગભરાઇને ચોતરફ નજર ફેરવી કે રખેને પોતાના ભાઇએ આમાંનું કાંઇ સાંભળ્યું હોય, પણ તે નજરે પડ્યો નહિ. પટ્ટનલાલના મનમાં શું છે તેની શિવરાણીએ અટકળ કીધી અને તરત તેને ખાતરી આપી. તેણીએ કહ્યું, "આપણો ભાઇ નદીએ સ્નાન કરવા ગયો છે. મને કહ્યું કે તું મારી સાથે ચાલ, પણ મેં તો કઇ બહાનું કાઢયુ, કારણ કે એવી વાતોની હવે મને કંઇ પરવા નથી. હુ સારીપેઠે જાણું છું કે પાણીથી પાપ ધોવાતું નથી, અને મારે જે જોઇએ છે તે પાપનિવારણ છે."

રસોઇનું કામ પુરૂં થયું હતું, અને શિવરાણી પોતાની સાડી બદલવા ગઇ, તે દરમયાન પટ્ટનલાલને વિચાર કરવાને અવકાશ મળ્યો હતો. થોડી વારમાં શિવરાણી પાછી આવી. તેના હાથમાં એક કાગળ હતો જેને તે ઘણોજ કીમતી ગણતી હતી. આતુરતાથી તે પોતાના ભાઇની પાસે આવી અને તેનું મન મેળવી લેતી હોય એવી રીતે બોલી, "એક ઘણો સારો વિચાર હમણાંજ મને સુઝયો છે. આમાંના માત્ર બે ત્રણ વચનો શિખવાનો મને વખત મળ્યો અને બાકીનાં શિખવાની મને ઘણી હોંસ થાય છે. મારા મનમાં ઘણી વાર થઇ આવ્યું કે હું બિહારીલાલને કહું કે તું મને એકાદ શિખવ, પણ મેં તમને વચન આપ્યું હતું કે તમારા શિવાય હું કોઇ પણ બીજાને પુછીશ નહિ, તેથી તેને મારાથી પુછી શકાયુ નહિ, પણ તમને વિનંતિ કરૂં છું કે તમે મને શિખવશો? મારાથી બનશે તેટલી તાકીદથી હુ શિખીશ, અને અત્રે કોઇ સાંભળે એમ નથી."

પટ્ટનલાલે તે કાગળ પોતાના હાથમાં લીધો. પોતાની બેને આજીજીથી અને ઘણી નરમાશથી જે માગણી કીધી તેને તે કેવી રીતે ના પાડી શકે? વળી તેણે પોતે તેના શિક્ષકને તેની પાસેથી દૂર કરી હતી, ને હવે આવી માગણીને કેમ ના પાડી શકાય?

તેણે પુછ્યું "ક્યું વચન તું શિખવા માગે છે ?"

છેલ્લું વચન જે શિવરાણી શિખી હતી તેની પછીનુંજ તેણીએ બતાવ્યું. ક્યું વાક્ય શિખવાનું છે તેની તેને તરત ખબર પડી, કારણ કે શિખવનારી બાઇએ જે જે વચનો તેને શિખવ્યાં હતાં તેના ઉપર નિશાણીઓ કીધી હતી.

પછી પદ્દનલાલે વાંચ્યું કે, "આ વ્યભિચારી તથા પાપી પેઢીમાં જે કોઇ મારે લીધે તથા મારી વાતોને લીધે શરમાશે, તેને લીધે માણસનો દીકરો પણ જ્યારે પોતાના બાપના મહિમામાં પવિત્ર દૂતોની સાથે આવશે, ત્યારે તે શરમાશે.' (માર્ક ૮ ; ૩૮). પદ્દનલાલ જે વાંચતો હતો, તે ઉપર તેનું ઝાઝું લક્ષ ન હતું, કારણ કે તે વખતે તેના મનમાં બીજા વિચારો ઘોળાયાં કરતા હતા, અને રખેને પોતાનો ભાઇ ઓચિતો પાછો આવે તેની તેને બીક હતી. પોતે શિવરાણીને ખ્રીસ્તી ધર્મ-પુસ્તકમાંનાં વાક્યોની સમજુતી આપે છે, એ વાત બિહારીલાલ જાણે એવી પદ્દનલાલની મરજી નહોતી.

શિવરાણીએ તે વાક્યના શબ્દો બોલતાં બોલતાં એકદમ અટકી પડીને પુછ્યું, "ભાઇ, હવે વાંચવું બંધ કરી એ શબ્દોનો ભાવાર્થ મને કહેશો ? એ શબ્દો તો ઇસુ ખ્રીસ્ત કહેતો હોવો જોઇએ, કારણ બોધ આપનાર બાઇએ મને કહ્યું હતું કે આ બધા શબ્દો ખ્રીસ્તના કહેલા છે. ત્યારે 'જે કોઇ મારે લીધે તથા મારી વાતોને લીધે શરમાશે' એમ કહેવામાં તેની શી મતલબ હશે ? પ્રભુ ઇસુને લીધે કોઇ પણ કેમ શરમાય ?"

આ સાંભળી પદ્દનલાલ ચોંક્યો. જે વાત શિવરાણીને અખરી લાગી હતી તેનો અર્થ પોતે ઘણીજ સારી રીતે સમજતો હતો. તેણે ઉત્તર આપ્યો કે, "બેન, તું હજી નાની છોડી છે તેથી ઘણી બાબતો તું સમજતી નથી, નહિ તો તું જાણત કે હાલ હિન્દુસ્તાનમાં એવા ઘણા માણસો છે કે જેઓ ઇસુ ખ્રીસ્તને લીધે શરમાય છે." શિવરાણીની અજ્ઞાનતા જોઇને પદ્દનલાલને રમુજ પડી.

શિવરાણીએ આતુરતાથી પુછ્યું, "તેઓ શા માટે અને કેવી રીતે શરમાય ? નઠારી બાબતો વિષે આપણને શરમ લાગે એ ખરી વાત છે, પણ ઇસુ ખ્રીસ્ત જેવા સદ્‌ગુણી પુરૂષથી કોઇ શરમાય એ વાત કેમ બને ? આ વાતનો મને મહેરબાની કરી ખુલાસો કરો, કારણ કે મને એમાં સમજ પડતી નથી."

પદ્મનલાલે જવાબ દીધો, "એનો અર્થ એ છે કે હિન્દુસ્તાનમાં આજકાલ એવા ઘણા માણસો છે કે જેઓ પોતાના અંતઃકરણમાં જાણે છે કે ઇસુ ખ્રીસ્તની વાત સાચી હતી, ને તે ખરેખર આ દુનિયામાં થઇ ગયો અને વધસ્તંભ પર મરણ પામ્યો. પણ આ વાત તેઓ પોતાના અંત કરણમાં છુપાવે છે અને કોઇની આગળ પ્રગટ કરતા નથી, કારણ કે જો તેઓ ખ્રીસ્ત પર તેઓનો વિશ્વાસ પ્રગટ કરે તો તેઓના મિત્રો અને સગાં વહાલાંઓ તેઓને તજી દે ; તે કારણથી અમે ખ્રીસ્તને માનીએ છીએ એમ કબૂલ કરતાં તેઓ શરમાય છે; એટલે તેઓ ખ્રીસ્તને લીધે શરમાય છે.'

આ સાંભળી શિવરાણીએ ખેદયુક્ત અવાજે પુછ્યું "ત્યારે તો મેં તમને વચન આપ્યું કે હું ખ્રીસ્તને માનું છું એ વાત તમારા શિવાય હું કોઇ બીજાને કહીશ નહિ, અને તેના વિષે તમારા શિવાય કોઇની આગળ વાત કરીશ નહિ, ત્યારે શું તે પરથી એમ સમજાય કે તેની મને શરમ લાગે છે ?"

પદ્મનલાલ વિચારમાં પડ્યો કે આ સવાલનો મારે શો ઉત્તર આપવો. પોતાની બેનનો આતુરતા ભરેલો ચહેરો જોઇ તે કંઇક ગભરાયો ; તો પણ જે વાત તેની બેનને આટલી ભયંકર દીસતી હતી તે વિષે તે ગુન્હેગાર છે એમ તેનાથી કેમ કહેવાય ? તે સારી પેઠે જાણતો હતો કે શિવરાણી ખ્રીસ્તને લીધે શરમાતી ન હતી.

પદ્મનલાલે ધીમે અવાજે કહ્યું "ના, બેન, હું નથી ધારતો કે ઇસુ ખ્રીસ્તને લીધે તું શરમાય છે. એમ કરવામાં તું માત્ર મારી આજ્ઞા પાળે છે."

શિવરાણીએ જવાબ આપ્યો, "હા ભાઇ, મેં કહ્યું છે કે તમારા શિવાય એ વાત હું બીજા કોઇ આગળ કરીશ નહિ, પણ આવી પ્રતિજ્ઞા મારી પાસે લેવડાવવાનું તમને શું કારણ છે એ હું સમજતી નથી. સારી વાતો શિખવી એ કાંઇ ખોટું કૃત્ય નથી, અને ખ્રીસ્ત વિષે જે જે હું શિખી છું તે બધુ સારૂં છે; તેથી મારે શા માટે કોઇને કહેવું ન જોઇએ? હું ધારૂં છું કે આપણે બધાં આ વાતોનાં માનનારાં થઇએ તો બહુ સારૂં થાય."

આ પળે બિહારીલાલનો ઘાંટો દૂરથી સંભળાયો, તેથી પદ્નલાલ પેલો કાગળ ઉતાવળે પોતાના ગજવામાં સેરવી દઇ પોતાના ભાઇને મળવા ગયો. એ દરમિયાન શિવરાણીએ જે રસોઇ તૈયાર કીધી હતી તે પીરસવાની તે તૈયારી કરવા લાગી.

ભાઇઓને ઘણી ઘણી બાબતો ઉપર વાત કરવાની હતી. ગામમાં એવી બૂમ ચાલી હતી કે શહેરમાં મરકીનું જોર ઘણું વધ્યું છે, અને આ સમાચાર ખરા છે કે નહિ તે જાણવાને બિહારીલાલ ઇંતેઝાર હતો.

પોતાના ભાઇનો ગભરાટ નરમ પાડવાના વિચારથી પદ્નલાલે કહ્યું, "ભાઇ, એમાં કાંઇ ગભરાવા જેવું નથી. એ તો તું જાણે છે કે એકાદ મૂઓ તો બૂમ એવી ઉડે કે સો નો મુઆજ. હા, શહેરમાં છૂટા છવાયા દાખલા બને છે એ વાત ખરી છે, પણ મરકીનું જોર ઘણું નથી."

એ સાંભળી બિહારીલાલે પુછ્યું, "શું સરકાર બધા લોકને રસી મુકાવવાની ફરજ પાડે છે, એ વાત સાચી છે? અને વળી મરકીથી જેટલા મરે છે તેટલા રસી મુકાવ્યાથી મરે છે એ વાત ખરી છે કે?"

પદ્નલાલે હસીને કહ્યું, "ભાઇ, મૂર્ખાઇ ભરેલા ગપગપાટા ચાલે છે તેમાં કેટલું સાચું છે એ તું પોતે સારી રીતે સમજે છે. મને પુરી ખાતરી છે કે બીજા બધા ઉપાય કરતાં રસી મુકા-

વવાથી વધારે માણસોના જાન બચ્યા છે; એ વાત સિદ્ધ છે, તો પણુ આપણા લોક એવા બેવકુફ છે કે રસી મુકાવવાને તેઓને સમજુતી આપવાની કોશિશ સરકારે છોડી દીધી છે. બેશક જેની મરજીમાં આવે તે રસી મુકાવે, પણ તે બાબતની કંઇ જબરદસ્તી નથી. ખરેખર સરકારે આપણને આપણી મરજી મુજબ કરવાને આ કામમાં છૂટ આપી છે. બેશક રસી નહિ મુકાવવાને લીધે મરણો ઘણાં થશે, પણ આપણી મરજી વિરૂદ્ધ આપણને બચાવવાની સરકારની કોશિશ નિરર્થક છે. આખરે આપણી મૂર્ખાઇનો પસ્તાવો કરવાનો વખત કદાચ આવે."

બિહારીલાલે પોતાના ભાઇનું કહેવું લક્ષપૂર્વક સાંભળ્યું. તે જાણતો હતો કે અગર જો તે મારાથી નાનો છે તોપણ તે ઘણી બાબતોમાં મારા કરતાં વિશેષ સમજવાળો છે, તેથી એ બાબત વિષે તકરાર કરવા તેણે છોડી દીધુ, અને માત્ર એટલું પુછ્યું કે, "તમારી પોતાની સલામતી બાબત શું કરવા ધારો છો? મરકીનો જોર નરમ પડી જાય ત્યાં સુધી શેહેર છોડી અત્રે આવી નહિ રહેશો?"

પટ્ટનલાલે જવાબ દીધો "એમ કરવાની કંઇ જરૂર નથી. હાલ તો બહુ જોખમ નથી લાગતું; જો કંઇ ભય જેવું લાગશે તો તમારા કહ્યા મુજબ કરીશ. મારી સ્ત્રીને મેં મોકલી દીધી છે, અને મારા વિષે કંઇ ફિકર જેવુ નથી."

તે દિવસે સાંજરે પટ્ટનલાલ પાછો પોતાને ઘેર આવ્યો, અને જે કાગળ તેની બેનને બહુ કિમતી લાગતો હતો તે એના ગજવામાં હતો. એ કિમતી કાગળ હજુ સુધી પોતાના ભાઇના કબજામાં છે એ વાત શિવરાણી ભુલી ગઇ નહોતી, અને તે પાછો માગવાનો લાગ તે ઘણી વાર શોધતી હતી, પણ માગવાનો કંઇ પ્રસંગ મળ્યો નહિ. આખરે જ્યારે તેણીએ જાણ્યું કે તે કાગળ તેના ભાઇ પાસે રહી ગયો છે ત્યારે એક કિમતી વસ્તુની ખોટ થઇ એવું તેને લાગ્યું, તોપણ

તેને એટલો દિલાસો મળ્યો હતો કે એક નવું વાક્ય હું શિખી છું, અને પોતાનો નવો શિખેલો પાઠ બોલી જઇ તેમાંના શબ્દોથી તેના મનમાં આશ્ચર્ય લાગ્યું, અને તે મનમાં કહેવા લાગી કે પદ્નનલાલના કરતાં કોઇ વધારે કાબેલ માણસ તેનો ખુલાસો મને આપે તો કેવું સારૂં!

તેજ રાત્રે તેને સ્વપ્નું આવ્યું. તેને લાગ્યું કે તે ઘરમાં એક દિવસ કઇ કામ કરતી હતી, એટલામાં કોઇ પુરૂષ દોડતો દોડતો આવ્યો, અને બૂમ પાડી કે, "ઇસુ ખ્રીસ્ત આવેલો છે, ઇસુ ખ્રીસ્ત આવેલો છે!"

એ વાત સાંભળીને તે તરતજ લુગડાં પહેરીને બહાર ગઇ. પછી તેણે જોયું કે આસપાસ સૂર્યના તેજ કરતાં મોટો પ્રકાશ થઇ રહ્યા હતો, અને ઉજળાં વસ્ત્રો પહેરેલાં ઘણાં માણસોનું મોટું ટોળુ પોતાની તરફ આવતું જોયું, પણ તે જાણે કે પૃથ્વી તરફથી નહિ પણ આકાશ તરફથી આવતું હોય એવું તેને લાગ્યું. ખરેખર તે ક્યાંથી આવતું તે તેનાથી બરોબર સંમજાયું નહિ.

આ તેજસ્વી ટોળાની વચ્ચે તેણીએ એક પુરૂપને દીઠો. તે બીજા બધા કરતાં વિશેષ મહિમાવાન હતો અને બધા તેનો મહિમા ગાતા હોય એમ દેખાતું હતું. તે પોતાના મનમાં બોલી, "એજ ઇસુ ખ્રીસ્ત છે; તે પોતાના સઘળા પવિત્ર દૂતોને લઇને પોતાના બાપના મહિમામાં આવ્યો છે." તેને પગે પડીને તેનું ભજન કરવાનું તેણીને ઘણું મન થયું; પણ આગળ જવાની તેની હિમ્મત ચાલી નહિ.

જલદીથી તે ટોળું નાનું થતું હોય એમ જણાયું, અને વચમાં રહેલા મહિમાવાન પુરૂપની પાસે પોતે આવી હોય એમ તેને લાગ્યું; પછી તે આનંદમાં બીજું બધું પડતુ મુકીને તેને પગે પડી, પણ તેની તરફથી તેને કંઇ જવાબ મળ્યો નહિ; તે પુરૂપનો ચહેરો કંઇક કઠોર અને ગંભીર હતો અને કશું પણ બોલ્યા વગર પ્રભુ ત્યાંથી ચાલ્યો ગયો.

પછી શિવરાણી સમજી અને ઘણીજ દિલગીરીમાં બોલી ઉઠી, "તે મારાથી શરમાય છે; તે મારી ભણી નજર નહિ કરે" એ શબ્દો એના મોઢામાંજ રહી ગયા અને તે જાગૃત થઇ. તેના ગાલ ઉપર આંસુની ધાર ચાલતી હતી, પણ તે માત્ર સ્વપ્નુંજ છે એમ જાણી ખુશી થઇ. હજી સુધી એ ચિતાર આબેહુબ તેની નજર આગળ ખુલ્લો હતો, અને તે ઘણી આતુરતાથી પદ્નલાલની રાહ જોયાં કરતી હતી કે તે ક્યારે આવે કે હુ તેને વિનંતિ કરૂં કે હવે મેં જે વચન આપેલુ છે તેમાંથી મને મુક્ત કરો.

પ્રકરણ ૧૫ મું.

એકાન્તમાં મનનો ગુંચવાડો.

પદ્નલાલ પોતાના ભાઇને ઘેર મળવા ગયો ત્યાર બાદ કેટલાક દિવસ પછી પોતાના ગજવામાં હાથ ઘાલતાં શિવ-રાણીનો ઘણો કિમતી કાગળ તેને મળ્યો. તેની ખોટને લીધે શિવરાણીને ખોટું લાગશે કે નહિ એવો વિચાર તેના મનમાં સહેજ આવ્યો, પણ પછી તેને એવું લાગ્યું કે એ કાગળ તેણીના કબજામાં ન રહ્યો એ બહુ સારૂં થયું, કેમકે તે હવે પોતાના ભાઇના જોવામાં આવવાથી હરકત થવાનો સભવ રહ્યો નહિ. કેટલીક ચોપડીઓ અને કાગળો ભેગો તે કાગળ તેણે મેજ ઉપર મુક્યો અને પછી તરતજ બહાર ગયો. થોડા દહાડા પછી વળી પાછી તેની નજર તે કાગળ ઉપર પડી; તે વખત તેને ફુરસદ હતી તેથી તેણે તે કાગળ વાંચવાને પોતાના હાથમાં લીધો. તે પોતાના મનમાં તે વાક્યને શિવરાણીનુ વાક્ય કરીને કહેતો હતો, અને તેણે તે બેચાર વાર વાંચ્યું. તે એકલો હતો તેથી તે ફરી ફરી બોલી ગયો, ને એમ ઘણાં સેંકડો વર્ષ ઉપર બોલાયલા શબ્દો વારંવાર તે ઓરડામાં સંભળાયા, અને જ્યાં સુધી થાકેલાં અને બોજાથી લદાયલાં મનુષ્યોને વિસામાની જરૂર રહેશે ત્યાં સુધી દુનિયામાં

તે શબ્દોનું આમંત્રણ સંભળાશે. "ઓ વેતરૂં કરનારાઓ તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ."

શિવરાણીના અંતઃકરણમાં આની લાગણી થઇ હશે તેમાં તને કંઇ આશ્ચર્ય સરખું લાગ્યું નહિ; એ શબ્દોથી તેના પોતાના અંતઃકરણમાં લાગણી થઇ આવી, કારણ કે, તે જાણતો હતો કે મારા મનમાં કાંઇ ઉથલપાથલ થાય છે જેને લીધે હજુ સુધી મને કાંઇ ચેન પડતું નથી. આમંત્રણ એ હતું કે "મારી પાસે આવો." પટ્ટનલાલ ખુશીથી તેને સ્વીકારત, પણ પછી શું? તે સ્વીકારવા જાય અને પછી આજ્ઞાંકિત થવાને ના પાડે તો ચાલે નહિ. શિવરાણી કદાચ જાય, પણ આજ્ઞાપાલન તે શું તે તેણી સમજતી નહોતી; તેણીની વાત જુદી હતી. તે પાનામાં જે બીજાં વાક્યો હતાં તે ઉપર તેણે નજર કીધી. ત્યાં શું લખ્યું હતું તે તે સારીપેઠે જાણતો હતો, તેથી તે જોવાની તેની મરજી નહોતી, છતાં તેની દૃષ્ટિ પરાણે તે વાક્ય ભણી ખેંચાઇ. તેથી જે શબ્દો તે અનેકવાર પોતાની બેન આગળ બોલ્યો હતો અને જેથી તે પોતે ગુન્હેગાર ઠરતો હતો તે શબ્દો તેણે ફરીથી વાંચ્યા. "આ વ્યભિચારી તથા પાપી પેઢીમાં જે કોઇ મારે લીધે તથા મારી વાતોને લીધે શરમાશે, તેને લીધે માણસનો દીકરો પણ જ્યારે પોતાના બાપના મહિમામાં પવિત્ર દૂતોની સાથે આવશે ત્યારે તે શરમાશે." (માર્ક ૮; ૩૮)

ગમે તેમ હો પણ ઇસુ ખ્રીસ્તને લીધે શરમાઇ નહિ જાય એવા એક માણસ વિષે તે જાણતો હતો. તેણે શિવરાણીને કહ્યું હતું કે, તું ઇસુ ખ્રીસ્તથી શરમાય છે એમ હું ધારતો નથી. વળી તેને ખાતરી હતી કે હું જો તેને ખુલ્લે ખુલ્લું કહી દઉં કે તારે ખ્રીસ્તને સ્વીકારવો જોઇએ, તો તેમ કરવા તે લાગલીજ તૈયાર થાય. તેને ખાતરી હતી કે જે કામ કરવાને મને આંચકો પડે છે તે કામ કરવાને એ પોચા હૈયાની અને

શરમાળ છોડીમાં બળ અને હિમ્મત બન્ને છે; વળી તેની સાથે તે એ પણ જાણતો હતો કે જે આત્મિક શક્તિ તેના જુના મિત્રને મળી હતી તે શક્તિ શિવરાણીને પણ મળી છે. પ્રભુ ઇસુ ખ્રીસ્તની સાથે તેણીનો સમાગમ થયો હતો અને તેનાથી તેણીને એવું નવું જીવન મળ્યું હતું, જે પોતાને હજુ મળ્યું નહોતું. પોતાને તે કેમ ન મળ્યું તેનું કારણ પણ પોતે સારી પેઠે જાણતો હતો. ખ્રીસ્ત, જેણે કહ્યું હતું કે, "મારી પાસે આવો," તેની અને પોતાની વચ્ચે અંતરાય હતો. તે અંતરાય તો બીકનો હતો, અને જે નામ પોતાના આટલા બધા દેશી બંધુઓથી ધિક્કારાયલું હતું તે નામથી ઓળખાવવાની નામરજીનો અંતરાય હતો; તે પ્રમાણે હતું તેથી એ નવુ જીવન એને કેમ મળી શકે?

તે શાંત ઓરડામાં તેણે પોતાના મનમાં કબૂલ કીધુ કે જ્યારે ખ્રીસ્તે કહ્યું કે, "જો કોઇ માણસ મારે લીધે શરમાય," ત્યારે જેઓ સંબંધી તે બોલ્યો તેઓમાંનો હું એક છું. તે પોતાના અંતઃકરણમાં ઇસુ ખ્રીસ્તને ઇશ્વરનો દીકરો અને દુનિયાનો તારનાર માનતો હતો, પણ તેને કબૂલ કરવાની હિમ્મત પોતામાં ન હતી તે પણ જાણતો હતો.

પોતાના મનમાં તેણે એક પગલું આગળ ભર્યું. એટલે ઇસુ ખ્રીસ્ત જ્યારે મહિમામાં આવે ત્યારે જે લોકોને લીધે તે શરમાશે તેમાંનો એક તે હતો. જે ચિતાર શિવરાણીએ સ્વપ્નમાં જોયલો તે પદ્દનલાલ પોતાની ઉઘાડી આંખે જોતો હોય એમ એને લાગ્યું, એટલે માણસનો દીકરો તેના જોવામાં આવ્યો હતો, પણ જેવો તે પૃથ્વી પર દેખાતો, એટલે તેનો આકાશમાંનો વૈભવ મુકી દઇ તે દીનતામાં ને સેવા કરનાર જેવો ચાલતો હતો તેવો નહિ, પણ તેજસ્વી દૂતોના ટોળાની વચ્ચે બાપના મહિમામાં આવતો હોય એમ તેને લાગ્યું. તે દિવસે, તે મોટે પ્રસંગે, સુદર્શનદાસને ખાસ માન પામતો તેણે દીઠો. તેને લાગ્યું કે મારી બેનને પણ આવકાર મળશે અને

તે સ્વીકારાશે, પણ મારે માટે તો માણુસના દીકરાને શરમ લાગશે. અને કેમ ન લાગે? જો હું આજે ખ્રીસ્તને લીધે શરમાઉં છું તો તે દિવસે મારો નકાર કરવામાં આવે તો તેમાં મારે કંઇ બોલવાનું રહેશે નહિ.

પછી તેણે વિચાર કીધો કે, જો, હવે હું વધુ વખત ખ્રીસ્તથી શરમાઉં નહિ, અને "મારી પાસે આવો" એ આમંત્રણને તાબે થાઉં, અને ગમે તે આજ્ઞા મને ફરમાવવામાં આવે તેને પાળવાને તૈયાર રહું, અને વધસ્તંભે જડાયલા ખ્રીસ્તને મારા પ્રભુ તરીકે કબૂલ કરૂં, તો પછી શું? જો હુ પોતે ખ્રીસ્તને કબૂલ કરૂં તો શિવરાણીને તેમ કરતાં કેમ અટકાવી શકું? મને આપેલા તેના વચનનો ઉચ્છેદ જો થયો હોય અને તેનો વિશ્વાસ દૃઢ કરવાને મારો શુભ નમુનો જો થયો હોય તો શિવરાણી શું કરશે તે જાણી લેવુ કંઇ મુશ્કેલ નહોતું. અને પછી તેનું પરિણામ શું? બિહારીલાલ, જેનો ભાઇ અને બેન બન્ને, એકે ઝપાટે ખ્રીસ્તી થઇ જાય તો તેની શી દશા થાય? બિહારીલાલ વિષે જેટલું તે જાણુતો હતો તેટલું કોઇ બીજું જાણુતું નહોતું. તેને તો પોતાના બાપદાદાઓના ધર્મ પર દૃઢ વિશ્વાસ હતો; જો કોઇ માણુસ પોતાનો મૂળ ધર્મ છોડે તો તેથી એને ઘણો કંટાળો થતો, અને પોતાના બાપદાદાના ચાલી આવેલા રિવાજોને આંખ મીચીને પાળતો હતો.

પછી એક બીજો ચિતાર તેની આગળ આવીને ખડો થયો. એક પુરૂષ કે જે સઘળા માન અને સ્તુતિને પાત્ર હતો, પણ જે ધિક્કારાએલો તથા નકારાએલો હતો, એવો તેના જોવામાં આવ્યો. જેને કશું દુઃખ પામવાનું કારણ નહોતું તે વધસ્તંભનું દુઃખ વેઠતો હતો; જે મરીને સજીવન થયો હતો, ને આકાશમાં ચઢી ગયો હતો; જે એક દિવસ પાછો આવનાર હતો, ને તે વેળા તે મરવા સારૂ નહિ પણ રાજ્ય કરવા સારૂ આવશે; તિરસ્કાર પામવા સારૂ નહિ પણ મહિમા મેળવવા સારૂ આવશે. આ પુરૂષ એને પોતાની પાસે તેડતો હતો.

કોને પસંદ કરવું? હાલનું કે ભવિષ્યકાળનું? ખ્રીસ્તને કે બિહારીલાલને? હાલનું અપમાન અને ભવિષ્યનો મહિમા, અથવા હાલનું સુખ અને ભવિષ્યની ફજેતી? હાલનું અને ભવિષ્યનું બન્ને તો તેને મળી શકેજ નહિ, એ વાત ખુલ્લે ખુલ્લી હતી; ત્યારે કોને સ્વીકારવું?

દીવો હવે ઝાંખો બળવા લાગ્યો; બહાર લોકોનો અવાજ ધીમે ધીમે સંભળાતો બંધ પડ્યો, એમ છતાં પટ્ટનલાલ વિચારમાં ગરક થઇને બેસી રહ્યો. તે મોટો સવાલ તેના મનમાં આવ્યાજ કરતો હતો, પણ તેનો શો જવાબ આપવો તે તેને સૂઝ પડતું ન હતું. ખ્રીસ્ત કે બિહારીલાલ? હાલની ખોટ અને ભવિષ્યનો લાભ અથવા હાલનો લાભ અને ભવિષ્યની ખોટ?

બન્ને વાક્યો એકજ કાગળ ઉપર છાપેલાં હતાં, ને પાસે પાસે હતાં. "મારી પાસે આવો."—"જે કોઇ મારે લીધે તથા મારી વાતોને લીધે શરમાશે, તેને લીધે માણસનો દીકરો પણ શરમાશે."

દીવો હોલવાઇ ગયો, બધે શાંતિ ફેલાઇ રહી હતી, અને પટ્ટનલાલના મનમાં એક તરફથી બિહારીલાલનો વિચાર અને બીજી તરફથી ખ્રીસ્તનો વિચાર, એ બે વચ્ચે મહાન્ યુદ્ધ ચાલી રહ્યું, અને તેમાં આખરે હાર થઇ કે ફતેહ થઇ એ કહેવાને કોઇ ત્યાં હાજર નહોતું.

પ્રકરણ ૧૬ મું.

મૃત્યુ.

એક દિવસે બિહારીલાલને ઘેર તાર આવ્યો; અને ગામડામાં કંઇ વારંવાર તાર આવતા નહોતા, તેથી આ તાર આવવાથી જરા ખળભળાટ થઇ રહ્યો. બિહારીલાલને ત્યાં આ પહેલીજ વાર તાર આવેલો, તેથી કંઇક ગભરાટથી તે તાર તેણે ફોડ્યો. તે પરથી કંઇ સમજાયું નહિ, કારણ કે તેમાં

માત્ર એટલુંજ લખ્યું હતું કે, "એકદમ આવો." મોકલનારનું શિરનામું જોયા વગર પોતે માની લીધું કે એ તાર પોતાના ભાઇ તરફથી હોવો જોઇએ, કારણ તેના શિવાય બીજું કોણ એને તેડાવનાર હોઇ શકે ? પછી તેને મરકીની વાત યાદ આવી, ને ગભરામણ થઇ કે રખેને પદ્મનલાલ કંઇ તેમાં સપડાયો હોય. આ ખાત્રીથી તે હિમ્મત હારી ગયો. પોતાનો ભાઇ જે તેને અત્યંત વહાલો હતો, તેને પોતાની સાથે આવી રહેવાનો તેણે વિશેષ આગ્રહ કેમ કીધો નહોતો ? પછી તેણે પોતાના મનને દિલાસો દીધો કે જો પદ્મનલાલ મરકીમાં સપડાયો હોત તો તેનાથી તાર મોકલી શકાત નહિ; તેથી તાર મોકલવાનું કારણ કંઇ બીજું હોવું જોઇએ.

બે કલાક પછી તે પોતાના ભાઇને ઘેર આવી પહોંચ્યો. બારણું ઉઘાડ્યા પહેલાં તો તેને માલમ પડયું કે, કેટલાંક માણસો બહાર ઉભેલાં છે અને તેમાં એક પોલીસનો આદમી પણ હતો. તુરતજ એક વાણીઓ જે સામે બારણે રહેતો હતો અને જેને પોતે ઓળખતો હતો તે તેની પાસે આવ્યો અને કહ્યું, "તમે આવ્યા તો ઠીક થયું. તમો આવો ત્યાં સુધી થોભવાને મેં પોલીસના માણસને સમજુતી આપી હતી, કારણકે મેં એમ ધાર્યું કે તમે પોતેજ એ ઘરમાં પહેલા દાખલ થવા માગશો."

આ સાંભળી બિહારીલાલ બ્હાવરો બની ગયો. એમ હોવાની મતલબ શી ? પોતાના ભાઇના ઘરમાં કોઇને દાખલ થવાની જરૂર શી ?

એટલામાં તો લોકોનું ટોળું ભેગું થઇ ગયું, અને પોલીસના સિપાઇએ તેની પાસે આવી કહ્યું, "ઘરને માંહેથી વાસેલું છે, અને બૂમ પાડીએ છીએ પણ કોઇ જવાબ દેતું નથી, તેથી અમને લાગે છે કે અંદર કાંઇ માઠી બિના બનેલી હોવી જોઇએ. અમને હુકમ મળ્યો છે કે જે ઘરમાં વહેમ લાગે તે ઉઘાડવું, પણ અમે તમારી રાહ જોતા હતા."

બિહારીલાલે જવાબ દીધો, "મારો ભાઇ બહાર ગયલો હોવો જોઇએ, આ વખતે તે કોઇ દિવસ ઘેર હોતો નથી. તેણે બહારથી તાળું દીધું હશે, અને પોતે જાતે ઘરમાં નહિ હોય તો પણ અંદર ચાકર તો હોવોજ જોઇએ."

પછી પેલો વાણીઓ બોલ્યો, "એ તમારી ભૂલ છે. ગઇ રાત્રે તેણે મને કહ્યું હતું કે, મારો ચાકર ગભરાઇને નાસી ગયો છે, તેથી રસોઇ પાણી હાથે કરવાનાં છે."

હવે બિહારીલાલને ગભરામણ છુટવા લાગી, પણ તેણે તે જણાવી નહિ, ને બહારથી બેદરકારી જણાવી જવાબ દીધો કે, "મારો ભાઇ ઘરમાં હોય એમ હું માનતોજ નથી, અને જો કદાચ હશે તો ઉંઘતો હશે; પણ જોવામાં કાંઇ આપણું જતું નથી; કોઇને બોલાવીને બારણાં તોડાવો."

તરતજ એક માણસે આવી બારણું તોડયું અને બિહારીલાલ અંદર દાખલ થયો, અને તેની પાછળ પેલો વાણીઓ, પોલીસનાં બે માણસો, અને બીજા કેટલાક ગયા. વડામાં અને પરસાળમાં કોઇ નહોતું. મુગા મુગા બધા સાંકડા ઉભા દાદર ઉપર ચઢીને માળે ગયા. જોયું તો ત્યાં પણ કોઇ ન મળે.

બિહારીલાલને જરા નિરાંત વળી હોય એવે અવાજે તેણે કહ્યું, "જુઓ, હું કહેતો હતો કેની કે આ વખતે તે ઘરમાં નથી હોતો!" એટલામાં જે ઓરડામાં ઘણો ભાગ પટુનલાલ બેસતો હતો તે ઓરડામાં પેલો વાણીઓ ગયો. ટેબલ ઉપર ચોપડીઓ અને કાગળીયાંઓ આમ તેમ પડ્યાં હતાં. ભોંય ઉપર કંઇ શાક તરકારી રાંધવાને માટે સમારી મુકી હતી. ખુણામાં એક ખાટલો હતો અને તેના ઉપર કોઇ માણસ પડેલું હતું. નજદીક ગયાથી જણાયું કે તે પટુનલાલનું શબ હતું. તે ઓરડામાં પહેલા દાખલ થનાર માણસે "પટુનલાલ, પટુનલાલ" કરી બૂમ મારી. લાગલો બિહારીલાલ પોતાના વહાલા ભાઇ પાસે ગયો, પણ પટુનલાલે કંઇ જવાબ આપ્યો નહિ. પોતાનો નાનો, જબરો ભાઇ જેને વિષે તેણે એમ

ધારેલું નહિ કે તે મારા પહેલાં મરી જશે, તેની આ સ્થિતિ જોઇને બિહારીલાલ રડી પડ્યો.

પોતાને દુઃખ ન થાય તે હેતુથી પટ્ટનલાલે અનંતકાળના જીવનની આશા કેવી રીતે છોડી દીધી હતી તેનો ખ્યાલ બિહારીલાલને બિલકુલ ન હતો. પોને ફજેત ન થાય તે માટે જે વાત તેણે મનમાં ને મનમાંજ સમાવી રાખી હતી તે મોતને લીધે તેના મ્હોડામાંથી હવે પ્રગટ થાય એમ નહોતું. તે શાંત ઓરડામાં પટ્ટનલાલના મનમાં જે યુદ્ધ ચાલી રહ્યું હતું તેની તેને કશી ખબર નહોતી, તેમ હવે જાણી શકાય એમ પણ નહોતું, કારણકે પટ્ટનલાલ હમેશને માટે આ દુનિયા છોડી ગયો હતો અને તેના મનમાં જે છાની વાત હતી તે કોઇ પણ દિવસ પ્રગટ થાય એમ નહોતું.

તે શબના મ્હોડા ઉપર નજર કરી પોલીસનો એક માણસ બોલ્યો, "નક્કી એ મરકીથીજ ગુજરી ગયો. અમને બારણું અંદરથી દીધેલું માલમ પડયું ત્યારે અમે એમજ અનુમાન કીધુ હતું."

બિહારીલાલને બોલવાની શુદ્ધિ આવી કે તરત તે બોલી ઉઠયો, "પણ એમ થાયજ કેમ? ગઇ કાલે તો તે જીવતો હતો અને તનદુરસ્ત હતો તે તમને માલમ નથી?"

પેલા પોલીસે જવાબ દીધો, "આ કાળમાં એ વાત તો બોલવીજ નહિ. એ રોગ કંઇ બીજા જેવો નથી, અને તેનુ પરિણામ શું આવે તે કોઇને માલમ નથી. કેટલાક દરદીઓ ઘણા દિવસ મંદવાડ ભોગવે છે, અને કેટલાક આજ છે ને કાલે નથી; આવા દાખલા જોઇએ તેટલા બને છે"

માઠા સમાચાર જલદી પ્રસરે છે, તેમ જ્યારે પટ્ટનલાલના મરણના સમાચાર ફેલાયા ત્યારે ઘણા માણસો દિલગીર થયા. એ મરણથી સુદર્શનદાસને ભારે દિલગીરી અને નાસીપાસી થઇ. આ માણસનું તારણ થાય, એવી તેણે અંતઃકરણમાં

ઘણી ઇચ્છા રાખી હતી, ને ખ્રીસ્ત સંબંધી તેને ખાતરી થાય તે માટે બનતા પ્રયત્નો તે કરવાનો ઇરાદો રાખતો હતો, પણ તેમ કરવાનો વખત મળ્યા પહેલાં તો તે ગુજરી ગયો.

જ્યારે એમેલાઇને એ સમાચાર સાંભળ્યા ત્યારે તેણીના મનમાં તે વિષે જુદોજ વિચાર આવ્યો. તેણીએ કહ્યું, "પદ્નલાલના અંત:કરણની વાત કોણ કહી શકે? જો સુવાર્તામાં નોંધાયું નહિ હોત તો કોણ માનત કે આપણા પ્રભુ સાથે વધસ્તંભે જડાયલા ચોરને સ્વર્ગમાં પ્રભુ પાસે જગ્યા મળી? મને કોઇ વાર વિચાર આવે છે કે આ વાત આપણને કહેવાનો હેતુ એ હોવો જોઇએ કે આપણો પ્રભુ કેવી જલદીથી અને અણધારેલી રીતે પોતાનું કામ કરી શકે છે તે આપણા જાણવામાં આવે, એમાં આપણને આત્મિક સૃષ્ટિના નિયમનો કંઇ આદર્શ મળે છે."

સુદર્શનદાસે દિલગીરીથી જવાબ દીધો, "પણ આખર વખતે ખ્રીસ્ત તરફ જો તે વળ્યો હોય અને તેની પાસેથી જો તેને તારણ મળ્યું તોપણ ઇસુને માટે તેણે પોતાનું જીવન ગુજાર્યું નહિ અને તેની સેવામાં કાંઇ કીધુ નહિ ખ્રીસ્તને માટે તે એક ઉત્તમ સાક્ષી થાત; એને પોતાને જે ખોટ થઇ છે તેનો, અને ખ્રીસ્તના કાર્યને જે ખોટ થઇ છે તેનો હું વિચાર કરૂં છું."

એમેલાઇને કહ્યું, "હા, કેટલાક સ્હેલાઇથી દાખલ થઇ શકશે, અને કેટલાક જાણે કે અગ્નિમાં થઇને મુશ્કેલીથી તારણ પામશે. પદ્નલાલ સ્હેલાઇથી દાખલ થઇ નહિ શકશે, પણ આપણે એવી આશા રાખવી જોઇએ કે તે પણ તારણ પામ્યા વિના નહિ રહેશે."

શિવરાણી પોતાના ભાઇના મરણથી ઘણી શોકાતુર થઇ. મરણ સમયે ખ્રીસ્તી ધર્મમાં જે દિલાસો તથા પ્રકાશ મળે છે, અને જે માણસનું અંત:કરણ દિલગીરીથી છેક નાસીપાસ થઇ ગયું હોય તેને આશાથી ઉત્સાહમાં આણે છે એ વાતો તે

હજી સુધી શિખી નહોતી. પોતાનો ધણી અને છોકરાં ગુજરી ગયાં ત્યારે જેમ તેને શોક થયો હતો, તેમ તેનો ભાઇ જે સદાને માટે ગયો હતો તેને માટે તેને શોક થયો.

ખ્રીસ્ત જીવે છે તે કારણથી તેને માનનારાઓ પણ જીવતા રહેશે એ જાણવાનો, તથા વધસ્તંભ ઉપર જ્યારે તે ગુજરી ગયો ત્યારે તેને માનનારા સઘળા માટે તે પ્રભુના રાજ્યને ઉઘાડનારો હતો, એ તેણીને જાણવાનો દિવસ હજુ આવવાનો હતો. અગાઉ જે તેણીએ કદી જાણેલું નહિ તે પણ તેણીએ પછીથી જાણ્યું; વળી જે ભાઇએ તેની પાસે વચન લીધેલું કે તને જે ખ્રીસ્તમાં વિશ્વાસ છે તે તારે ગુપ્ત રાખવો, તેણે પણ પોતાનો વિશ્વાસ ગુપ્ત રાખ્યો હતો એ વાત પણ તેણીએ પછીથી જાણી.

મિ. સિંહનું મકાન કે જેમાં પન્નાલાલને માટે વારંવાર પ્રાર્થના કરવામાં આવેલી હતી તેમાં નાની મંડળી રૂબરૂ તેના અચાનક મરણના સમાચાર કહેવામાં આવ્યા, ત્યારે હાજર રહેલાઓના વિશ્વાસની કસોટી સારીપેઠે કરવામાં આવી, કારણ કે તેઓની પ્રાર્થનાનો કંઇ જવાબ મળ્યો હતો તેની કંઇ ખાતરી ન હતી. પછી મંડળીના અગ્રેસરે તેઓને યાદ દેવડાવ્યું કે, એવો દહાડો આવશે કે જ્યારે તમને ખબર પડશે કે તમારી પ્રાર્થના સાંભળવામાં આવી છે, અને તેને ઉત્તર આપવામાં આવ્યો છે; કારણ જે માણસનું આ પ્રમાણે એકાએક મરણ થયું તેના અંતઃકરણમાં શા શા વિચારો આવ્યા હશે તે કોણ કહી શકે? પછી તેઓએ પ્રાર્થના કીધી કે જે અમે હાલ જોઇ કે સમજી શકતા નથી, તેવું સારૂં પરિણામ કોઇ પણ રીતે આ ઓચિંતા મરણથી નીપજે, અને પ્રભુ પ્રત્યે મહિમા આણે. આ પ્રાર્થનાના જવાબને માટે તેઓને ઝાઝી રાહ જોવી પડી નહિ.

પ્રકરણ ૧૭ મું.

સલામતીની જગ્યા.

એ દરમિયાન સુંદરી પોતાના અભ્યાસમાં જલદી આગળ વધતી હતી. તેનામાં કાંઇ બુદ્ધિની ખામી નહોતી, અને જ્યારે તેણીનું ચિત્ત પોતાના પાઠ પર ચોંટતું ત્યારે તે જલદીથી શિખી શકતી હતી. પાઠ શિખી રહ્યા બાદ ઘણી ઘણી વાતો ચાલતી હતી, કારણકે સુંદરીને ઇશ્વરના રાજ્યમાં પૂર્ણ રીતે દાખલ થયાને કાંઇ પણ વખત ગયો નહોતો, અને તેમાં તેણીને શિખવાનું ઘણું હતું. તેને શિક્ષણ આપનારી બાઇને એવી ઉમેદ હતી કે ખ્રીસ્તી ધર્મમાં જે ખુબી તથા ઉન્નતિ છે, ને તેમાં જે આત્મિક પુષ્ટિ તથા દિલાસો છે તેનો અનુભવ આ નવા શિષ્યને મળે. તે શિક્ષણ આપનારી બાઇએ પોતે જે માર્ગ પકડ્યો હતો તેમાં સુંદરીને દોરી જવામાં અને આ આકાશી રાજ્યનું રહસ્ય તેણીને સમજાવવામાં તેણીને ઘણો આનંદ થતો હતો. વળી પ્રભુની કૃપા અને સુંદરતા વિષે વાત કરવામાં તે બહુ ઉત્સાહી હતી, ને પોતાના અનુભવથી તે કહી શકતી કે ખ્રીસ્તને ઓળખવો એજ તેની સાથે પ્રીતિ બાંધવા બરોબર છે, અને પ્રીતિ બાંધવી એટલે તેનું આજ્ઞાપાલન કરવા બરોબર છે.

જે પ્રભુ ઇસુએ પોતાના લોકોની સેવા નિઃસ્વાર્થતાએ બજાવી હતી તેની સેવા કરવામાં જે આનંદ થાય છે તે વિષે, અને જેને વિષે એવુ કહેવામાં આવ્યું હતું કે, "તે પોતાની મરજી પ્રમાણે કરતો નહોતો" તેને ખુશી કરવાની કોશિશ કરવામાં જે આનંદ થાય છે તે વિષે, એક દિવસ તે વાત કરતી હતી.

સુંદરીએ ખેદથી પૂછ્યું, "તેની સેવા કરવાને મારાથી શું બની શકે ? હું તમારા જેવી બુદ્ધિમાન નથી, અને મારાથી કંઇ બની શકે એવું મને લાગતું નથી."

એમેલાઇને કંઇક આશ્ચર્યથી કહ્યું, "શું કંઇ નહિ? હું ધારૂં છું કે ઓછામાં ઓછાં બે કામ તમારે કરવાનાં છે"

સુંદરીએ જવાબ દીધો કે, "મને કશી વાતની ખબર નથી. તમો જે વિષે ધારતાં હો તે કૃપા કરીને મને કહો, અને જો મારાથી બની શકશે તો હું ખુશીથી તે કરીશ."

એમેલાઇને કહ્યું, પહેલું કરવાનું એ છે કે, ઇશ્વરની સહાયથી બની શકે તેવી સદ્‌ગુણી પત્ની થવું, અને બીજું એ કે, ઉત્તમ માતા થવું. તમારૂં પોતાનું ઘર તમારી પોતાની એક નાની દુનિયા જેવુ છે, જેમાં પ્રભુની એવી ઇચ્છા છે કે તમારે ઇસુની સેવા કરવી, અને તેમ કરતાં શિખ્યા પછી તમારા ઘરની બહારની મોટી દુનિયામાં તેની સેવા કરવાને કદાચ તે તમને મોકલે."

સુંદરીએ કહ્યું, "પણ ઘરમાં જે કામો બજાવવાનાં તમો મને કહો છો તે ઘણાં નાનાં છે; તેઓ છેકજ નજીવાં લાગે છે."

એમેલાઇને જવાબ દીધો કે, "તેઓ એવાં નજીવાં નથી કે પ્રભુ તેને જુએ નહિ અને લક્ષમાં લે નહિ; તેની એક આજ્ઞા લક્ષમાં લો." એમ કહીને એમેલાઇને બૈબલનું પુસ્તક જે પાસે પડેલું હતું તે હાથમાં લીધુ અને તે આજ્ઞા વાંચી. "એ માટે જો તમે ખાઓ, કે પીઓ, કે જે કંઇ કરો તો દેવના મહિમાને અર્થે સર્વ કરો." "જે કંઇ" એ શબ્દોમાં નાની અને મોટી બન્ને વસ્તુનો સમાવેશ થાય છે, તેમજ ઘરની અંદરની ને બહારનીનો પણ સમાવેશ થાય છે; તમારા ધ્યાનમાં ઉતરે છે કે નહિ?"

સુંદરીએ કહ્યું, "એ શબ્દોનો જે અર્થ થાય છે તે મને નથી લાગતું કે હું બરોબર સમજતી હોઉં. ઘરમાંનાં નાનાં નાનાં કામો જે હું કરૂં છું તેમને દેવના મહિમાની સાથે શું લેવા દેવા છે?"

એમેલાઇને જવાબ દીધો, "મારા ધારવા પ્રમાણે એનો અર્થ એવો છે કે, જ્યારે આપણે આપણું કામ સારી રીતે કરીએ ત્યારે પ્રભુને માન આપ્યું કહેવાય, અને જો આપણે તેમ ન કરીએ તો તેનું અપમાન કીધુ કહેવાય. જો કોઇ તમને વાંચતાં સાંભળે, અને તમે સારી રીતે વાંચો તો લોકો કહેશે કે 'કેવો સારો શિક્ષક એને મળ્યો હશે?' અન તેથી મને માન મળે. પણ જો તમે ખરાબ રીતે વાંચો તો તેઓ એમ કહેશે કે, 'તમારો શિક્ષક ઘણો ખરાબ હોવો જોઇએ' અને તેથી મારૂં માન ઘટે."

સુન્દરીએ ધીમેથી કહ્યું, "હુ તમારા પર પ્રીતિ રાખુ છું અને તમે મારા ઉપર મહેરબાની રાખો છો, તેથી બીજાઓ તમારાં વખાણ કરે તે સાંભળી હુ ખુશી થાઉં છું."

એમેલાઇને કહ્યું, "હા, એમજ; જેમ જેમ આપણે આપણા પ્રભુને વધારે ચાહીએ તેમ બીજાઓ તેને ચાહે, અને તે કેવો મોટો અને ભલો છે તે તેઓ જાણે એવી આપણને વધારે ઇચ્છા થાય છે; તેઓ તેને તો જોઇ શકતા નથી, પણ તેઓ આપણને તો જોઇ શકે છે."

સુન્દરીએ વળી ફરીથી કહ્યું, "પણ હુ ઘણી બેવકુફ ને અજ્ઞાન છું, તમારાથી મારૂં ઘર કેવા જુદા પ્રકારનું છે તે હુ જોઉં છું. પણ મારૂં ઘર તમારા ઘર જેવુજ દેખાય એમ કેવી રીતે કરવું તે હુ જાણુતી નથી; તમારાં છોકરાં કેવાં સારાં અને આજ્ઞા પાળનારાં છે તે હું જોઉં છું, અને મારાં કેવાં મસ્તીખોર અને અણુકહ્યાગરાં છે તે પણ હુ જોઉં છું; પણ તેમાં મારો કંઇ ઉપાય?"

એમેલાઇને કહ્યું, "હું ધારૂં છું કે પહેલું કામ તો એ કે દરરોજ પ્રાત:કાળમાં પ્રાર્થના કરવી કે, હે પ્રભુ, તને કેવી રીતે રાજી કરવો તેની સમજ મને પાડ. આટલી વાત યાદ રાખવી કે તે સદા તમારી પાસે છે, અને જ્યારે જ્યારે તમારે મદદ અને સલાહ જોઇતી હોય ત્યારે તેને માટે તેની આગળ

વિનંતિ કરવી. જો હું આખો દિવસ તમારા ઘરમાં રહું તો હું ધારૂં છું કે તમો વારંવાર મારી પાસે આવીને સવાલો પુછો."

સુન્દરીએ કહ્યું, "અલબત હું પુછું, પણ ગમે તેવી ઝીણી ઝીણી બાબતો તમને પુછું તેની તમે તો દરકાર ન કરો, પણ એવી એવી નાની બાબતો વિષે પ્રભુને મારાથી કેમ પુછાય?"

એમેલાઇને જવાબ દીધો, "અરે, તમારા માથાના નિમાળાની પણ ગણત્રી થઇ છે. હું નથી ધારતી કે નિમાળા કરતાં કોઇ પણ વસ્તુ નાની હોય, તમારૂં શું ધ્યાન પહોંચે છે?"

સુન્દરીએ જવાબ આપ્યો, "તમારા ધારવા પ્રમાણે જે જે કામો મારે કરવાં જોઇએ તેમાંનાં કેટલાંક મને જણાવશો?"

આ પ્રમાણે જ્યારે સુન્દરીએ એમેલાઇન આગળ વિનંતિ કીધી ત્યારે તરત તેણીએ તે સ્વીકારી, અને તેણીના ઘરની સ્થિતિ સુધારવાનું કામ કેવી રીતે શરૂ કરવું તે બાબતના પોતાના વિચારો તેણીએ જણાવ્યા. તેણીએ મ્હો મલકાવીને કહ્યું, "સઘળું હુ તમને સામટું કહીશ નહિ, પણ રફતે રફતે તમને બધુ જણાવીશ."

જ્યારે છોકરાં બાબત વાત નિકળી, ત્યારે બીજી વાતો કરતાં તેમાં મુશ્કેલી જરા વધારે જણાઇ. આજ્ઞા પ્રમાણે વર્તવાનું શિક્ષણ સુન્દરીને તેની બાલ્યાવસ્થામાં આપવામાં આવ્યુંજ નહોતું, તેમ તે શિક્ષણ પોતાનાં છોકરાંને આપવું જરૂરનું છે કે કેમ તે બાબત તેણીના મગજમાં ઉતરી નહોતી, અને તેની જરૂર છે એમ કદાચ તે ખુશીથી કબૂલ કરે તોપણ મુશ્કેલીઓ ઘણી ભારે હતી.

એ બાબત ઉપર એમેલાઇનની સૂચનાના ઉત્તરમાં સુન્દરીએ કહ્યું કે, "મારા કહ્યા પ્રમાણે તેઓ ન કરે તો હું તેઓને મારૂં છું. પહેલાં તો તેઓ રડે છે, પણ પછીથી તેઓ મારૂં કહ્યું માને છે."

એમેલાઇને કહ્યું, "તમારે મારવું પણ ન પડે ને તેઓને રડવું પણ ન પડે, અને તેઓ તમારૂં ફરમાવેલું કરે, તેમાં તમારા બન્નેના જીવને સુખ ખરૂં કે નહિ? તમે તેઓને મારો અને તેઓ રડે એમાં શું સુખ છે?"

સુન્દરીએ જવાબ આપ્યો, "પણ તેઓ કરતાંજ નથીને. કહેતાંને વાર કરે એવાં છોકરાં મારા જોવામાં તો આવ્યાં નથી; હા, તમારાં છોકરાં તો ડાહ્યાં છે, ને તમારૂં કહ્યું તરત માને છે."

એમેલાઇને કહ્યું, "મારાં માને છે તો તમારાં પણ કેમ ન માને? તમારી છોકરીઓ એવી સારી ને કોમળ હૃદયની લાગે છે કે મારી તો ખાતરી છે કે જો તેઓને શિખવ્યું હોય તો તેઓ ઝટ શિખે."

સુન્દરીએ મનમાં વિચાર કીધો કે જેને માર ખાવાની ટેવ પડી ગઇ છે તેની સાથે ધીરજથી કામ લેવુ એ કેટલું અઘરૂં છે! તેથી અફસોસથી કહ્યું, "મને તો નથી લાગતું કે શિખે."

એટલામાં બન્ને બાળકીઓ દોડતી દોડતી ઓરડામાં આવી. એમેલાઇનની સલાહ પ્રમાણે નજીકમાં આવેલી એક નિશાળમાં તેઓને દરરોજ મોકલવામાં આવતી હતી.

ને બન્ને બાળકીઓ એમેલાઇનને જોતાંને વાર તુરતજ સાથે બોલી ઉઠી, "અમને એકાદ વાર્તા કહેશો?" આવી ગમત મળવી દુર્લભ હતી, અને એમાં સાંભળનારને સાથી વધારે ગમત પડી કે કહેનારને, એ કહેવું મુશ્કેલ હતું.

એમેલાઇને પુછ્યું, "પહેલાં મને કહો કે નિશાળમાં તમારો અભ્યાસ સારો ચાલે છે કે કેમ?"

શાંતિનું મ્હો ઉતરી ગયું અને મોતીએ આતુરતાથી જવાબ દીધો કે, "મારો અભ્યાસ તો બહુ સારો ચાલે છે પણ શાંતિ કંઇ શિખતી નથી. એ પોતાનો પાઠ કરતી નથી, અને મહેતાજી કહે છે કે એ તો મસ્તીખોર છોકરી છે, ને કહીએ બીએ તે કરતી નથી."

શાંતિને પોતાની પાસે બોલાવીને એમેલાઇને કહ્યું, "કેમ શાંતિ, આમ કેમ ?"

શાંતિએ નિડરપણે જવાબ આપ્યો, "મા કહે છે તે હું નથી કરતી, તો વળી મહેતાજી કહે તે શું કરવા કરૂં ? માની નજરમાં આવે તો ભલે મને મારે; એ મને રોજ ધમકાવે છે, પણ હું કંઇ તે લેખવતી નથી. હું રડી પડું કે તે મને મારતી બંધ પડે."

એમેલાઇને ને સુન્દરીએ એક બીજા સામુ જોયું. પછી એમેલાઇને કહ્યું, "શાંતિ, તારો અભ્યાસ સારો નથી, તોપણ હું એક વાર્તા તને કહું છું; અને તું તે સાંભળી રહેશે ત્યારે તે કહેવાનું કારણ હું તને જણાવીશ."

"એક વખત એક ભરવાડ પાસે ઘણાં ઘેટાં હતાં અને તેઓની સંભાળ તે સારી રીતે રાખતો હતો. તેમાં કેટલાંક ઘેટાં મોટાં હતાં ને કેટલાંક નાનાં હતાં. કેટલાંક જે રસ્તે ભરવાડ દોરી જતો હતો તે રસ્તે જતાં, અને કેટલાંકને હમેશાં બીજે રસ્તે જવાની ટેવ હતી. ભરવાડને પોતાનાં ઘેટાં ઉપર એટલી બધી પ્રીતિ હતી કે તે જે જગ્યાએ ઉત્તમ લીલુંછમ ઘાસ ઉગ્યું હોય ત્યાં તેડી જતો, પણ વારવાર ઘેટાં એમ ધારતાં કે, હમે સૌથી સારૂં સમજીએ છીએ અને બીજે રસ્તે જવાનું મન કરતાં. ઘેટાંઓમાં ઘણાં નાનાં હલવાનો હતાં. અને તેમાંનાં બે પેલા માયાળુ ભરવાડને ઘણુંજ સંતાપતાં, કારણ કે ભરવાડ કહે તેને તેઓ ગણકારતાં નહિ, ને હમેશાં આમ તેમ કુદાકડા માર્યા કરતાં, અને કોઇ કોઇ વાર તેઓ પ્રાણ ખોવાના સંકટમાં સપડાઇ જતાં."

"એક દિવસ તે ભરવાડને મન થઇ આવ્યું કે હું મારાં ઘેટાંઓને એક ખુશનુમા લીલું મેદાન જ્યાં લીલું ઘાસ ચરવાનું હતું ત્યાં તેડી જાઉં. પણ પેલાં નાનાં હલવાનોને ત્યાં જવું ગમ્યું નહિ; તેઓએ એક તદન જુદીજ જગ્યા પસંદ કીધી. તેથી આખરે પેલા ભરવાડે પોતાની પસંદગીને

માર્ગે તેડી જવાની વાત માંડી વાળી, અને તેઓની ઇચ્છા પ્રમાણેને માર્ગે તેઓને જવા દીધાં. પહેલાં તો તેઓને લાગ્યું કે આપણી પોતાની પસંદ કરેલી જગ્યાએ જવામાં ઘણી મઝા પડે છે, પણ થોડી વાર પછી ઘણું રમવાથી તેઓ ઘણાં થાકી ગયાં અને ઘેર જવાનો વિચાર કરવા લાગ્યાં."

"પછી આપણે ક્યાં આવ્યા છીએ તે જાણવાને તેઓએ આમ તેમ જોવા માડયુ! તે અજાણી જગ્યા હતી અને ત્યાં ઘાસનુ એક તરણું પણ નહોતું, પણ જ્યાં જુએ ત્યાં ખડક ને પત્થર! તરસ છિપાવવાને ટકા પાણીનો ઝરો પણ ન મળે. તેઓ થોભી ગયાં અને વિચાર કરવા લાગ્યાં કે હવે કયે રસ્તે જવુ; એટલામાં તેઓએ એક અવાજ સાંભળ્યો, જેથી તેઓ ધ્રુજવા લાગ્યાં તે કોઇ રાની પશુની ગર્જના હતી. એ ઉપરથી તે નાનાં ઘેટાંઓએ જાણ્યુ કે આપણે ભયભરેલી જગ્યામાં છીએ, અને અહીં આપણું રક્ષણ કરનાર કોઇ નથી. તેઓના મનમાં વિચાર આવ્યો કે આ વખતે આપણો ભલો અને માયાળુ ભરવાડ અહીં હોત તો કેવુ સારૂં! આપણે કેવી ખુશીથી દોડતાં દોડતાં તેની પાસે જાત, અને જ્યાં જ્યાં તે દોરી જાય ત્યાં જાત; પણ તે તો ઘણે દૂર હતો. જે દુઃખ અને ધાસ્તી તેઓને વેઠવાં પડ્યાં તેનું વર્ણન હું શી રીતે તમારી આગળ કરૂં? રાની પશુઓની ભયંકર બૂમ સાંભળી ગભરાતાં ગભરાતાં તેઓને નાસવુ પડયું! જે કાંટાવાળી ઝાડીમાં તે પડતાં ગયાં તેથી તેઓનાં શરીર સોરાઇ ગયાં! રસ્તા ઉપર ઉંચા નીચા પત્થરોને લીધે તેઓના પગ ચીરાઇ ગયા અને લોહીલુહાણ થઇ ગયું! આખરે તેઓ એવાં તો થાકીને લોથપોથ થઇ ગયાં, અને એટલું બધુ વાગ્યું કે તેઓથી એક પણ ડગલું આગળ ભરી શકાય એમ નહોતું. હવે તો મરવાનાં, અને રાની પશુ આપણને ખાઇ જવાનાં એમ તેઓને લાગ્યું. જેવી તેઓએ પોતાની આંખો મીચી કે તરત તેઓના મનમાં વિચાર આવ્યો, "જો આપણો ભલો

ભરવાડ અહીં સુધી આવીને અમને શોધી કાઢે, તો પછી હમેશાં જ્યાં તે દોરી જાય ત્યાં જઇએ, અને ફરીથી તેને કદી સંતાપીએ નહિ."

"એટલામાં પેલો માયાળુ ભરવાડ તે રસ્તે આવ્યો. તેણે પેલાં થાકી ગયલાં તથા ઘાયલ થયલાં ઘેટાંને પોતાના હાથમાં ઉપાડી લીધાં, તેમના ઘા પર પાટા બાંધ્યા અને તેઓને ઘેર લઇ ગયો; અને તે દિવસથી પેલાં બે નાનાં હલવાનો તો ભરવાડને છોડીને જાયજ નહિ, અને તે કહે તેમ કરે."

પેલી બે છોકરીઓએ આ વાત એકચિત્તથી સાંભળી, અને વાત પુરી થઇ એટલે શાંતિએ ધીરે રહી પુછ્યું, "જ્યારે તે નાનાં હલવાન બીજે રસ્તે દોડી ગયાં ત્યારે પેલો ભરવાડ ઘણો દિલગીર થયો હશે, નહિ વારૂ?"

એમેલાઇને જવાબ આપ્યો, "અલબત, તેને ઘણી દિલગીરી થઇ હશેજ, નહિ તો તેઓને શોધવા માટે આટલો બધો દૂર તે જાતજ નહિ."

એ સાંભળી મોતી બોલી, "જો તેઓ નાસી ગયા નહિ હોત તો તેઓને જરા પણ વાગત નહિ, અને તેઓ ગભરાત પણ નહિ; તેઓ ગયાં તેમાં તેઓની પોતાની ભૂલ."

શાંતિએ એમેલાઇનને કહ્યું, "હું ધારૂં છું કે તમારા મનમાં એમ છે કે મોતી અને હું તે પેલાં નાનાં હલવાન જેવાં છીએ, કારણ કે અમને અમારી નજરમાં આવે તેમ કરવાનું મન થાય છે."

એમેલાઇને જવાબ આપ્યો કે, "બેશક, મારૂં કહેવું એજ છે; આપણો ભલો ઘેટાંપાળક, આપણો પ્રભુ ઇસુ ખ્રીસ્ત, અગાઉ જેમ આ જગતમાં ફરતો તેમ હાલ ફરતો નથી, અને આપણે આપણી આંખે તેને જોઇ શકતાં નથી, અથવા આપણા કાને તેને સાંભળી શકતાં નથી; પણ અગાઉની માફક તે આપણી પાસે છે, અને જ્યારે આપણે મરજી

તોફાન કરીએ અને જેનું આજ્ઞાપાલન કરવું જોઇએ તેમનું કંઇ ગણકારીએ નહિ, તો તેથી પ્રભુ ઇસુને ઘણું ખોટું લાગે છે."

મોતીએ પૂછ્યું, "જો અમે મસ્તી તોફાન કરીએ તો પેલાં નાનાં ઘેટાંની માફક અમને પણ કોઇ પ્રકારની ઇજા થાય ખરી?"

એમેલાઇને કહ્યું, "એમ થયા વગર રહેજ નહિ, કારણ કે પાપ જેટલું આપણને દુઃખ આપે છે તેટલું બીજું કોઇ આપતું નથી, અને શેતાન ગર્જના કરતાં એક મોટા સિંહના જેવો છે, અને તે આપણને ફાડી ખાવાને ટાંપી રહ્યો છે."

આ સાંભળી શાંતિ જાણે ઉંડા વિચારમાં પડી ગઇ હોય તેમ બોલી, "ત્યારે મારા મનમાં એવું આવે છે કે હું પ્રભુ ઇસુને વિનંતિ કરૂં કે, હે પ્રભુ, તું મને તારા હાથમાં ઉંચકી લે અને આખે રસ્તે મને તેડી જા. પછી તો શેતાન મારી આગળ આવી શકશે નહિ; કેમ, ખરૂં કે નહિ?"

મોતી બોલી, "હવેથી આપણે રોજ ડાહ્યાં થઇશું, ખરૂં કેની, શાંતિ?"

શાંતિએ સાવચેતીથી જવાબ આપ્યો, "હું નથી ધારતી કે મારાથી હમેશાં ડાહી રીતે ચલાશે, પણ હું ધારૂં છું કે કોઇ કોઇ વાર ચલાશે."

એમેલાઇનને ઘેર જવાની ઉતાવળ હતી, પણ એની વાર્તાથી મા અને દીકરીઓને વિચાર કરવાનું ઘણું મળ્યું, અને ઘણા દહાડા સુધી પેલી બે નાની બાળકીઓએ "ભલા ઘેટાંપાળક" વિષે વિચાર કીધો. તેઓને લાગ્યું કે આપણે જો આડે માર્ગે જઇશું તો તે નાખુશ થશે, અને તેથી તેઓ સારી રીતે વર્તવાની કોશિશ કરવા લાગી.

પ્રકરણ ૧૮ મું.

હવે શું કરવું જોઇએ?

પદ્મનલાલના મરણ પછી કેટલાક દિવસ વિત્યા બાદ તેનાં પુસ્તકો અને બીજો સરસામાન તેના ભાઇને ઘેર આણવામા આવ્યાં. જે પુસ્તકો શિવરાણીએ પોતાના ભાઇના હાથમાં વારવાર જોયલાં તે ઉથલાવી જવામાં તેણીને દિલગીરીની સાથે ખુશી પણ થતી. તે પુસ્તકોનો અભ્યાસ કરતાં પોતાના ભાઇને કેટલી બધી મહેનત પડેલી, અને હવે તેનું બધુ શિખેલું રદ ગએલું, એ વાત સાંભરીને તેણીની આંખમાંથી દડ-દડ આંસુ પડવા લાગ્યાં. બધુ અસ્તાવ્યસ્ત પડયુ હતું, તેમા એકાએક તેણીની નજર એક વસ્તુ ઉપર પડી. તે તેણીને બીજી બધી વસ્તુ કરતાં વિશેષ કિમતી હતી. તે ખ્રાસ્તી ધર્મપુસ્તકમાંથી લીધેલાં વચનોનું એક પાનુ હતું. પદ્મનલાલના ઘરમાં જે દિવસો તેણીએ હર્ષાનંદમાં ગુજારેલા તેની આજ માત્ર યાદગારી રહી હતી. તે દિવસો હવે ફરીથી આવનાર નથી એ તેણીના અતઃકરણમાં કારી ઘાની પેઠે લાગ્યું. પોતાના ભાઇના મરણની દિલગિરીની સાથે તેણીના મનમાં અતિશય નાસીપાસીની લાગણી હતી; તે એ કે જે ખ્રીસ્તી ધર્મ સબધી થોડું ઘણું શિખવાથી તેણીને આટલો બધો દિલાસો મળ્યો હતો તેને લગતું વધારે શિખવાની તેણીની આશા આ પ્રમાણે લોપ થઇ હતી. હવે તેને પોતાની બાકીની જીદગી બિહારી-લાલને ઘેર ગાળવાની હતી. તેને મોટી બીક એ હતી કે, જે વચનો તે શિખી ગઇ હતી તે રફતે રફતે યાદદાસ્તમાંથી જતાં રહેશે, અને વખત જતાં એમેલાઇનની મુલાકાત થયા પહેલાં તેનું હૃદય જેવું ઉદાસ ને ગમગીન રહેતું તેવું તે પાછું થઇ જશે. પેલું પાનું દીઠાથી તેના મનમાં નવી આશાનાં અંકુરો ફુટયાં. પોતાની પાસે હવે એક એવી વસ્તુ હતી કે જેને તે જોઇ શકે અને હાથમાં લઇ શકે, અને જેના ઉપર પ્રભુ ઇસુનાં બોલાયલાં વચનો લખેલાં હતાં. હવે ફરીથી તે

વહાલાં વચનોના પાનાને પોતાના હાથમાંથી તે જવા નહિ દે. તેણે મનમાં નિશ્ચય કીધો કે જેટલી સંભાળથી અગાઉ તે પાનુ મેં રાખી મૂક્યું હતું તેના કરતાં વધારે સંભાળથી હું એને સાચવી રાખીશ, અને એ પાનું કોઇ પણ મારી પાસેથી લેવા પામશે નહિ.

પોતાના ભાઇનાં પુસ્તકોને બિહારીલાલે તપાસ્યાં ત્યારે તેને કંઇક આશ્ચર્ય લાગ્યું. તે પુસ્તકોમાં નવા કરારની એક ઘણી વપરાએલી તથા વચાએલી નકલ તેને જડી, અને તે ઉપરાંત ખ્રીસ્તી ધર્મનાં બીજાં પુસ્તકો પણ જડ્યાં. કોઇ પણ નવા વિચારો, ને વળી તેમાં ખાસ કરીને અંગ્રેજી વિચારો, તરત ગ્રહણ કરવામાં પોતાનો ભાઇ કેટલો બધો આતુર હતો તે બિહારીલાલ જાણતો હતો, પણ પોતાના બાપીકા ધર્મ સિવાય કોઇ પણ બીજા ધર્મને માટે તેને કંઇ પણ દરકાર હોય એવુ તેણે કદી પ્રગટ કીધુ નહોતું; એટલુ તો ખરૂ કે તે પોતાની ધર્મક્રિયા પાળવામાં ઘણો ઉત્સુક નહોતો.

બિહારીલાલને લાગ્યું કે ખ્રીસ્તી ધર્મનો સ્વીકાર પ્રગટ રીતે કર્યા પહેલાં તે મરકીમાં મરણ પામ્યો એ ઠીક થયું; અને જે દિવસે તે પોતાના વહાલા ભાઇના પ્રેત પાસે ઉભો હતો તે દિવસથી અત્યાર સુધી પહેલ વહેલો દિલાસો આજ મળ્યો. તે પુસ્તકોમાં મરકીનો ચેપ હશે એ વિચારથી નહિ પણ રખેને તેઓને વાંચ્યાથી કોઇને માઠી અસર થાય એ વિચારથી તેણે તેઓને સંભાળથી એકઠાં કર્યાં, ને પ્રસંગ મળે ત્યારે બધાંને બાળી મુકવાનો નિશ્ચય કીધો. આ પ્રમાણે ભાઇ તથા બેન એક ઘરમાં હોવા છતાં એક બીજાના વિચાર તેઓ જાણતાં નહોતાં. જે વસ્તુને ભાઇ દૂર કરવા માગતો હતો તેજ વસ્તુ પર બેનનું મન ચોંટી ગયું હતું, ને આખરે એકાએક તે બન્નેના વિચારો પ્રગટ થયા.

સાંજનું વાળુ જમ્યા પછી બીજું કંઇ વિશેષ કરવાનું, નહોતું, તેમ કોઇ પણ બાબત ઉપર વિચાર કરવાનો નહોતો.

તેણીની ભોજાઇ જે કહ્યાં કરતી હતી કે આજે કંઇ મારા જીવને ચેન નથી, તે ઉંઘતી હોય એમ લાગતું હતું, અને તેણીને જગાડવાનું કંઇ કારણ નહોતું, તેથી શિવરાણીએ પેલું કીમતી પાનું જ્યાં સંતાડી રાખ્યું હતું ત્યાંથી કાઢીને જે વચનો તેમાં લખ્યાં હતાં તે ધીમે ધીમે વાંચવા લાગી. તે શબ્દો સાંભળવામાં તેમ બોલવામાં પણ તેને ઘણો આનંદ થતો હતો, અને તેઓની સત્યતા વિષે જાણે કે વિશેષ ખાતરી થતી હોય એમ તેને લાગતું હતું, તેથી આ ઠેકાણે કંઇ હરકત જેવું નથી એમ ધારીને તે ધીમે ધીમે બોલવા લાગી,—"દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે."

પોતે જે બોલતી હતી તેનો અર્થ સમજવામાં તે એટલી તો લીન થઇ ગઇ હતી, કે બિહારીલાલ ચુપચુપ પરસાળમાં આવ્યો હતો અને તેની પાછળ ઉભેલો હતો તેની તેને ખબર નહોતી. બિહારીલાલે પૂછ્યું કે, "તું ક્યારથી વાંચતાં શિખી? મને યાદ છે કે વાંચતાં શિખવાની મેં તને સખત મના કીધી છે." આ સાંભળીને શિવરાણી એકદમ ચમકી ઉઠી; પહેલ વહેલાં તે ગભરાઇ ગઇ અને તેનું અંતઃકરણ ધબકવા લાગ્યું; પણ તેના મનમાં વિચાર આવ્યો કે હવે પદ્દનલાલ ગુજરી ગયો છે, એટલે મેં જે તેને વચન આપ્યું હતું તે હવે વધારે વાર ગુપ્ત રાખવાની જરૂર નથી. બિહારીલાલની આગળ હવે હું દીલ ખોલીને વાત કરૂં, કારણ કે તેમાં કંઇ એવું ખોટું નથી કે જે મારે છુપાવી રાખવું પડે. કોઇને નહિ કહેવાનું વચન મેં આપ્યું હતું તે મારા મરણ પામેલા ભાઇને ખુશ રાખવા ખાતરજ આપ્યું હતું. એ વિચાર કરીને તથા હિમ્મત પકડીને તેણીએ બિહારીલાલ તરફ ફરીને શાંતિથી કહ્યું, "હું વાંચતી નથી, કારણ કે તમે મને શિખવાની મના કીધી છે. જે મારા અંતઃકરણમાં છે તેજ માત્ર હું બોલતી

હતી." તેના ભાઇએ તતડાવીને તેને પૂછ્યું, "ત્યારે આ પાનું રાખવાનું શું પ્રયોજન? જ્યારે તને વાંચતાં આવડતું નથી ત્યારે વાંચવાનો ઢોંગ કરવો એ મૂખાઇ કહેવાય. જોઇએ એ પાનું શું છે?" પોતાની બેન સાચુ બોલે છે, અને પોતાના કહેવા મુજબ તેને વાંચતાં આવડતું નથી એ વિષે તેની ખાતરી હજુ સુધી થઇ નહોતી.

બિહારીલાલે પેલો કાગળ લેવાને પોતાનો હાંથ લાંબો કીધો, પણ શિવરાણીએ તેની દરકાર કીધી નહિ અને પોતાના હાથમાં તેને જોરથી પકડી રાખ્યો.

બિહારીલાલ વધારે ચીડાઇને બોલ્યો, "લાવ એ કાગળ મારી પાસે." શિવરાણીએ કહ્યું, "પણ તમે તમારી પાસે તો નહિ રહેવા દો, મને પાછો આપશો કેની?"

બિહારીલાલે કઇ પણ ઉત્તર આપ્યો નહિ, અને તુરતજ તે કાગળ તેણીના શિથિલ થયલા હાથમાંથી ઝુટવી લીધો. તે કાગળમાં જે લખ્યું હતુ તે બિહારીલાલ વાંચતો હતો તે તરફ શિવરાણી આતુરતાથી જોયાં કરતી હતી. પહેલાં તો તે શબ્દોનો અર્થ તેના મગજમાં ઉતર્યો નહિ, કારણ કે તેના જેવા શબ્દો અગાઉ તેણે વાંચ્યા નહોતા; પણ વાંચતાં વાંચતાં ઇસુનું નામ આવ્યુ, એટલે તેણે જાણ્યું કે આ કાગળમાં જે વચનો છે તેઓ ખ્રીસ્તી ધર્મપુસ્તકમાંથા લીધેલાં છે. લાગલાજ પન્નાલાલના સામાનમાં જે પુસ્તક મળ્યું હતું તે તેને યાદ આવ્યું, અને પોતાની બેનને પણ તેની અસર થઇ છે એ જોઇને તેને ક્રોધ ચઢયો. "ઓ ભાઇ, કૃપા કરીને એ કાગળ મને પાછો આપો, એથી કાંઇ નુકસાન થવાનું નથી," એમ શિવરાણીએ આજીજી કરીને કહ્યું, પણ બિહારીલાલે કઇ બોલ્યા વગર ને તેના કાલાવાલાની દરકાર ન રાખતાં પેલા કાગળના ટુકડે ટુકડા કરી નાખીને જમીન પર ફેંકી દીધા. પછી ભાઇ બેન કેટલીક મુદત સુધી કશું બોલ્યા વગર સામસામાં ઉભાં રહ્યાં.

શિવરાણી અબોલ રહી તેથી બિહારીલાલ પહેલો બોલ્યો. "મને કહે એ કાગળ તને ક્યાંથી જડ્યો, અને કોણે તને તે વાંચતાં શિખવ્યું ?"

શિવરાણીને હવે કશી વાતથી ગભરાવાનું નહોતું તેથી શાંત ચિત્તથી જવાબ દીધો, "મેં તમને કહ્યું છે કે મને વાંચતાં આવડતું નથી. એક બાઇ જે મારી ભોજાઇને શિખવવા આવતી હતી તેણીએ મને એ કાગળ આપ્યો, અને એમાં જે લખેલું છે તે મને ગોખાવ્યુ."

બિહારીલાલ ગુસ્સાથી બબડ્યો, "એજ મારૂં કહેવુ હતું ! આપણે અંગ્રેજ સ્ત્રીઓને આપણાં ઘરમાં આવવા દઇએ છીએ તેનાં આ પરિણામ; બસ, તેઓની મતલબજ એવી છે કે આપણી સ્ત્રીઓને ખ્રીસ્તી બનાવી દેવી"

શિવરાણીએ જવાબ દીધો, "મને જેણે શિક્ષણ આપ્યું તે અંગ્રેજ સ્ત્રી નહોતી, તે એક દેશી બાઇ હતી; ફેર માત્ર એટલોજ કે અમારી પેઠે તેને પિંજરામાં ગોંધી રાખવામાં આવી નથી અને તેને અજ્ઞાન રાખી નથી તેણીએ મને કંઇ ખોટું શિખવ્યું નથી, તો તમારે શા માટે ગુસ્સે થવુ જોઇએ ? પટ્ટનલાલ તો ગુસ્સે થતો ન હતો."

બિહારીલાલને આવો કારી ઘા કોઇ પણ દિવસ લાગ્યો નહોતો. આની મતલબ શી ? જે ખ્રીસ્તી ધર્મપુસ્તકો પટ્ટનલાલના વાંચવામાં આવ્યાં હતાં તેનાથી શું તેના મન પર એટલી બધી અસર થઇ ગઇ કે પોતાની પત્નિને તથા બેનને તેની વાતો શિખવવામાં આવતી હતી, છતાં તે આખાડા કરતો હતો ! એને લાગ્યું કે મારી સામાં તેઓએ એકસંપ કીધેલો હોવો જોઇએ, અને તે વાતની આજેજ ખબર પડી, છતાં બહુ ગભરાવા જેવું નથી. પટ્ટનલાલને હવે ધાસ્તી રહી નથી, અને શિવરાણી એટલી બાળક છે કે તેણીને જેમ કહેવામાં આવશે તેમ કરશે.

હવે ટાઢો પડી જઇને તે બોલ્યો,—"પટ્ટનલાલના વિચાર કેવા હતા અથવા તે શું કહેતો તેની કંઇ ફિકર નથી; તે તો પોતાના બાપદાદાના ધર્મમાં ગુજરી ગયો છે. તારે માટે કહેવાનું એટલું કે તારે હવે પછી આ ઘર છોડીને કંઇ જવું નહિ, અને જે તું શિખી છે તે તું જેમ જલદીથી ભુલી જાય તેમ વધારે સારૂં."

પછી શિવરાણીના મનમાં જે નવું વચન પટ્ટનલાલે તેણીને શિખવ્યું હતું તે સાંભરી આવ્યું,—"આ વ્યભિચારી અને પાપી પેઢીમાં જે કોઇ મારે લીધે તથા મારી વાતોને લીધે શરમાશે, તેને લીધે માંણુસનો દીકરો પણ જ્યારે પોતાના બાપના મહિમામાં પવિત્ર દૂતોની સાથે આવશે, ત્યારે તે શરમાશે." પ્રગટ રીતે બોલવાની મના કરનાર હવે કોઇ નથી. હુ શરમાતી નથી એમ દર્શાવવાને હવે તેણીને કશી અડચણ નહોતી, તેથી તેણીએ નિડરપણે કહ્યુ કે, "એમ કંઇ બનશે નહિ. ઇસુ ખ્રીસ્તનાં વચનો મારા અતઃકરણમાં કોતરાઇ ગયાં છે; તેઓને જો હું મારા મનમાંથી કાઢી નાખવાનું કરૂં, તો પણ તેઓ નિકળે એમ નથી, અને હુ કાઢીશ પણ નહિ."

એક ક્ષણભર તો બિહારીલાલ એવો ઠં થઇ ગયો કે તેનાથી ઉત્તર અપાઇ શકાયો નહિ. તેણે પોતાની બેન કે જે ઘણી નાની તથા નાજુક હતી તેની સામુ જોયું, અને તેની રૂપાળી આંખમાં જે નિડરપણું તથા દૃઢતા જણાતાં હતાં તે જોઇને તે ઘણોજ વિસ્મય પામ્યો. તે તિરસ્કારથી બોલી ઉઠયો, "અરે ઓ બેવકુફ અજ્ઞાન છોકરી, આ બાબતોની તને શી ખબર છે? અને તું એમાં સમજે શું? હવે હું ધ્યાન રાખીશ કે તું તારા પોતાના ધર્મની ક્રિયાઓ વધારે નિયમિત રીતે પાળે છે કે નહિ, અને થોડા વખતમાં આ તારી બેવકુફી તું મુકી દેશે."

શિવરાણીએ પૂછ્યું, "પણ તે ધર્મક્રિયાઓ બેવકુફી ભરેલી હોય (મને તો એમજ લાગે છે), અને ઇસુનાં વચનો સાચાં હોય તો પછી શું?"

પછી તેણી પોતાના ભાઇની છેક પાસે આવી તેની આજીજી કરીને કહ્યું, "ભાઇ, ઇસુ વિષેનું પુસ્તક તમે પોતે વાંચી જોશો નહિ? જો વાંચવાની તસ્દી લેશો તો તેમાંની વાતો કેવી સારી છે તેની ખાતરી તમને થશે. આપણા ધર્મમાં મને કાંઇ સંતોષ થયો નહિ, પણ ઇસુ ખ્રીસ્તનાં વચનોએ તો મારા અતઃકરણનું દુઃખ દૂર કીધુ છે."

આ વાત કરતાં તેણીએ પોતાનો હાથ પોતાના ભાઇના હાથ ઉપર મુકયો હતો, પણ તેણે ગુસ્સામાં તેને ખસેડી નાખ્યો અને પોતાની બેનની સામાં ડોળા કાઢીને જવાબ આપ્યો, "આવુ મૂર્ખાઇ ભરેલુ બોલવુ બધ કર, અને ખબરદાર, જો એ વિષે એક પણ શબ્દ તું ફરીથી બોલે. જા, તું હજી અજ્ઞાન છે તેથી જવા દઉ છું."

એમ કહીને તે ઉઠીને ચાલતો થયો, પણ તેણે તે બાબત પોતાના મનમાંથી કાઢી નાખી નહિ; પોતે એકલો બેઠો બેઠો પોતાનો હુક્કો ગગડાવતો હતો, ત્યારે પણ એનીએજ વાત ઉપર તે ઉંડો વિચાર કર્યા કરતો હતો. અગર જો તેણે તે વાતને માત્ર શિવરાણીની બેવકુફી તરીકે ગણી કાઢી હતી, છતાં તેને ખાતરી થઇ કે હુ ધારતો હતો તેના કરતાં આ વાત ઘણી વધી ગઇ છે. હિન્દુ ધર્મનાં બધનો પદ્નલાલે કેવી રીતે તોડી નાખ્યાં હતાં તે તેને યાદ આવ્યુ, અને શિવરાણીએ જે નિડરતાથી જવાબ આપ્યો હતો તેમાં કંઇ એવુ હતું કે જેથી પોતાનો નાનો ભાઇ તેને યાદ આવ્યો.

પોતાની બેન તદન પોતાના કબજામાં છે તેની ખાતરીથી તેને નિરાંત વળી. જે નાના ગામડામાં તેઓ રહેતાં હતાં તેમાં ખ્રીસ્તી ધર્મની અસર થવાનો કશો સંભવ નહોતો, તેને લીધે તેણીના મન ઉપર પડેલી છાપ શિવાય બીજી કંઇ ગભરામણ તેને નહોતી, અને તે તો જલદીથી ભુંસાઇ જશે એવું તેને લાગ્યું, છતાં પોતાના કુટુંબનું કોઇ પણ માણસ ખ્રીસ્તી ધર્મ સંબંધી વિચાર સરખો પણ કરે એ તેને બહુ

દુઃખદાયક લાગતું; તેથી તેણે પોતાના મન સાથે ઠરાવ કીધો કે, આ બાબતમાં હું મારી બેનને તેની મરજી માફક કરવા દઇશ નહિ, ને હું મારા વિચારમાં કેવો મક્કમ છુ તે અને મારા ઘરમાં હુ કેટલી સત્તા ધરાવુ છું તેની એને થોડા વખતમાં સમજ પડશે. કાલથીજ પૂજાના કાંઇ કામમાં હું એને રોકીશ અને પછી જોઉંછું કે આ નવા ધર્મની અસર ક્યાં સુધી રહે છે.

આ પ્રમાણે બિહારીલાલ પોતાના મનમાં બોલ્યો, પણ આપણે જોઇશું કે બીજે દિવસે તેને ખાતરી થઇ કે પોતાની સત્તા કંઇ બિસાતમાં નથી.

પોતાનો ભાઇ ચાલ્યો ગયો પણ શિવરાણી ત્યાં ને ત્યાંજ બેસી રહી; તેવામાં એક મોટું વાદળ તેણીને વિંટાળી લેતું હોય એમ તેણીને લાગ્યુ. પોતાના ભાઇની રૂબરૂ જે બધી હિમ્મત તેણીએ બતાવી હતી તે મદ પડવા લાગી અને તેણીને પૂરેપૂરી ખાતરી થઇ કે હુ તો માત્ર એક નબળી નિરાધાર છોકરી છું, અને મારી પડખે ઉભુ રહેનાર કોઇ નથી તેણીને ખાતરી થઇ કે મારો ભાઇ આ વાત આટલેથી પડતી મુકશે નહિ, પણ પોતાની મરજી પ્રમાણે મારી પાસે કરાવવાને કઇ મજબુત પગલાં ભરશે, અને તેમ થયું તો તેની સામા થવા મારામાં શી તાકાત છે?

અગર જો પટ્ટનલાલ શિવરાણીના વિચારને મળતો નહોતો તોપણ તેણે કંઇ ઠપકો આપ્યો નહોતો, પણ આ તો બિહારીલાલ સાથે કામ પાડવાનું હતું. તે સહેજમાં પતી જાય એવો નહોતો, તેથી તે ઘણી નાહિમ્મત થઇ ગઇ, પણ આ અણીને વખતે તે એકલી રહી ન હતી, જાણે કોઇ માણસ તેના કાનમાં ખરેખર બોલતું હોયની તેમ તેના સાંભળવામાં ફરીથી આ શબ્દો આવ્યા,—"રે વેતરૂં કરનારા, તથા ભારથી લદાયલા, તમે સઘળા મારી પાસે આવો, ને હુ તમને વિસામો આપીશ." એ સાંભળી શિવરાણીના અતઃકરણે જવાબ દીધો કે, "હે

પ્રભુ ઇસુ, હું પુષ્કળ બોજાથી લદાયલી છું, મને વિસામો આપ, અને મને શરમાવા ન દે."

અને વિસામો મળ્યો તો ખરો, એવો કે તે તોફાનમાં શાંત તથા નિર્ભય રહી શકી; અને તેને ખાતરી થઇ કે બિહારીલાલ ગમે તેટલો બળવાન હશે, છતાં તેના કરતાં એક બીજો વધારે બળવાન છે.

પ્રકરણ ૧૯ મું.

દલગિરી ભરેલો બનાવ.

બીજે દિવસે બિહારીલાલ શિવરાણીને પોતાની મરજીને તાબે થવાની ફરજ પાડવાનો હતો, અને ઇસુ ખ્રીસ્ત ઉપર તેના વિશ્વાસનો તે ત્યાગ કરાવવાની કોશિશ કરવાનો હતો, પણ અણબોલાવેલો એક પરોણો ઓચિંતો ઘરમાં પ્રવેશ કરવાની માગણી કરતો હતો, અને તે ભયંકર પરોણો આવ્યાથી શિવરાણીની વાત વિસારે પડી. બિહારીલાલના ઘરમાં ભાઇ અને બેન વચ્ચેના કજીઆને બદલે જીવન અને મરણ વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો.

આગલે દહાડે બિહારીલાલની બાયડી માથુ દુખવાની બૂમ પાડતી હતી, તેને રાતમાં સખત તાવ ચઢતો ગયો અને આસપાસ જે બનતું હતું તેનું તેણીને કંઇ ભાન નહોતું.

હોય, તાવ આવે તેમાં થઇ શું ગયું? શું લોકોને તાવ વારંવાર નથી આવતો? જેમ બીજા સાજા થયલા, તેમ એ પણ થશે. સવાર પડી, પણ દરદીને કંઇ ચેન પડયું નહિ, અને જેવું તેઓએ તેણીના મ્હોડા સામુ જોયું, અને આંખો ઉંડી પેસી ગયલી દીઠી અને શરીર સંકોચાઇ ગયલું જોયું તેથી ધાસ્તી લાગી કે આ કંઇ સાધારણ મંદવાડ ન હોય. એટલું છતાં એમ થવાનું ખરૂં કારણ શું છે તે કોઇ કળી શક્યું નહિ.

ગામડામાં જે સારામાં સારો વૈદ્ય ગણાતો હતો તેને તેડવા મોકલ્યો. તેણે આવીને લાગલી જ જો મુકી, અને પોતાના ધ્યાનમાં આવી એવી દવા આપી; પણ તાવનું જોર તો વધતું ગયું, અને દરદી જેને કંઇ પણ ભાન નહોતું તે પથારીમાં પછાડા મારતી હતી, અને દુ:ખને લીધે હાય નાખતી હતી. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તે પછાડા મારતી અને "ઓરે! ઓરે!" કહેતી બધ પડી અને શાંત થઇ ગઇ. પણ એ શાંતિ કંઇ તંદુરસ્તી પાછી આવવાનું ચિન્હ નહોતું; એ તો મરણની શાંતિ હતી. તેથી પાસે બેઠેલા માણસો ઘણીજ દિલગિરીમાં રડવા અને શોક કરવા લાગ્યા.

પણ રડવાનો વખતજ રહ્યો નહોતો.' તે જુવાન બાઇનું શબ ઠેકાણે પાડવાનો વખત મળે ત્યાર પહેલાં બિહારીલાલની પણ તબિયત એવી બગડી આવી કે મરણક્રિયામાં તેનાથી ભાગ લેવાય એમ નહોતું. પછી ખરૂં કારણ જણાયું કે, ભયંકર મરકીને લીધે પેલી જુવાન બાઇ એકાએક મરણ પામી અને તેના ભયંકર પંજામાં હવડે તેણીનો ધણી સપડાયલો હતો.

જે લોકો ત્યાં હાજર હતા તે બધા વિખેરાઇ ગયા. ઘરના ચાકરો પણ ચાલ્યા ગયા, ને શિવરાણી ઘરમાં એકલી પડી.

પોતે એકલી, નિરાધાર, જેના ઉપર પોતાનો બધો આધાર હતો તેના બિછાના પાસે બેસીને તેની સારવાર કરતી તે રાત તે જીવી ત્યાં સુધી ભૂલી ગઇ નહિ.

સવાર થઇ કે બિહારીલાલનું આ પૃથ્વી પરનું જીવન પૂરૂં થયું, અને શિવરાણીએ જાણ્યુ કે હવે હુ જાતે ને જીવે એકલી રહી છું. જેણે પોતાના કુટુંબમાં ઘણાં વરસ લગી વડીલપણું ભોગવેલું તેનું શબ પણ ઠેકાણે પાડવામાં આવ્યું. મરકીરૂપી ભયંકર શત્રુએ ઘણીઘણીઆણીના પ્રાણ લીધા હતા, અને માત્ર બ્હાવરી બની ગયલી નરમ હૈયાની છોકરી, આ શું બન્યું તેની જેને સમજ પડતી નહોતી, તેજ જીવવા પામી. મરકીના આવા એકાએક હુમલાથી ઘર પણ છેક સુમસામ બની ગયું

હતું. પોતે કેવી કેવળ નિરાધાર બની ગઇ હતી તે તેણીને ધીમે ધીમે જણાયું. ખાલી ઘરમાં એકલીથી રહેવાય કેમ? જવું પણ ક્યાં? જેણીએ એકલી કોઇ દિવસ એક ડગલું ભરવાની કે નાની સરખી બાબતમાં પણ પોતાની મરજી પ્રમાણે વર્તવાની કદી પણ કોશિશ કીધેલી નહિ તેનાથી કોઇ બીજે ઠેકાણે જવાય પણ કેવી રીતે? આ વાત તેના મનમાં ઘોળાયાં કરતી હતી, તેવામાં એમેલાઇન કે જે તેના ઉપર અતિશય માયા રાખતી હતી તે તેને યાદ આવી. તેના મનમાં આવ્યું કે, જેણે મને ખરી પ્રીતિ શું છે તે શિખવ્યુ હતું તેની પાસે હું જાઉં. ખરેખર તે મને રાખશે અને મારૂં રક્ષણ કરશે. જવુ પણ ઘણું મુશ્કેલ પડશે નહિ. આગગાડીમાં થોડીવાર મુસાફરી કરીશ એટલે જે શહેરમાં પટ્ટનલાલ રહેતો હતો ત્યાં જઇ પહોંચીશ. પુછતી પુછતી જઇ તેનું ઘર ખોળી કાઢીશ અને ત્યાંથી એમેલાઇનનું ઘર પાસેજ પડશે. આ પ્રમાણે નિશ્ચય કર્યા પછી તેણે ઝટ તૈયારી કરી દીધી. પોતાની સાડી ઉપર એક મોટું સફેત કપડું ઓઢી લીધુ અને નિકળી.

જે સહેજસાજ નાણું તેણીને હાથ આવ્યું તે લીધુ, અને ઘરની કુંચી પોતાની સાડીને છેડે બાંધીને નિકળી. તેણીને ખબર હતી કે હવડેજ ગાડી ઉપડવાનો વખત છે, કારણ કે એજ ગાડીમાં પટ્ટનલાલ વારંવાર જતો, અને જો કંઇ વચ્ચે હરકત નહિ નડે તો અંધારૂં થતાં પહેલાં હું મારે ધારેલે મુકામે પહોંચી જઇશ. જ્યારે તેને માલમ પડયું કે હું સ્ત્રીઓના ડબામાં સહીસલામત બેઠી છું, અને મારી પાસે બાયડીઓ શિવાય બીજું કોઇ નથી ત્યારે તેને નિરાંત વળી. તોપણ ત્યાં પહોંચ્યા પછી શું થશે, ને મોટા શહેરમાં હું અનાથ એકલી શું કરીશ, તે વિચારથી તે ગભરાવા લાગી.

તેની મુઝામણમાં એક બીજા મિત્રનું સ્મરણ થઇ આવ્યું અને પોતાના મનને દિલાસો આપવા સારૂ જે વચનો પોતાને યાદ હતાં તે બોલવા લાગી. એમાંનાં કેટલાંક તે સમજ્યા

વગર શિખી હતી, પણ હમણાં તેમાંનું એક જે તે મ્હોડે બોલતી હતી અને જેનો અર્થ તે પૂરેપૂરો અગાઉ સમજી નહોતી તેનો અર્થ તેનાથી એકદમ સમજાઇ ગયો. "તમારા મનને ગભરાવા ન દો; તમે ઇશ્વર ઉપર ભરોસો રાખો, અને મારા ઉપર પણ રાખો."

"તમારા મનને ગભરાવા ન દો"—આ પ્રમાણેના શબ્દો તેણીને કાને પડ્યા. એ શબ્દો તેના એકાંતપણામાં અને ધાસ્તીમાં જાણે કોઇ મહાન મિત્રે આજ્ઞારૂપે કહ્યા હોયની તેમ હતા. એક તરફ પોતાનાં વહાલાં જે એકાએક મરણ પામ્યાં હતાં તેઓના વિચારથી પોતાના અંતઃકરણમાં દુઃખ થતું હતું, ને બીજી તરફ એ મોટા શહેરમાં પોતાના એકના એક મિત્રને કેમ શોધી કાઢવો એ વિચારથી મનમાં વધુ સંતાપ થતો હતો. એટલું છતાં પ્રભુ ઇસુએ તેણીને ઉપલા શબ્દો કહ્યા, એમ તે જાણતી હતી; અને જેમ જેમ ફરી ફરી તે શબ્દો તે બોલતી ગઇ તેમ તેમ તેણીના મનનો સંતાપ અને ધાસ્તી કમી થતાં ગયાં.

એક સ્ટેશન ઉપર ગાડી થોભી ત્યારે એક વૃદ્ધ બાઇ જે તેની પાસેની બેઠક ઉપર બેઠી હતી તે બોલી ઉઠી, "આ તમે શું બબડો છો? તમે કોઇની સાથે વાત કરતાં હો એમ લાગે છે."

શિવરાણી ચમકી. તેણીને ખબર નહોતી કે હું જે બોલું છું તે કોઇ સાંભળે છે; પણ એમાં કંઇ ગભરાવા જેવું નહોતું તેથી તેણીએ જવાબ દીધો, "હું તો માત્ર કેટલાક શબ્દો જે હું મ્હોડે શિખી છું ને બોલતી હતી,—'તમારા મનને ગભરાવા ન દો.' હું તદન એકલી હોવાથી ઘણી ગભરાઇ ગઇ છું, અને એ બોલવાથી મારા જીવને કરાર વળે છે."

તે બાઇએ જવાબ આપ્યો, "મને પણ એ શબ્દો આવડે છે. એક અંગ્રેજ બાનુએ તે શબ્દો બોલતાં મને શિખવ્યું." પછી તે બોલી, "બેશક તમે એકલાં મુસાફરી કરતાં નહિ

હો, તમે હજી નાનાં છો. મારા જેવી ડોસીને તો બધું પાલવે, પણ તમારે તો કોઇ સંભાળ લેનારની જરૂર છે. હું ધારૂં છું કે તમારો ધણી કે બાપ કોઇ પણ મરદના ડબામાં હશે."

શિવરાણીએ જવાબ આપ્યો, "મારો ધણી ગુજરી ગયો છે, મારો બાપ પણ ગુજરી ગયો છે, અને આજે મારો એકનો એક ભાઇ જે રહ્યા હતો તે પણ ગુજરી ગયો, અને ગઇ કાલે મારી ભોજાઇ ગુજરી ગઇ." આ બોલતાં બોલતાં તે રડવા જેવી થઇ ગઇ.

અગર જો આવા બનાવો તે મરકીને વખતે સાધારણ હતા ને જાણે કે યમદૂત રાત દહાડો મ્હોલ્લાઓમાં ફરતો હતો, ને કોઇ કોઇ વાર ઘરનાં ઘર ખાલી કરી નાખતો અને આખાં કુટુંબોનાં કુટુંબોનો નાશ કરતો, છતાં તે વૃદ્ધ બાઇના અંત:કરણમાં લાગણી થઇ આવી, અને તેણીએ દિલસોજીથી કહ્યું, "તમે ક્યાં જવાનાં છો?"

શિવરાણીએ પોતાનાં શિક્ષક બાઇ એમેલાઇનનું નામ દીધું. ને કહ્યું કે, "તેને ઘેર જવાનો મને કોઇ રસ્તો બતાવે એટલી માત્ર જરૂર છે. હું કોઇ દિવસ ઘરમાંથી એકલી બહાર નિકળી નથી, અને મ્હોલ્લાઓમાં લોકોનાં ટોળેટોળાંનો વિચાર મને થાય છે ત્યારે મને ગભરામણ છુટે છે"

પેલી વૃદ્ધ બાઇએ કહ્યું, "તમારી શિક્ષક બાઇ ક્યાં રહે છે તે હું જાણતી નથી, કારણ કે મેં તેનું નામ કદી સાંભળ્યું નથી; પણ મને લાગે છે કે મારાં ઓળખીતાં મિસી સાહેબ ક્યાં રહે છે તે હું શોધી કાઢી શકીશ, કારણ કે તેને મળવા હું તેને ઘેર ગઇ હતી; અને હું જો તમને તેની પાસે તેડી જાઉં તો પછી તમને કોઇ પણ જાતની હરકત પડશે નહિ."

શિવરાણીએ કંઇક ચિંતાથી પૂછ્યું, "શું તમે ધારો છો કે તે મને તે બાઇ સાહેબ પાસે તેડી જશે?" એક અંગ્રેજ

બાનુ કે જેને તે કોઇ પણ દિવસ મળેલી નહિ તેની પાસે જતાં તેને જોખમભરેલી લાગતી હતી, પણ શહેરમાં એકલા રહેવા કરતાં તેને ઘેર જવુ એ વધારે સારૂં હતું.

સ્ટેશને પહોંચતાં ગાડી થોભી, અને પેલી બાઇએ કહ્યું કે, "આપણે અહીં ઉતરી પડવાનું છે; તમે ગભરાશો નહિ, હુ તમારી સંભાળ રાખીશ."

બધા ઉતારૂઓ વહેલા વહેલા સ્ટેશન છોડવાને અધીરા બનેલા દેખાતા હતા, ને તેઓની ભીડમાં શિવરાણી હડસેલા ખાતી હતી તે વખતે આ બાઇનો સધાત તેને મળ્યો હતો તેને લીધે તેણે તેનો ઘણો આભાર માન્યો.

શિવરાણીએ માથે ઓઢેલું વસ્ત્ર વધારે સકોડીને વીંટાળ્યું, અને પેલી બાઇની સાથે ને સાથેજ રહી.

સ્ટેશન છોડીને તેઓ પડદાવાળા એક્કામાં સહીસલામત બેઠાં ત્યારે શિવરાણીને લાગ્યું કે હવે બીજો ભય મટી ગયો. ક્યાં ઉતરવાનુ હતું તે પેલો ગાડી હાંકનાર તરત સમજી ગયો. તેણે ઝડપબંધ ગાડી દોડાવી, ત્યારે શિવરાણીના મનમાં એવો વિચાર થયો કે પેલી અજાણી અગ્રેજ બાનુ કદાચ મારા જવાથી ગુસ્સે થાય તેના કરતાં મારી ઓળખીતી બાઇને ત્યાં લઇ જતે તો સારૂં થાત. અગાઉ કોઇ પણ દિવસ જોયલું નહિ એવા ઘર આગળ તેઓ આવી પહોચ્યાં એટલે તેણીને વધારે ગભરામણ થઇ, અને પેલા ભીડાભીડવાળા સ્ટેશન ઉપર જેમ તેણીએ પોતાનું મોઢું ઢાંકી દીધુ હતું, તેમજ હવડે પણ ઢાંકી દીધુ.

પેલી વૃદ્ધ માયાળુ બાઇએ આગગાડીમાં શિવરાણીની સાથે કેવી રીતે મુલાકાત થઇ તે વાત તે અગ્રેજ બાઇ (જેનું નામ મિસ નેલ્સન હતું) તેને કહી. જે શિક્ષક બાઇને શોધવા શિવરાણી આવી હતી તેનું નામ જ્યારે મિસ નેલ્સને સાંભળ્યું ત્યારે તે તુરતજ બોલી ઉઠયાં કે હું તેને ઓળખું છું; અને

માયાળુપણાથી કહ્યું કે, "તમે ગભરાશો નહિ, હુ તમારી સંભાળ રાખીશ," પણ શિવરાણી માત્ર નીચું જોઇ રહી અને શું કહેવું તે કંઇ સુઝયું નહિ.

શિવરાણીનો ભાઇ અને ભોજાઇ કયા રોગથી મરી ગયાં હતાં તે વિષે કંઇ શક રહ્યો નહોતો, તેથી કોઇને ચેપ નહિ લાગે તે માટે સાવચેતી રાખવાની જરૂર હતી. વિચાર કીધા પછી મિસ નેલ્સને ઠરાવ કીધો કે એમેલાઇનને મારે બંગલે બોલાવીને આપણે તે વિષે શુ કરવું તેનો વિચાર કરીએ. સાથે એક ગાડી મોકલી, અને થોડીવારમાં એમેલાઇન તેમાં આવી પહોંચ્યાં.

જયારે શિવરાણીએ પોતાની શિક્ષક બાઇનો સાદ સાંભળ્યો અને જયારે તેણે એને બાથમાં લીધી ત્યારે લાંબા વખતથી ભરાયલુ હૈયુ તેણે ખાલી કર્યું. પછી ખ્રીસ્તની પ્રીતિ કેટલી ઉંડી છે તે તેના સેવકોની પ્રીતિના અનુભવથી તેણીએ ફરીથી અજમાયશ કીધી. આવી લાગણી અને પ્રીતિ અગાઉ તેણીને કોઇ પણ વખત બતાવવામાં આવી નહોતી, અને અગરજો મનમાં અને તનમાં તે છેક થાકી ગઇ હતી, છતાં તેના હૈયામાં હિમ્મત આવી.

જરા વાર પછી એમેલાઇન બોલી, "બેન, મને કહે તો ખરી કે તારે મને શોધવા કેમ આવવું પડયું? તારે ઉતરવાને કોઇ સગું વહાલું નહોતું?"

શિવરાણીએ જવાબ દીધો, "હા, મને લાગે છે કે કેટલાંક મારાં સગાં વહાલાં છે, પણ હું તેઓને ઓળખતી નથી; અને મારૂં આવવાનું મુખ્ય પ્રયોજન એ કે તમે ખ્રીસ્તને માનનારાં છો, અને તેઓ તેને વિષે કંઇજ જાણતા નથી. હું ઇસુ ખ્રીસ્તથી કદી શરમાઇશ નહિ, અને તેને કબૂલ કરવાને હું તૈયાર છું."

આ ઉપરથી એમેલાઇને જાણ્યું કે, મારા અંતઃકરણની ઇચ્છા ફળિભૂત થઇ છે, અને આ મારી વ્હાલી વિદ્યાર્થી,

મારા પ્રભુ ઉપર વિશ્વાસ રાખતાં શિખી છે, એ વાતમાં કંઇ સંશય રહ્યો નથી.

તેથી તે શોકને દિવસે ઘણો આનંદ થયો, કારણ કે, એક તરફ પોતાનાં વહાલાંનું મોત થયુ ખરૂં પણ બીજી તરફ જીવનની આશા પ્રાપ્ત થઇ, એ જીવન આકાશમાંના પ્રભુ પાસેથી મળેલું હોવાથી તેનો કદી અંત આવી શકે નહિ.

રખેને એમેલાઇન મને ન રાખે એમ સમજી શિવરાણી બોલી, "મને તમારી સાથે રહેવા દો. મારાથી તમને ગભરાવાનું કશું કારણ નથી, કારણ કે અહીં આવવા પહેલાં મેં મારાં કપડાં બદલી નાખ્યાં હતાં. મેં એવુ સાંભળ્યુ છે કે એ રોગનો ચેપ કપડાંને લાગે છે અને તેને લીધે ચારો તરફ ફેલાય છે, અને તમે જુઓ છો કે હુ મારી સાથે કઇ પણ સરસામાન કે બીજાં કપડાં લાવી નથી."

એમેલાઇને જાણ્યું કે, આટલી સાવચેતી છતાં આ છોકરીને પોતાના ઘરમાં રાખવામાં જોખમ સમાયલુ છે, છતાં જે છોકરીને એની પાસે મોકલવામાં આવી હતી તેને રાખવાની ના તે પાડી શકી નહિ; તેથી પોતાથી બનતી તમામ સાવચેતી લીધા પછી તેણીએ ઠરાવ કીધો કે આપણે વિશ્વાસ રાખવો ને ગભરાવુ નહિ. આવી રીતે શિવરાણીને એક ખ્રીસ્તી કુટુંબમાં રહેવાનું મળ્યું, અને જે પ્રીતિ અને સારવાર તેની પ્રત્યે દર્શાવવામાં આવ્યાં, તેથી જે કારી ઘા તેનાં ભાઇ-ભોજાઇના મરણથી તેને લાગ્યો હતો તે રૂઝાવા લાગ્યો; અને તેણે મનમાં વિચાર કીધો કે મારાં અડતાં અને વ્હાલામાં વ્હાલાં સગાં ગુજરી ગયાં છે, છતાં મને બીજાં એવાં મળી આવ્યાં છે કે જેની પ્રીતિ તેઓના કરતાં વિશેષ છે, કારણ કે તે પ્રીતિની જડ પ્રભુના પ્રીતિમાં બાઝેલી છે.

છેક પાસેનાં સગાં ઉપર એક કાગળ લખ્યો અને બંધ કરેલા ઘરની કુંચી મોકલાવી દીધી, એવી મતલબથી કે

તેઓ સમજે કે શિવરાણીએ આ દુનિયાની પોતાની સઘ માલમિલ્કત ઉપરથી હાથ ઉઠાવ્યો છે.

તે કાગળનો કંઇ જવાબ ફરી વળ્યો નહિ, તેથી ર માલમ પડયું કે શિવરાણી જેવી એક જુવાન વિધવા ખ્રીસ્તી થઇ જવા નિકળી છે તે છોને જાય! તેનો ? લેવામાં કંઇ માલ નથી. એનાં સગાં વ્હાલાંના મનમાં ? પણ આવ્યું હોય કે તે આપણા સ્વાધીનમાંથી જતી રહી તે કંઇક ખુશી થવા જેવું છે.

શિવરાણીને મન એવું લાગ્યું કે, જે જગતમાં હું અ સુધી રહી હતી, તેમાંથી હુ હવે નિકળી ગઇ છું, અને ? નવી દુનિયામાં મેં પ્રવેશ કર્યો છે. હવે હુ બેધડક ખ્ર વિષે વાંચીશ, તેને વિષે સાંભળીશ, અને તેને વિષે બોલ આ દુનિયાની જંજાળથી જે અતઃકરણ મુક્ત થઇ ગયું છે હવે આકાશી વસ્તુઓ ગ્રહણ કરવાને પૂર્ણ રીતે તૈયાર અને જે રાજા પોતાની રૈયતના અતઃકરણમાં રહેવાનું સ્થ શોધે છે તેને આવકાર આપવાને શિવરાણીના હૃદયમાં તે કાઢેલું તખ્ત તેને મળ્યું. ત્યાં તેના હક વિષે કોઇ તક કરનાર હતું નહિ, પણ જ્યાં સુધી તેને તાબે સઘળું થઇ ત્યાં સુધી તે તેમાં રાજ્ય કર્યા કરે એમ હતું.

પ્રકરણ ૨૦ મું.

સત્યરૂપી અજવાળાની વૃદ્ધિ.

કેટલોક વિચાર અને વાતચિત કર્યા પછી એવુ ઠરાવવ આવ્યું કે શિવરાણીને બાપ્તિસ્મા આપવામાં આવે ત્યાં સુધ એમેલાઇનની સાથે રહે, અને ત્યાર બાદ પોતાના ગુજરા અર્થે જે કામ કરવાનું હતું તેને લગતું શિક્ષણ મેળવવા જ્યાં મોકલવી પડે ત્યાં મોકલી દેવી. તે કામ કયું કરવું ? તે વિષે સવાલ રહ્યો નહોતો. એક વખત એમેલાઇન

વાક્ય વાંચતી હતી, "તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો," ત્યારે શિવરાણી વચ્ચે બોલી ઉઠી, "અરે, હું તે વખતે ત્યાં હોત, અને તે શિષ્યોમાં એક હું હોત તો કેવું સારૂં થાત! એમ હોત તો પ્રભુ ઇસુ મને મોકલત."

તે આજ્ઞા એકલા પ્રાચીન કાળના પ્રેરિતોનેજ માત્ર આપવામાં આવી નહોતી પણ દરેક જમાનાના અને દરેક દેશના સઘળા સાચા શિષ્યોને પણ આપવામાં આવી છે એ વાત આ ચચળ છોકરીના મનમાં ઉતરતાં ઝાઝો વખત લાગ્યો નહિ.

"જેમ બાપે મને મોકલ્યો છે તેમજ હું તમને મોકલું છું"—આ શબ્દો શિવરાણીએ સાંભળ્યા કે તરતજ તેણીએ આતુરતાથી પૂછ્યું, "અને આનો અર્થ શું એમ થાય છે કે, તે મને મોકલે છે? મારા મનમાં હમેશાં આવે છે કે પ્રભુ ઇસુને હું ચાહું છું એમ બતાવવા મારાથી કંઇ બની શકે એવું છે? પણ મારા મનમાં વિચાર આવ્યો કે, હું એટલી નબળી અને અજ્ઞાન છું કે તેની સેવા મારાથી બજાવી શકાય નહિ. જો ઇસુ મને મોકલશે તો તે જ્યાં કહેશે ત્યાં જવાને હું તૈયાર છું."

એમેલાબાઇને ખુશ થઇ જવાબ આપ્યો કે, "મારા મનમાં આ વિચાર વારંવાર આવે છે કે પ્રભુ ઇસુના બે મુખ્ય હુકમ છે. પહેલો એ કે, "આવો," અને બીજો એ કે, "જાઓ." જ્યાં સુધી આપણે તેની પાસે ગયા નથી ત્યાં સુધી આપણાથી બહાર જઇ શકાય નહિ, અને આપણે ખરેખરા તેની આગળ પહોંચ્યા ત્યાર પછી આપણાથી ગયા વગર રહેવાયજ કેમ?"

શિવરાણીએ પૂછ્યું, "એનો અર્થ એ નહિ કે, શરૂઆતમાં આપણે ઘણાં ભૂખ્યાં હોઇએ, અને 'મારી પાસે આવો' એમ પ્રભુ ઇસુને કહેતો સાંભળીએ ત્યારે આપણે તેની પાસે જઇએ; એટલે તે બધી ભૂખ મટાડી દે છે, અને પછી તે કહે છે કે, 'હવે જાઓ, અને બીજા જેઓ ભૂખ્યા હોય તેઓને ભોજન આપો?'"

એમેલાઇને કહ્યું, "હા, એમજ છે. જો તેણે મારી ભૂખ નહિ મટાડી હોત તો તમારી ભૂખ વિષે મને કંઇ કાળજી થાત નહિ; અને હવે તમને એ આત્મિક ભોજનથી તૃપ્ત કીધાં છે એટલે તમારે બીજાઓને ભોજન આપવું જોઇએ. એ પ્રમાણે પ્રભુનુ કામ ઉત્તરોત્તર ચાલ્યું જાય છે, અને એમાં સૌથી મોટો લાભ એ છે કે, આપણા પ્રભુને જેમ જેમ આપણે વધુ પિછાનીએ તેમ તેમ તેને વિષે બીજાઓને બોધ કરવાનુ આપણને વધારે ને વધારે મન થાય. દરરોજ કંઇ નવુ આપણે શોધી કાઢીએ છીએ, એટલે બીજાઓ પણ તે વિષે જાણે એવી ઇચ્છા આપણા મનમાં ઉત્પન્ન થાય છે."

શિવરાણીએ કહ્યું, "હા, પહેલવહેલાં મને વિસામાની જરૂર હતી, તેથી જ્યારે તમે મને કહ્યુ કે પ્રભુ ઇસુ તે આપશે ત્યારે તેને માટે મેં તેને વિનંતિ કીધી, અને જ્યારે તેણે તે મને આપ્યો ત્યારે મારા જીવને એટલો બધો સંતોષ વળ્યો કે મને લાગ્યું કે હવે હુ કોઇ વાતે ઉણી નથી."

એમેલાઇને પુછ્યું, "અને ત્યાર પછી તમને બીજી શાની ખોટ છે તેનો કંઇ વિચાર કીધો?"

શિવરાણીએ જવાબ આપ્યો, "અરે! હા, પ્રભુ ઇસુએ વધસ્તંભ ઉપર મરવાનું શા માટે પસંદ કીધુ તે વિષે તમે મને એક દિવસ કહ્યું હતું તે વાત તમને યાદ છે? મેં તે બધી વાત અગાઉ સાંભળી હતી, અને તે વખતે મારા મનમાં આવ્યું કે પ્રભુ ઇસુ જાણી જોઇને આ દુનિયામાં આવ્યો ને આપણે સારૂ રાજી ખુશીથી દુઃખ સહ્યું તેમાં તેની કેટલી બધી ભલાઇ હતી! પણ એમ કરવાનું કારણ હું તે દિવસેજ સમજી. એનું કારણ એ ન હતું કે એ ભુંડા લોકોના હાથમાં તે સપડાઇ ગયો, અને તેઓએ એને મારી નાખ્યો, અને એ પોતાનો બચાવ કરી શક્યો નહિ; પરંતુ તેનું કારણ એ છે જે, આપણાં પાપને લીધે આપણી અને પ્રભુની વચ્ચે મોટો અંતર પડી ગયો હતો, અને જ્યાં સુધી પ્રભુ ઇસુ આકાશ-

માંથી નીચે આવ્યો ત્યાં સુધી તે અતરાય તોડી નાખવાને બીજા કોઇમાં સામર્થ્ય નહોતું. પછી મને લાગ્યું કે જાણે કોઇએ મારી આંખને સ્પર્શ કીધો હોયની, ને તેથી હું ખુલ્લે ખુલ્લી રીતે જોઇ શકી, અને પાપ એ કેટલું ભયકર છે તે હું સમજી, કારણ કે તેને ટાળવા સારૂ એવા મહાન પુરૂષને પણ ઘણુંજ મુશ્કેલ થઇ પડયું, અને એ વિચારથી હું ઘણી દિલગિર થઇ ગઇ."

એમેલાઇને પુછયુ, "શા માટે? જ્યારે તમે જાણ્યુ કે એક પુરૂષ એવો સમર્થ છે કે તે, તે મોટો અતરાય તોડી પાડવાની શક્તિ ધરાવે છે ત્યારે તમે ખુશી ન થયાં?"

શિવરાણીએ ધીમેથી જવાબ આપ્યો, "હા, જે આનદ મારા અતઃકરણમાં વ્યાપી રહ્યા છે તે તમને કેવી રીતે જણાવવો તેની મને ભાગ્યેજ ખબર છે, પણ તેનો અનુભવ મને થાય છે. મને લાગ્યુ કે જે લોકોએ પ્રભુને વધસ્તંભ ઉપર જડાવ્યો હતો તેમાંની એક હું હતી, અને હું એટલી તો શરમાઇ ગઇ અને દુઃખી થઇ કે મારે તેની માફી માગવી પડી."

એમેલાઇને પૂછયું, "ત્યારે તમે ક્ષમા માગી?" શિવરાણીએ કહ્યું, "હા, મેં તેની આગળ વિનતિ કીધી, પણ તેણે મને તરત જવાબ આપ્યો નહિ. કેટલાક મુદત પછી તમે એક દિવસ મારી આગળ વાંચતા હતાં ત્યારે મારા મનમાં શાંતિ વળી. જે શબ્દો તમારા મોઢામાંથી નિકળ્યા હતા તે મને ચોક્કસ યાદ નથી પણ તે કંઇ આવી મતલબના હતા, "તેણીએ પાપ તો ઘણાં કીધાં છે, પણ મેં તેને માફી આપી છે, કારણ કે તે મારા ઉપર ઘણી પ્રીતિ રાખે છે." અને મારી ખાતરી થઇ કે ઇસુ મને તેના તેજ શબ્દો કહેશે, અને તે ઉપરથી મેં જાણ્યું કે તેણે મને માફી આપેલી છે, અને ત્યારથી મારા જીવને આનંદ થયો છે."

એમેલાઇને કહ્યું, "ત્યારે પ્રભુ ઇસુ વિષે બે વાત તમે શિખ્યાં; એક તો એ કે તે વિસાસો આપે છે, અને બીજી

એ કે તે પાપની માફી આપે છે. આ પ્રમાણે તમો વધુ ને વધુ શિખતાં જશો, કારણ કે જ્યારે જ્યારે આપણને નવી તંગી પડે ત્યારે આપણને ખબર પડે છે કે તે પૂરી કરી શકે છે, અને તેને લીધે તેની પ્રીતિ અને ભલાઈ વિષે આપણે હમેશાં વધુ ને વધુ શિખતાં જઈએ છીએ, અને આ બન્ને વાત સંબંધી જે બધુ શિખવાનું અને અનુભવવાનું છે તેને કંઈ પાર નથી."

આ સાંભળી શિવરાણીએ દિલગિરીથી કહ્યું, "મારા મનમાં વારંવાર એવું આવે છે કે મારો ભાઈ પન્નુલાલ આ બાબતો શિખ્યો હોત તો કેવુ સારૂં થાત! તે મને કહેતો હતો કે તમે જે ચોપડી વાંચો છો તે મારી પાસે છે અને ઈસુ ખ્રીસ્ત વિષે હું ઘણું જાણું છું. પણ મને તાજુબી લાગતી હતી કે એમ કેમ હોય, કારણ કે વધુ શિખવાની તેની કાળજી કે મરજી હોય એમ લાગતું નહોતું. આવી આશ્ચર્યકારક બાબતો વિષે મારો ભાઈ જાણતો હતો તે છતાં તેની તે દરકાર કરે નહિ એમ કેમ બને, અને મારે કોઈને કહેવું નહિ તેવી પ્રતિજ્ઞા મારી પાસેથી લેવાનું કારણ શું, તે મને સમજાવો."

એમેલાઈને પ્રેમપૂર્વક કહ્યું, "બેટી, તારા ભાઈ જેવા ઘણાઓ છે જેઓ પ્રભુ ઈસુ વિષે વાંચે છે અને સાંભળે છે, અને એઓમાંના કેટલાક એવા છે કે જે તેઓ વાંચે છે તે સત્ય છે એમ પણ માને છે, પણ તેની ખાતર ખુશીથી દુઃખ ઉઠાવવા જેટલી તેના ઉપર પ્રીતિ હોતી નથી."

શિવરાણી આશ્ચર્યથી બોલી, "પણ એમ બને કેમ? જ્યારે પ્રભુ ઈસુએ આપણી ખાતર આટલું બધું દુઃખ સહન કીધું ત્યારે આપણે કોનાથી ગભરાવાનું છે? કોઈ કોઈ વાર મારા મનમાં થઈ આવે છે કે તેને માટે કંઈ પણ અઘરૂં કામ કરવાનું મને મળે તો કેવું સારૂં થાય, કારણ કે અત્યાર સુધી મને કંઈ મુસીબતવાળું કામ મળ્યું નથી. પ્રભુ ઈસુથી

મારો ભાઇ શરમાતો હતો તે કારણને લીધે તે એમ વર્તતો હશે એવું તમને લાગે છે શું ?"

શિવરાણીની આતુરતા જોઇને એમેલાઇનની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં; દિલસોજીથી તેણે જવાબ આપ્યો "બેટી, તારો ભાઇ પોતાના અતઃકરણમાં શું માનતો હતો અને તેને કેવી લાગણી થતી હતી તે જાણવા જેટલો તેની સાથે મને પરિચય નહોતો, પણ આટલું તો હું જાણું છુ કે તે ખ્રીસ્તને પ્રગટ રીતે કબૂલ કરે તેને માટે ઘણી ઘણી પ્રાર્થનાઓ કરવામાં આવી હતી, અને કદાચ કોઇ દિવસ આપણે જાણીશું કે આપણી પ્રાર્થનાઓ સ્વીકારાઇ છે. વધસ્તંભ ઉપરના ચોરની વાત તમને સ્મરણ નથી ?"

શિવરાણી ખુશીથી બોલી ઉઠી, "હા, હા. અને તમે એમ ધારો છો કે જ્યારે પટ્ટનલાલ મરવાની તૈયારીમાં હતો ત્યારે તેણે પ્રભુ ઇસુને કહ્યું હશે કે, 'તું મને સંભારજે.' પરંતુ જો તે તેને લીધે શરમાયો હોય તો તે એવી વિનંતિ કેમ કરે ?"

એમેલાઇને તરત જવાબ દીધો નહિ; થોડીવાર પછી તે બોલી, "બેટી, આપણો મહિમાવાળો પ્રભુ કે જે આપણી ખાતર આવી નામોશી સહન કરવા તૈયાર થયો, તેનાથી શરમાવું એમાં મોટો દોષ તો ખરો, પણ યાદ રાખવુ જોઇએ કે કોઇ પણ પાપ એવુ નથી કે જેની માફી ઇસુ આપી શકે નહિ; અને આપણે ખાતરીથી માનવું જોઇએ કે જો પટ્ટનલાલે પોતાનું પાપ કબૂલ કર્યું અને તેની ક્ષમા માગી તો પ્રભુ ઇસુ તેના પર કૃપા રાખ્યા વગર રહ્યા નહિ હોય.

આ ઉપરથી શિવરાણીના મનને દિલાસો મળ્યો, અને તેના મનમાં આશા ઉપજવા લાગી કે, આખરે પ્રભુને ઘેર ફરીથી મને મારા ભાઇ સાથે મેળાપ થશે.

પ્રકરણ ૨૧ મું.

"જે સ્તુત્યર્પણ ચઢાવે છે તે મારો મહિમા પ્રગટ કરે છે."

તે દિવસે મિ. સિંહના ઘરમાં સભા મળવાની હતી. તે કંઇ સાધારણ પ્રસંગ નહોતો, કેમકે પહેલી સભા મળેલી તેનો વાર્ષિક ઉત્સવ હતો, અને તે સભાનું મુખ્ય કામ પ્રભુની સ્તુતિ કરવાનું હતુ; એટલે ગત વર્ષમાં પ્રભુએ તેમને વાસ્તે જે જે કીધુ હતું તે સંભારતાં પ્રભુનો મોટો આભાર માનવાનો હતો એને તેની સ્તુતિ કરવાની હતી.

શિવરાણી તે પ્રસગે હાજર હતી, ને તેના ચહેરામાં ઘણો આનંદ દેખાઇ આવતો હતો, કારણ કે ગયે વિશ્રામવારે તેણીએ ખ્રીસ્ત ઉપર પોતાના વિશ્વાસની જાહેર કબુલાત કીધી હતી, અને ખ્રીસ્તની દૃષ્ય મડળીમાં તેણીને દાખલ કરવામાં આવી હતી. તેણીને પોતાને વાસ્તે પ્રભુની ઘણી સ્તુતિ કરવાની હતી એટલુંજ નહિ, પણ તેનાં ખ્રીસ્તી ભાઇબેનો તેને જોઇને અને કેવી રીતે અંધારામાંથી પ્રભુના અજવાળામાં તેને આણવામાં આવી તે યાદ કરીને તેઓએ પ્રભુનો ઘણો ઉપકાર માન્યો. અને તેઓને ખાતરી થઇ કે જેઓ પ્રભુને તેના કામને અર્થે પોતાનું સ્વાર્પણ કરે છે તેઓનો ઉપયોગ પ્રભુ કરવાને રાજી છે.

પણ પ્રભુની જે ઉપકારસ્તુતિ કરવામાં આવી તે જેઓ હિન્દુ ધર્મમાંથી ખ્રીસ્તી ધર્મમાં આણવામાં આવ્યા હતા તેઓલાનેજ માટે નહોતી. ત્યાં કેટલાએક હતા કે જેઓ પોતાના અનુભવ પરથી સાક્ષી આપી શકતા હતા કે, અમે પહેલ વહેલાં માત્ર નામનાં ખ્રીસ્તી હતાં, પણ હવડે અમે ખ્રીસ્તની સાથે નિકટના સંબંધમાં આવ્યા છીએ. અને બીજા કેટલાએક એવા હતા કે જેઓ પહેલાં ખ્રીસ્તથી વેગળા રહીને અધુરી રીતે ધર્મ પાળતા હતા, પણ હવડે તેની

બધી આજ્ઞાઓ પૂર્ણ રીતે પાળ્યાથી કેવો આનંદ થાય છે તેનો અનુભવ પામતા હતા. બીજાઓ, પોતાના પ્રભુ ઇસુની સેવામાં જે સંતોષ તેઓને મળ્યો હતો તે વિષે બોલ્યા. તેઓએ કહ્યું કે, અગાઉ અમે ધારતા હતા કે એ સેવામાં માત્ર થોડાનેજ બોલાવવામાં આવ્યા હતા, પણ અમને પાછળથી ખબર પડી કે એ માનવનો હક તો ખ્રીસ્તને માનનારા બધાનો છે, ને આપણો પ્રભુ પોતે "સેવા કરાવવાને આવ્યો નહોતો, પણ સેવા કરવાને માટે આવ્યો હતો."

એક બીજો ભાઇ "ખ્રીસ્તી" એ શબ્દાના અર્થમાં પોતે જે મોટી શોધ કીધી હતી ને વિષે બોલ્યો. તેણે કહ્યું, "મને લાગે છે કે જેમ કોઇ અધ પુરૂષ ફળ ફૂલથી ભરપૂર વાડીની વચમાં ચાલતો હોય, અને પોતાના અંધાપાને લીધે તે એમ ધારે કે હું એક ઉજડ જંગલમાં મુસાફરી કરૂં છું— આસપાસ જલાશયો છતાં તરસથી મરે છે; આસપાસ હાથ પહોંચે એટલાંજ ઉંચાં સ્વાદિષ્ટ ફળો લટકતાં છતાં ભૂખથી હેરાન થાય છે, તેના જેવો હુ હતો. હવે પ્રભુનો ઉપકાર માનું છું કે મારી આંખ ઉઘાડવામાં આવી છે અને હુ જોઉં છું કે, જ્યારે આકાશના રાજાનાં છોકરાં થવા આપણને બોલાવ્યા છે ત્યારે પ્રભુની તમામ દોલત આપણે વાસ્તે છે, માટે જો આપણે અધુરા અને નબળા રહીએ તો તેના નામને આપણે બટ્ટો લગાડનારા થઇએ છીએ."

મિ. સિંહે ઉઠીને કહ્યું, "મારે પ્રભુનો પાડ માનવો જોઇએ કે, અગાઉના કરતાં વધારે દૂર જોવાની શક્તિ પ્રભુએ મને આપેલી છે, ને તેથી ભવિષ્યનો મહિમા જે આપણને મળવાનો છે તેનું સંદર્શન મને થાય છે. હાલની અવર્ણનીય આશિષો જે આપણો પ્રભુ આપણા ઉપર વરસાવે છે, તેમાં આપણે આનંદ માનીએ છીએ, ત્યારે તેણે આપણને સનાતન મહિમાને માટે બોલાવ્યા છે અને તેના તખ્ત ઉપર તેની સાથે આપણે બેસવાના છીએ એ વાત આપણે ભુલી જવી

જોઇતી નથી. ટુંકામાં કહેવાનું એટલુંજ કે, જે જે વાનાં બાપ પોતાના વહાલા દીકરાને આપે છે, તેમાં આપણને ભાગીઆ કરવા તે ઇચ્છે છે, કારણ કે શું આપણે પ્રભુના વારસો અને ઇસુ ખ્રીસ્ત સાથે સહવારસો નથી?"

"ઓ ભાઇઓ અને બેનો, જે પ્રકાશનાં કિરણો પ્રભુના રાજ્યાસનમાંથી નિકળે છે તે આપણા સર્વ માર્ગ પર પડવા દઇએ! હાલનો આનંદ અને પ્રભુના મહિમાની આશા આપણે એવી રીતે પ્રગટ કરીએ કે આપણી આસપાસના લોકો પ્રભુ તથા તેના મહિમા તરફ આકર્ષાયા વિના રહેજ નહિ! કારણ કે એકલા પ્રભુના આનંદમાં દાખલ થવાથી આપણે સંતોષ માનવો નહિ, પણ તેના નામના મહિમાને માટે અને જેઓને બચાવવાને તેણે પોતાનું લોહી વહેવડાવ્યું તેઓના અનંત લાભને માટે, બીજાઓને તેની મંડળીમાં દાખલ કરવાની કોશિશ કરવી જોઇએ; કારણ કે એવું લખેલું છે કે, "જેઓ સુજ્ઞ છે તેઓ અતરિક્ષના પ્રકાશની માફક, અને ઘણાઓને નેકીમાં વાળી લાવનારાઓ સદાસર્વકાળ તારાઓની માફક પ્રકાશશે."

સમાપ્ત.